**આજનો સુવિચાર**

જીવનમાં એ જ સંબંધ સાચો છે જે, પીઠ પાછળ પણ આદર આપે છે!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૮૯ જૂનાગઢ તા.૨૦-૧૧-૨૦૨૪ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 289, Junagadh : Date : 20 November, 2024, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# મહારાષ્ટ્ર - ઝારખંડ વિધાનસભાની ચૂંટણીમાં ઉત્સાહભેર મતદાન : સાંજે એકઝીટ પોલ



મુંબઈ/રાંચી : તા.૨૦ દેશમાં રાજકીય રીતે અત્યંત પ્રતિષ્ઠાનો જંગ બની ગયેલ મહારાષ્ટ્ર અને ઝારખંડમાં વિધાનસભા ચૂંટણીનું મતદાન શરૂ થયુ છે. મહારાષ્ટ્રની તમામ ૨૮૮ બેઠકો ઝારખંડમાં બીજા તબકકાની ૩૮ બેઠકો ઉપરાંત ચાર રાજયોની ૧૫ વિધાનસભા બેઠકોમાં પેટાચૂંટણી પણ યોજાઈ રહી છે. સજજડ સુરક્ષા વચ્ચે દિગ્ગજ નેતાઓએ વહેલી સવારમાં જ મતદાન કરી લીધુ હતુ.

મહારાષ્ટ્રમાં વિધાનસભાની ૨૮૮ બેઠકો માટે આજે એક જ તબકકામાં મતદાન યોજાઈ રહ્યું છે. ભાજપ, એકનાથ શિંદે તથા અજીત પવારવાળી મહાયુતિ સામે કોંગ્રેસ-શરદ પવાર અને ઉધ્ધવ ઠાકરેની મહાવિકાસ અઘાડી વચ્ચે સીધો નિર્ણાયક જંગ છે. આજે સવારથી મતદાન શરૂ થતાની સાથે જ મતદારો ઉત્સાહભેર ઉમટયા હતા અને ઠેકઠેકાણે લાઈનો જોવા મળી હતી, દિગ્ગજ નેતાઓ, ફિલ્મી સિતારા, ઉદ્યોગપતિઓ સહીતનાં સેલીબ્રીટીઓએ મતદાન કર્યુ હતુ.

સંઘવડા મોહન ભાગવત, શરદ પવાર, અજીત પવાર, સુપ્રિયા સુલે, સચીન તેંડુલકર, અક્ષયકુમાર, વગેરેએ મતદાન કર્યુ હતુ. રાજયની ૨૮૮ બેઠકો પર કુલ ૪૧૨૬ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે અને ૯.૭૦ કરોડ મતદારો આ ઉમેદવારોનું ભાવિ નકકી કરશે બસપા પણ ૨૩૭ બેઠકો પર ચૂંટણી લડી રહી છે.ઉપરાંત અન્ય નાના પક્ષો પણ મેદાનમાં છે.

વિધાનસભા ચૂંટણી મતદાન શાંતિપૂર્ણ રહે તે માટે રાજયભરમાં બે લાખ સુરક્ષા કર્મીઓનો જડબેસલાક બંદોબસ્ત રાખવામાં આવ્યો છે.

બીજી તરફ ઝારખંડમાં પણ બીજા તબકકાની બાકીની ૩૮ બેઠકો પર આજે મતદાન યોજાય રહ્યું છે. રાજયમાં ભાજપ તથા સોરેનના જેએમએમ વચ્ચે સીધો જંગ છે.

## રશિયા યુક્રેન પર પરમાણુ હુમલો કરશે ? સમગ્ર વિશ્વમાં ખળભળાટ

નવી દિલ્હી, તા.૨૦ યુક્રેન અને રશિયા વચ્ચેનું યુદ્ધ હવે ભયંકર વળાંક લેવા જઈ રહ્યું છે અને વિશ્વને ત્રીજા વિશ્વ યુદ્ધનો ખતરો છે. રશિયાએ બેલેસ્ટીક મિસાઈલ હુમલાનો જવાબ પરમાણુ હુમલાથી આપવાની જાહેરાત કરી છે. આવી સ્થિતિમાં સવાલ ઉઠી રહ્યો છે કે શું હવે રશિયા યુક્રેન પર પરમાણુ હુમલો કરશે ? નિષ્ણાંતો કહી રહ્યા છે કે યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ બેલેસ્ટીક મિસાઈલ હુમલો કરીને લક્ષ્મણ રેખા પાર કરી છે. આ જ કારણ છે કે હવે યુરોપીયન દેશો પરમાણુ યુદ્ધના ખતરાને લઈને સતર્ક થઈ ગયા છે. નોર્વે-ફિનલેન્ડ-ડેનમાર્કમાં લોકોએ ખાદ્યપદાર્થો અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓ એકત્રિત કરવાનું શરૂ કરી દીધું છે. તે જ સમયે, રશિયામાં ન્યુકલિયર પર-રેઝિસ્ટન્ટ મોબાઈલ બંકર બનાવવાનું કામ પણ શરૂ થઈ ગયું છે.

રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધને એક હજાર દિવસ વીતી ગયા છે. આ યુદ્ધ યુરોપિયન દેશોના તણાવમાં સતત વધારો કરી રહ્યું છે. હાલમાં જ અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેને યુક્રેનને રશિયા પર લાંબા અંતરની મિસાઈલોથી હુમલો કરવાની મંજૂરી આપી છે. એટલે કે યુક્રેનને રશિયાની અંદર હુમલા માટે સુપરસોનિક મિસાઈલ ટેકટિકલ મિસાઈલ સિસ્ટમનો ઉપયોગ કરવાની મંજૂરી મળી ગઈ છે. અમેરિકાના આ નિર્ણય બાદ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનનો ગુસ્સો સાતમા આસમાને પહોંચી ગયો હતો અને પુતીને પરમાણુ હુમલાના નિયમો પણ બદલી નાખ્યા છે. પુતિને જાહેરાત કરી છે કે જો યુક્રેન બેલેસ્ટિક મિસાઈલ છોડશે તો પરમાણુ હુમલો કરવામાં આવશે.

## વિશ્વનાં ૧૦૦ સૌથી પ્રદૂષીત શહેરોમાં ભારતનાં ૩૯

નવી દિલ્હીઃ દેશનું પાટનગર પ્રદુષણની ગંભીર સમસ્યાનો સામનો કરી રહ્યું છે અને હવે સરકારી કચેરીઓમાં પણ અડધાથી વધુ સ્ટાફને વર્ક ફ્રોમ હોમની સૂચના આપવી પડી છે પણ ફકત દિલ્હી જ નહી. દેશના મોટાભાગના મહાનગરો, શહેરો પ્રદુષણથી ઘેરાઈ રહ્યું છે. તાજેતરમાં જ વિશ્વના ૧૦૦ સૌથી વધુ પ્રદુષીત શહેરોની જે યાદી જાહેર થઈ છે તેમાં ૩૯ શહેરો ભારતના હોવાનો ઘટસ્ફોટ થયો છે. દિલ્હીમાં તો પ્રદુષણનો આંક ૫૦૦ને વટાવી ગયો છે જે અત્યાર સુધીનો એક મોટો રેકોર્ડ છે પણ સ્ટાન્ડર્ડ એન્ડ પુઅર્સના ગ્લોબલ મોબીલીટી વેબ પ્રેઝન્ટેશનમાં ભારતના આ ૩૯ શહેરોની યાદી અપાઈ છે.

હરસ,ભગંદર,ફીશરની ગુજરાતમાં સૌપ્રથમ અમેરીકન હાર્મોનિક સ્કેલ્પલ, લેસર-HAL-IRC દાખલ થયા વિના સારવાર
ડૉ. વેકરીયા-પાઈલ્સ હોસ્પિટલ
રાજકોટ
ગરીબ દર્દીઓને રાહતદરે સારવાર

ધમાકા એક્ષચેન્જ ઓફર
તમારૂ જુનું ફર્નિચર આપી જાવ
નવું ફર્નિચર લઈ જાવ
આ ઓફર ટુંક સમયમાં માટે જ છે

બેડરૂમ સેટ / મોડયુલર કિચન / સોફા સેટ / ઓફીસ ફર્નિચર / આકર્ષિત પડદા / વોલપેપર

PARDAWALA
શું તમે તમારા બજેટમાં દિકરા-દીકરી ના લગ્ન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
શું તમે તમારા બજેટમાં ઘર માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
શું તમે તમારા બજેટમાં ઓફિસ કે દુકાન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
શું તમે તમારા બજેટમાં પડદા, વોલપેપર કે કારપેટ ખરીદવા માંગો છો...?
જો હા... તો હવે
જૂનાગઢ શહેરમાં અમો લાવ્યા છીએ તમારા બજેટમાં તમામ પ્રકારનું ફર્નિચર જે તમારી ઈચ્છા મુજબનું બનાવી આપશું અને તૈયાર પડદા, ગાદલા, વોલપેપર કારપેટ તેમજ પડદા નું કાપડ ખુબજ સસ્તા ભાવમાં મળશે. માટે આજે જ અમારા શો રૂમની અવશ્ય મુલાકાત લેશો.
સી.સી. પડદાવાલા
તળાવ દરવાજા ફાટક પાસે, સહયોગ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧. મોબાઈલ : ૯૯૭૮૬ ૫૪૧૫૫

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.
ટુવ્હીલરનું લાયસન્સ હોવું જરૂરી

CARE+ LABORATORY
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : 24x7
8005 70 8005
અમારી બીજી બ્રાન્ચ
અક્ષર આઈકોન, ગ્રાઉન્ડ ફ્લોર, ગંગા પાર્ક, કે.જે. કેન્સર હોસ્પિટલની બાજુમાં, ઝાંઝરડા બાયપાસ રોડ, જૂનાગઢ
હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ
CBC - લોહીના કણોની તપાસ
RBS - સુગરની તપાસ
HbA1c - સરેરાશ સુગરની તપાસ
Lipid Profile - લોહીમાં ચરબીની તપાસ
SGPT & SGOT - લીવરની તપાસ
Creatinine - કિડનીની તપાસ
Uric Acid - સાંધાના દુખાવાની તપાસ
TSH - થાઈરોઈડની તપાસ
Vitamin B12 - વિટામીન બી૧૨ ની તપાસ
749/- કિંમત 2870/-
હેલ્થ ચેકઅપ એડવાન્સ કેમ્પ
હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ +
Vitamin D - હાડકાના વિટામીન ડી ની તપાસ
Electrolytes (Na,Cl,K) - સોડીયમ,ક્લોરાઈડ અને પોટેશિયમ નું લેવલ
I.Calcium - ફ્રી કેલ્શીયમ નું લેવલ
Ferritin - શરીરમાં લોહતત્વનું પ્રમાણ
T3 T4 TSH - થાઈરોઈડની સંપૂર્ણ તપાસ
1349/- કિંમત 5060/-
સચોટ નિદાન માટે ૧૨ કલાક ભૂખ્યા પેટે લોહી આપવું અનિવાર્ય છે.
કેમ્પ : દર બુધવારે અને રવિવારે સવારે ૮.૩૦ થી બપોરના ૧૨.૦૦
કેમ્પ સ્થળ :- કેર + લેબોરેટરી, ડૉ. કાઝી સાહેબની જૂની હોસ્પિટલ, ચીતાખાના ચોક પાસે, જૂનાગઢ - ૩૬૨ ૦૦૧.

હાર્દિક શુભેચ્છા....
એક્ટિવ ઓર્થોપેડીક હોસ્પિટલ
ડૉ. નિકુંજ ઠુંમર - જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોપેડીક સર્જન - +૯૧ ૯૦૯૯૯૮૮૯૧૦
ડૉ. મૌલિક ભાલોડીયા - જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોપેડીક સર્જન - +૯૧ ૯૦૯૯૯૮૯૯૧૦
માતૃત્વ વુમન્સ હોસ્પિટલ
DEDICATED TO WOMEN'S HEALTH
ડૉ. ઋજુલબેન ગજેરા ઠુંમર
M.B.B.S., M.B.D.G.O. ગાયનેક (સ્ત્રી રોગ નિષ્ણાત)
સ્ત્રી રોગ, પ્રસુતિ તથા વંધ્યત્વ નિષ્ણાંત
+ ૯૧ ૭૦૧૬૪૨૨૯૮૦
આસ્થા કોમ્પ્લેક્ષ, કાકા કોમ્પ્લેક્ષની બાજુમાં, ઝાંસીની રાણીના પુતળાની સામે, સરદાર બાગ, જૂનાગઢ


સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે
અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો
તમે જ કહેશો કે વાહ ભઈ વાહ
મોરો સોપારી કટીંગ
૧ કિલોના ફકત રૂા.૬૦૦
આ રીટેઈલ માટે છે
આ ખોટા વખાણ નથી હો..
આપ નજરે નિહાળો પછી તમે જ કહેશો કે વાહ..ભાઈ વાહ..
સૌરાષ્ટ્ર ભૂમિ બ્યુરો ઓફીસ
ગુલબાવાડી નજીક, ખોજાવાડ ચોક પાસે, જૂનાગઢ
મો.૯૩૭૬૬૦ ૫૫૬૨

શંખ બ્રાન્ડ મસાલા
Since 1983
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું • હળદર • ધાણાજીરૂ • ગરમ મસાલો

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
(પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે)
અન્યો માટે રાહતદરે સારવાર
હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેક્ટલ સર્જન
ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ૧૦૦% સારૂ થવાની ગેરંટી
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીક્સના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોનઃ (૦૨૮૫) હો. ૨૬૨૨૫૯૪, મો. ૯૨૬૫૦ ૬૪૬૭૪, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આયુર્વેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીએ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટી લ્યો.. સંક્રમણથી બચો
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

"Chiropratic" ગરદન સંબંધિત માથાનો દુઃખાવો ઘટાડવામાં મદદ કરે છે. તમારી મુદ્રામાં સુધારો કરે છે. પીડા ઘટાડે છે અને તમારી કરોડરજ્જુ અને અન્ય સાંધાઓની ગતિની શ્રેણીમાં સુધારો કરે છે. અસ્થિવા જેવી ક્રોનિક સ્થિતિના લક્ષણો ઘટાડે છે. ગરદન અથવા કરોડરજ્જુની નાની ઈજાઓ, ખાસ કરીને વ્હીપ્લેશની સારવાર કરે છે.
"Tera- Herts" ટેરાહર્ટ્ઝ આવર્તન સામાન્ય શારીરિક કોષોની સમાન આવર્તન પર વાઈબ્રેટ કરે છે, તેથી તે તમારી રોગ પ્રતિકારક શક્તિને વેગ આપે છે, કોષોમાં ચયાપચયની પ્રવૃતિમાં વધારો કરે છે, સેલ્યુલર ઓક્સિજનેશનમાં વધારો કરે છે તેમજ રક્ત પ્રવાહમાં વધારો કરે છે.
"Kashya Therapy" શરીરની ગરમી ઘટાડે છે. આંખોમાં થતી બળતરા મટાડે છે. રક્ત પરિભ્રમણ સુધારે છે.
"Accupressure" ચોક્કસ ચેતાને ઉત્તેજીત કરવાથી પીડાની સંવેદના ઘટાડવામાં મદદ મળી શકે છે. સંશોધકો એ પણ જોયુ કે એક્યુપ્રેશર સ્ટ્રેસ હોર્મોન કોર્ટિસોલનું સ્તર ઘટાડે છે. તે એન્ડોર્ફિન્સનું સ્તર પણ વધારે છે. જે રસાયણોનું સ્તર પણ વધારે છે. જે રસાયણો છે. જે મુડને વેગ આપે છે. અને પીડાને લાગણી ઘટાડે છે. છેલ્લે, એક્યુપ્રેશર રક્ત પરિભ્રમણને સુધારી શકે છે.
KHUSHI WELNESS Ayurvedic-Herbal
Chiropratic & Bone Setting
યુસુફજય આઝીલ જહુરખાન (M.D.CH.T.) (અપોઈન્ટમેન્ટ લેવી ફરજીયાત)
સ્નાયુના દુઃખાવા તથા સાંધાના દુઃખાવા કમર, ઘુટણ, ખંભા, ગરદન, સાયટીકા, ગાદી ખસી જવી
મો. ૯૮૨૪૨ ૦૦૫૩૩, ૭૫૭૫૮ ૯૧૦૬૮
ચિતાખાના ચોક, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, દુકાન નં. ૩૦૪, ત્રીજો માળ, જૂનાગઢ.



ડિજિટલ ધરપકડ એક છેતરપિંડી છે
નકલી વિડીયો કોલ્સથી સાવધાન રહો
નકલી પોલીસ, સીબીઆઈ, કસ્ટમ વિભાગ અથવા અન્ય સરકારી વિભાગો તમારા કોલ પર ધરપકડ કરતા નથી
ગૃહ મંત્રાલય MINISTRY OF HOME AFFAIRS
Indian Cyber Crime Coordination Centre
થોભો, વિચારો, પગલા લો
www.cybercrime.gov.in અથવા ૧૯૩૦ પર તમારી ફરીયાદ નોંધાવો.
વધુ જાણકારી માટે સાયબર મિત્રને ફોલો કરો
CBC 19101/13/0020/2425

# જૂનાગઢ શહેરના વિવિધ વોર્ડ ખાતે ૭૦ વર્ષ અને તેનાથી વધુ ઉંમરના શહેરી નાગરિકો માટે “આયુષ્યમાન વય વંદના કાર્ડ” માટે કેમ્પનું આયોજન

**મહાનગરપાલિકા, જૂનાગઢમાં નોંધાયેલ મિલ્કત ધારકો દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ અથવા વર્ષ ૨૦૨૪-૨૫ના વર્ષનો મિલ્કત વેરો ભરપાઈ કરેલ હોય તેઓને કચરાની વિના મુલ્યે ૨-નંગ ૧૦ લીટર ડસ્ટબીન(બ્લુ અને લીલી)નું વિતરણ**

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૦

હાલમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના” અંતર્ગત રૂા.૧૦ (દસ) લાખનો વાર્ષિક કૌટુબીક આરોગ્ય વીમો મેળવવાની યોજના અમલમાં છે. આ યોજના અંતર્ગત “આયુષ્યમાન કાર્ડ” યોગ્યતા ધરાવતા નાગરિકોને આપવામાં આવે છે. આ યોજના ઉંમર લાયક નાગરિકોને સરળતાથી આરોગ્ય વીમો પ્રાપ્ત થાય તે માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા તા.૨૯/૧૦/૨૦૨૪ના રોજ ૭૦ વર્ષ અને તેથી વધુ ઉમર ધરાવતા નાગરિકોને આવકની મર્યાદા ધ્યાનમાં લીધા વગર આયુષ્યમાન કાર્ડ આપવાનો અમલ શરુ કરવામાં આવેલ છે. જે અંતર્ગત મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા ત્વરિત અમલવારી કરવાની સુચના અન્વયે ધારાસભ્ય સંજય કોરડીયાના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ શહેરમાં વોર્ડ નં.૧ તા.૨૧/૧૧/૨૦૨૪ અવસર પાર્ટી પ્લોટ બેંક ઓફ બરોડા સામે દોલતપરા, વોર્ડ નં.૨, તા.૨૧/૧૧/૨૦૨૪ આદીત્યેશ્વર મહાદેવ મંદિર આદિત્યનગર જોષીપુરા વોર્ડ-૪માં તા.૨૨/૧૧/૨૦૨૪ આત્મિય સંસ્કાર કેન્દ્ર-જીનીયસ સ્કૂલની સામે ખલીપુર મેઈન રોડ જોશીપુરા વોર્ડ નં.૭ તા.૨૫/૧૧/૨૦૨૪ શિવમ પાર્ટી પ્લોટ ઝાંઝરડા રોડ વોર્ડ નં.૯ તા.૨૨/૧૧/૨૦૨૪ ટેલીફોન એક્સચેન્જ ગેંડા રોડ ઉપર આંબેડકર ભવન અને વોર્ડ નં.૧૧ તા.૨૫/૧૧/૨૦૨૪ નર્મદેશ્વર મહાદેવ મંદિર લોઢિયા વાડી પાસે, વોર્ડ નં.૫ તા.૨૬/૧૧/૨૦૨૪ યમુના વાડી,ઝાંઝરડા રોડ,જુનાગઢ, વોર્ડ નં.૧૨ તા.૨૬/૧૧/૨૦૨૪ અર્બન હેલ્થ સેન્ટર ટીંબાવાડી, જૂનાગઢ ખાતે આયોજન કરવામાં આવેલ છે, જેમની પાસે પહેલાથી આયુષ્યમાન કાર્ડ છે, તેવા વડીલો સિવાયના નાગરિકોને આયુષ્માન વય વંદના આયુષ્યમાન કાર્ડ (આધારકાર્ડ અને આધાર કાર્ડ સાથે લિંક મોબાઈલ સાથે રાખવો) તેમજ જેમનું આયુષ્યમાન કાર્ડ રીન્યુ કરવાનું હોઈ તે ૪૮ કલાક પહેલાના આવકના દાખલા વડે રીન્યુ કરી આપવામાં આવશે તેમજ બીપી અને ડાયાબીટીસની તપાસ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. મહાનગરપાલિકા, જૂનાગઢમાં નોંધાયેલ મિલ્કત ધારકો કે જેને વર્ષ:૨૦૨૩-૨૪ અથવા વર્ષ:૨૦૨૪-૨૫ના વર્ષનો મિલ્કત વેરો ભરપાઈ કરેલ છે.તે તમામ મિલ્કત ધારકોને મહાનગરપાલિકા, જૂનાગઢ તરફથી મિલ્કત વેરો ભર્યાની ઓરીજનલ પહોંચ અથવા ઓનલાઈન માધ્યમથી મિલકત વેરો ભરેલ હોય તેવા કિસ્સામાં ઓનલાઈન મિલકત વેરો ભર્યાની પહોંચ અને આધાર કાર્ડની ઝેરોક્ષ રજુ કર્યેથી જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા સુકો કચરો અને ભીના કચરાની વિના મુલ્યે ૨-નંગ ૧૦ લીટર ડસ્ટબીન (બ્લુ અને લીલી)નું ઉપરોક્ત સ્થળ ઉપર જ વિતરણ કરવામાં આવશે. સરકારની ગાઈડ લાઈન મુજબ જૂનાગઢ મહાનગર પાલિકા દ્વારા શહેરમાં આધાર કાર્ડ E-KYC ની કામગીરી હાલ ઝુંબેશ રૂપ ચાલી રહેલ છે. જે કામગીરીના ભાગ રૂપે ઉપરોક્ત કેમ્પમાં આધાર કાર્ડ E-KYCની કામગીરી પણ સાથે સાથ કરવામાં આવશે. જેના માટે કેમ્પમાં આવતા લાભાર્થીઓએ પોતાનું આધાર કાર્ડ અને રાશન કાર્ડ તથા આધાર કાર્ડ સાથે જે મોબાઈલ નંબર લીંક હોય તે મોબાઈલ ફોન સાથે રાખવાનો રહેશે. ઉપરોક્ત તમામ સેવાઓ મહાનગર પાલિકા, જૂનાગઢ દ્વારા વિનામૂલ્યે આપવામાં આવશે. જેમાં સૌ લાભાર્થીઓએ બહોળી સંખ્યામાં લાભ લેવા માટે મહાનગર પાલિકા જૂનાગઢ દ્વારા અપીલ કરવામાં આવે છે.

# જૂનાગઢના જવાહર રોડ સ્થિત સ્વામિનારાયણ મુખ્ય મંદિર ખાતે સદગુરૂ નેત્રયજ્ઞ યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૦

રાજકોટના પ.પૂ. શ્રી રણછોડદાસબાપુ આશ્રમ દ્વારા જૂનાગઢ સ્વામિનારાયણ મુખ્ય મંદિર, જવાહર રોડના સહ્યોગ, સહકાર થકી દર માસની તા.૨૨ના રોજ કેમ્પનું આયોજન કરવામાં આવે છે. કેમ્પનો સમય સવારે ૯-૦૦ થી ૧૧-૩૦ વાગ્યા સુધી. સ્વામિનારાયણ મુખ્ય મંદિર, જવાહર રોડ ઉતારા વિભાગમાં હોય છે. કેમ્પમાં ડોકટરને બતાવ્યા પછી જો આંખમાં મોતિયો હોય તો કેમ્પના સ્થળ થી પ.પૂ. સદ્‌ગુરૂ રણછોડદાસજી, રાજકોટ હોસ્પિટલમાં લઈ જવાની વિનામૂલ્યે સેવા આપવામાં આવે છે. ઓપરેશન ફેકો મશીન દ્વારા ટાંકા વગરનું સારામાં સારા સોફ્ટ ફોલ્ડેબલ લેન્સ(નેત્રમણી) સાથે વિનામૂલ્યે કરી આપવામાં આવશે અને ઓપરેશન થઈ ગયા બાદ બીજા દિવસે દર્દી ભગવાનને જૂનાગઢ કેમ્પના સ્થળે વિનામૂલ્યે પરત મૂકી જવામાં આવશે. આ કેમ્પને સફળ બનાવવા માટે બાબુભાઈ ચૌહાણ તથા મનુભાઈ સોની, માધવ સોની, દિલીપ ચૌહાણ, નટુભાઈ ટાંક, વિરમભાઈ મંત્રી, લવજીભાઈ ટાંક, લક્ષ્મીદાસભાઈ ટાંક, રમેશભાઈ મીસ્ત્રી, દિલીપભાઈ મારૂ, રાજુભાઈ ઉનડકટ અને બાલાભાઈ તન્નારાણા સર્વે જહેમત ઉઠાવી રહેલ છે. તો આ કેમ્પનો લાભ લેવા નમ્ર વિનંતી કરવામાં આવી છે તેમ એક યાદીમાં જણાવેલ છે.

# ખંભાળિયામાં જૂની મહાજન વાડી ખાતે આવતીકાલથી શ્રીમદ ભાગવત સપ્તાહનો પ્રારંભ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૦

ખંભાળિયામાં જલારામ ચોક નજીક આવેલી લોહાણા મહાજન વાડી "નંદધામ" ખાતે આવતીકાલે ગુરૂવાર તા. ૨૧ થી તા. ૨૮ નવેમ્બર સુધી શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. અહીંના જાણીતા વેપારી સ્વ. મણીલાલ થાવરદાસ ગોકાણી તેમજ સ્વ. ગોદાવરીબેન મણીલાલ ગોકાણી પરિવારના જયેશભાઈ મણીલાલ ગોકાણી તેમજ અશોકકુમાર થાવરદાસ ગોકાણી દ્વારા સર્વ પિતૃઓના મોક્ષાર્થે અત્રે "નંદધામ", જુની લોહાણા મહાજન વાડી ખાતે ગુરુવાર તા. ૨૧ થી તા. ૨૮ નવેમ્બર સુધી યોજવામાં આવેલી ભાગવત સપ્તાહમાં જાણીતા કથાકાર શાસ્ત્રી પૂજ્ય ચંદ્રેશભાઈ શાસ્ત્રીજી (પોરબંદર વાળા) બીરાજીને કથામૃતનું રસપાન કરાવશે. કથાના પ્રારંભે ગુરુવારે સવારે ૧૦ વાગ્યે અહીંની મહાપ્રભુજીની બેઠકજી ખાતેથી પોથીયાત્રાનો પ્રારંભ થશે. જે બપોરે ૧૨ વાગ્યે કથા સ્થળે પહોંચશે. અહીં પ્રથમ દિવસે સેવાકુંજ હવેલી વાળા પૂજ્ય શ્રી માધવી વહુજી પધારશે. આ દિવસે ગોરણી જમણનું પણ આયોજન થયું છે. જેમાં ગરબીની ૩૦૦ થી વધુ બાળાઓને પ્રસાદ લેવડાવવાનું આયોજન થયું છે. ભાગવત કથામાં શુક્રવારે કપિલ પ્રાગટ્ય તેમજ સોમવાર તા. ૨૫ ના રોજ સાંજે નૃસિંહ પ્રાગટ્ય, વામન જન્મ, શ્રી રામ પારાયણ અને સાંજે શ્રીકૃષ્ણ જન્મોત્સવ પ્રસંગે પૂ.પા. ગોસ્વામી ૧૦૮ શ્રી અભિષેક લાલજી મહારાજ શ્રી (રાજકોટવાળા) પધારી અને વચનામૃતનું રસપાન કરાવશે. આ પૂર્વે રવિવાર તારીખ ૨૪ મી ના રોજ પુષ્ટિમાર્ગીય સત્સંગ સાથે શ્રીનાથજીના દર્શનની ઝાંખીના આયોજનમાં જાણીતા કલાકારો રાજુભાઈ ભટ્ટ, નીરૂબેન દવે, અવધભાઈ ભટ્ટ કલાવૃંદ (જુનાગઢ) દ્વારા ઝાંખીનો કાર્યક્રમ રજૂ કરવામાં આવશે. આ પ્રસંગે દરરોજ સવારે ૯:૩૦ થી ૧૨:૩૦ તેમજ સાંજે ૪ થી ૭ વાગ્યા સુધી કથા શ્રવણનો લાભ લેવા ધર્મપ્રેમી જનતાને આયોજકો અશોકભાઈ ગોકાણી તેમજ જયેશભાઈ ગોકાણી પરિવાર દ્વારા અપીલ કરવામાં આવી છે.

# ખંભાળિયામાં લાંબા સમયથી ખાતરની વ્યાપક અછત : ધરતીપુત્રો પરેશાન



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૦

ખંભાળિયા તાલુકામાં છેલ્લા કેટલાક સમયથી રાસાયણિક ખાતરની વ્યાપક અછત વર્તાઈ રહી છે. હાલ શિયાળુ મોસમને ધ્યાને લઈને ખાતરનો પર્યાપ્ત જથ્થો પ્રાપ્ય બને તેવી માંગ ખેડૂતોમાં ઉઠી છે. ખંભાળિયા તાલુકામાં તાજેતરની ચોમાસાની મોસમનો પાક મહદ અંશે લણાઈ ચૂક્યો છે અને કેટલાક ખેડૂતો માટે આ ચોમાસાની મોસમ નબળી તેમજ ક્યાંક નિષ્ફળ બની છે. ત્યારે આગામી દિવસોમાં શિયાળુ પાકના થનાર વાવેતર માટે અનિવાર્ય એવા ખાતરનો જથ્થો મેળવવા માટે ખેડૂતો જુદા જુદા કેન્દ્રોમાં દોડધામ મચાવી રહ્યા છે. જેમાં અનેક સ્થળોએ ખાતરનો જથ્થો ન હોવાથી ધરતીપુત્રોને ખૂબ જ હાલાકીનો સામનો કરી કરવો પડી રહ્યો છે. આ મુદ્દે ખેડૂતો દ્વારા જણાવાયા મુજબ છેલ્લા એકાદ સપ્તાહથી તેઓ અહીંના ખાતર કેન્દ્રોમાં જઈ રહ્યા છે. પરંતુ તેઓને પૂરતા પ્રમાણમાં ખાતર મળતું નથી. આ પરિસ્થિતિમાં મંગળવારે સવારે અહીંના જોધપુર ગેઈટ વિસ્તારમાં ખાતર લેવા માટે આશરે ૩૦૦ જેટલા ખેડૂતોની લાંબી લાઈન જોવા મળી હતી. જેથી પોલીસ બોલાવવી પડે તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું હતું. અહીં ખેડૂતો દ્વારા હાલ "સરકારના અચ્છે દિન" બણગા વચ્ચે હાલ તેઓ બુરે દિન આવ્યા હોવાનો અહેસાસ કરતા હોવાની હૈયા વરાળ ઠાલવી રહ્યા હતા. દરરોજ ખેડૂતો ખાધા પીધા વગર વહેલી સવારે પાંચેક વાગ્યાથી ખાતર મેળવવા માટે લાંબી લાઈનમાં ઉભી જાય છે. પરંતુ તેઓને ખાતર મળતું નથી. મત મેળવવા માટે દોડાદોડી કરતા નેતાઓ ખેડૂતોના આ મહત્વના પ્રશ્નો ખૂબ જ નિષ્ક્રિય હોવા સહિતના બળાપા સાંભળવા મળ્યા હતા. આ મુદ્દે અહીંની પ્રથમ હરોળની સંસ્થા સર્વોદય જૂથ સેવા સહકારી મંડળીના ડાયરેક્ટર જયંતીભાઈ નકુમ એ જણાવ્યું હતું કે છેલ્લા ઘણા સમયથી ૧૨-૩૨-૧૬ વિગેરે ખાતરની ખૂબ જ અછત છે. ઉપરથી માલની આવક નથી. ખેડૂતોની મુશ્કેલી અમો સમજી શકીએ છીએ. હાલ ખાતરની આવક શરૂ થઈ છે અને ડી.એ.પી. ખાતરનું વેચાણ શરૂ કરી દેવામાં આવ્યું છે. ભૂતકાળમાં રાત્રે ત્રણ-ત્રણ વાગ્યા સુધી મંડળી દ્વારા ખેડૂતોને ગાડીમાંથી ડાયરેક્ટ માલનું વિતરણ કરવામાં આવતું હતું. ત્યારે આગામી દિવસોમાં ખેડૂતોને પર્યાપ્ત માત્રામાં ખાતર મળી રહે તેવા તમામ પ્રયાસો અમારા દ્વારા કરવામાં આવશે." ખેડૂતોના આ મહત્વના પ્રશ્ને સરકાર દ્વારા તાકીદે નક્કર પગલાં લેવામાં આવે તેવી વ્યાપક માંગ અહીંના ખેડૂતોમાંથી ઊઠવા પામી છે.

# ખંભાળિયા સહિત ત્રણ જિલ્લાના દારૂના ગુનામાં નાસતા ફરતા આરોપીને ઝડપી લેવાયો



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૦

દેવભૂમિ દ્વારકા જિલ્લા એલ.સી.બી. પોલીસ દ્વારા નાસતા-ફરતા આરોપીને ઝડપી પાડવા અંગે કરવામાં આવેલી કાર્યવાહીમાં પી.આઈ. કે.કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. આકાશ બારસિયા અને એસ.એસ.ચૌહાણની ટીમ દ્વારા જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી. જેને અનુલક્ષીને હેડ કોન્સ્ટેબલ ખીમાભાઈ કરમુર તેમજ ગોવિંદભાઈ કરમુરને મળેલી ચોક્કસ બાતમીના આધારે ખંભાળિયા-દ્વારકા હાઈવે માર્ગ પર આવેલી એક હોટલ પાસેથી ભાણવડ તાલુકાના કૃષ્ણગઢ ગામના મૂળ રહીશ અને હાલ જામનગરના ગોકુલનગર વિસ્તારમાં રહેતા અરજણ ઉર્ફે લાલો ઉર્ફે ભૂરી એભાભાઈ ભારવાડીયા નામના ૨૪ વર્ષના શખ્સને ઝડપી લેવામાં આવ્યો હતો. ઉપરોક્ત સામે ખંભાળિયા તેમજ જામનગર અને સુરેન્દ્રનગર જિલ્લામાં દારૂ અંગેના ગુના નોંધાયા હતા. જે માટે નાસતો ફરતો હતો. જેની સામે કોર્ટ દ્વારા ધરપકડ વોરંટ પણ ઈસ્યુ કરવામાં આવ્યું હતું. આ શખ્સ સામે ત્રણ જિલ્લામાં કુલ છ ગુનાઓ નોંધાયા છે. અટકાયત બાદ આરોપીનો કબજો વધુ તપાસ અર્થે ખંભાળિયા પોલીસને સોંપવામાં આવ્યો છે. આ સમગ્ર કાર્યવાહી એલ.સી.બી.ના પી.આઈ. કે.કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. એ.એલ. બારસિયા, એસ.એસ. ચૌહાણ, એસ.વી. કાંબલીયા, વિપુલભાઈ ડાંગર, અરજણભાઈ મારૂ, ખીમાભાઈ કરમુર, ગોવિંદભાઈ કરમુર, સચિનભાઈ નકુમ અને ક્રિપાલસિંહ ચૌહાણ દ્વારા કરવામાં આવી હતી.

# જૂનાગઢ : છેતરપીંડીની અરજી પાછી ખેંચી લેવા ધમકી આપી : ૨ સામે ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૦

જૂનાગઢમાં મેંદાની ખરીદી કરી ૩૭.૩૯ લાખ રૂપિયા નહી આપતા છેતરપીંડીની ફરીયાદ કરતા પોલીસ ફરીયાદ પરત ખેંચી લેવાનું કહી જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાની ફરીયાદ એ ડીવીઝન પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર એ ડીવીઝન પોલીસ મથકે રાજેશભાઈ ઈન્દુમલભાઈ રામરખીયાણીએ કૌશિકભાઈ હિમતભાઈ મોદી અને મયુરભાઈ વશરામભાઈ કાનગડ રહે.બંને રાજકોટવાળાઓ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપીઓએ વિશ્વાસ ઉભો કરી ફરીયાદી પાસેથી મેંદાના ૨૬૦૦ બાચકા કિ.રૂા.૩૭,૩૯,૫૦૦ની ખરીદી કરેલ જેના પૈસા ૮-૧૦ દિવસમાં આપી દેવાનું નકકી થયેલ જે બાદમાં આરોપીઓએ ખોટા વાયદાઓ કરી પેમેન્ટ નહી આપી ફરીયાદી સાથે છેતરપીંડી વિશ્વાસઘાત કરતા ફરીયાદીએ આરોપીઓ સામે અરજી કરેલ જે અરજી પાછી ખેંચવાની કહી ફરીયાદીને જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢ : બેંક ઓફ બરોડાની શાખામાં ખોટી ઓળખ ધારણ કરી રૂા.૧૩,૯૪,૩૮૪નાં દાગીનાની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૦

જૂનાગઢના એમ.જી.રોડ રોડ પર આવેલ બેંક ઓફ બરોડામાં ખોટી ઓળખ ધારણ કરી લોકરમાંથી રૂા.૧૩,૯૪,૩૮૪ના સોના-ચાંદીના દાગીનાની ચોરીની ફરીયાદ બી ડીવીઝન પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર બી ડીવીઝન પોલીસ મથકે હિમાન્સુભાઈ ભુપતભાઈ ત્રીવેદીએ અજાણ્યા શખ્સ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, કોઈ અજાણ્યા વ્યકતિએ જૂનાગઢ એમ.જી.રોડ પુનીત સોપીંગ સેન્ટરમા આવેલ બેંક ઓફ બરોડા ખાતેની બેંકમાં જઈ ફરીયાદીના માતા અન્નપુર્ણાબેનની ખોટી ઓળખ ધારણ કરી તથા બેંક કર્મચારીને વિશ્વાસમાં લઈ સાથે રાખી ફરીયાદી તથા સાહેદ અન્નપુર્ણાબેનના સંયુકતમાં રાખેલ લોકરનો અપ્રમાણીત રીતે ઉપયોગ કરી ફરીયાદીની સંમતી વગર ફરીયાદીના બેંક લોકર નં.૧૩૯૫ માં રાખેલ સોના – ચાંદિના દાગીના કીમત આશરે રૂા.૧૩,૯૪,૩૮૪/- ના બેંક લોકરમાંથી કાઢી લઈ ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# માણાવદર માર્કેટીંગ યાર્ડમાં ખરીદી કેન્દ્રનો પ્રારંભ





(પ્રતિનિધી દ્વારા)

માણાવદર તા.૨૦

આજરોજ માણાવદર માર્કેટીંગ યાર્ડ ખાતે શ્રી માણાવદર-બાંટવા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ મંડળી લી. દ્વારા કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગની પ્રાઈઝ સપોર્ટ સ્કીમ હેઠળ ખેડુતો પાસેથી મગફળી અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદીનો શુભારંભ કરાવવામાં આવ્યો હતો.

ખેડુતોને પાકનો સારો ભાવ મળે અને બજારમાં ભાવના ઉતાર-ચઢાવથી તેમને નુકશાન ન થાય તેવી લાગણી સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કેન્દ્ર સરકાર તથા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની ગુજરાત સરકાર દ્વારા કૃષિ મંત્રી રાઘવજી પટેલના સતત માર્ગદર્શન હેઠળ ખેડુતોના હિતમાં જાહેર કરવામાં આવેલ ટેકાના ભાવો અત્યાર સુધીના સૌથી વધારે છે. આ ટેકાના ભાવથી ખરીદી થતા ખેડુતોએ પરિશ્રમથી પકવેલા મહામૂલા પાકના તેમને પોષણક્ષમ ભાવ મળ્યા છે અને વચેટીયાઓ દ્વારા થતાં શોષણમાંથી મુક્તિ મળી છે. આ તકે સાવજ ડેરી ચેરમેનશ્રી દિનેશભાઈ ખટારીયા, માણાવદર માર્કેટીંગ યાર્ડના ચેરમેન જગદીશભાઈ મારૂ, માણાવદર તાલુકા ખરીદ વેચાણ સંઘના પ્રમુખ દિનેશભાઈ નકુમ, વેપારી આગેવાન હાજર રહ્યા હતા. ખરીદી કેન્દ્રનું ઉદ્‌ઘાટન અરવિંદભાઈ લાડાણીએ કર્યુ હતું.

# માણાવદર તાલુકાની માનવ જીંદગી બચાવવા મૃત ઢોર માટે અગ્ની સ્મશાન બનાવવવા માંગ

(પ્રતિનિધી દ્વારા)

માણાવદર તા.૨૦

માણાવદર તાલુકાના ૫૫ ગામો સહિત અનેક વિસ્તારના લોકો દગડ ડેમ સાઈટ પાસે ભયાનક દુર્ગંધ મૂર્ત ઢોર વાડાના કારણે ત્રાહિમામ પોકારી ઉઠયા છે. માણાવદરથી ગાંધીનગરની સરકારી તંત્રનું રીતસર પ્રજાની કોય કિંમત જ નથી તે બતાવે છે.

વારંવાર પ્રજાની ફરિયાદો પછી પણ આ મૂર્ત ઢોર વાડાનો નિકાલ કરવાની કોય રસ નથી આ ઢોરવાડાના બદલે અગ્ની સ્મશાન ગૃહ બનાવી મૂર્ત ઢોરને અગ્નીદાહ સંસ્કાર કરવામાં આવે તો આ ભયાનક દુર્ગંધ દુર થશે ખરાબ અસર પડે નહીં.

હાલ આ રોડ ઉપરથી અનેક વિસ્તારોના લોકો વાહન ચાલકો પસાર થાય છે તેને આ ઢોર વાડાની દુર્ગંધ એક કિમી સુધી આવે છે તેનાથી ત્રાહિમામ પોકારી ઉઠયા છે સાથે શહેરના નાગરિકો વોકિંગ માટે નીકળે તો કેમ નીકળે જ્યાં આ દુર્ગંધથી સાજો માનવ જીંદગી બિમાર પડી જાય તેમ છે. તંત્રને એવી તો પ્રજા સામે દુશ્મની છે કે, એક અગ્ની સ્મશાન ગૃહ નહીં બનાવતા તે પ્રશ્ન પ્રજા કરે છે.

એક બાજુ સરકાર જનતા માટે કરોડો રૂપિયાના ખર્ચે હોસ્પિટલ દવા, એમ્બ્યુલન્સ સેવા પુરી પાડે છે પણ વાસ્તવીક જીવન જીવવાની પ્રેરણા જનતા માટે લેતા નથી અને જનતાના જાણે દુશમન હોય તેવું લાગી રહ્યું છે જનતાના કે માનવ જીંદગીની કોય કિંમત નથી ભાજપ સરકારને કે તંત્રને તે હાલ વાતાવરણ કહી રહ્યું છે.

# દેવભૂમિ દ્વારકા તથા પોરબંદર પંથકના દાતા જમનાદાસભાઈ રાયઠઠ્ઠાનું લંડનમાં નિધન



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૦

દેવભૂમિ દ્વારકા તથા પોરબંદર પંથકમાં શિક્ષણ ક્ષેત્રે, ધાર્મિક ક્ષેત્રે અને અન્નદાન ક્ષેત્રે અજોડ માનવતાની સુવાસ ફેલાવનાર દાતા જમનાદાસભાઈ રાયઠઠ્ઠાનો તાજેતરમાં લંડનમાં દેહવિલય થયો છે. તેમના વડવાઓ કલ્યાણપુર તાલુકાના ચપર ગામના મૂળ વતની હતા. પોતાનો જન્મ વતનમાં ન હોવા છતાં તેમણે દ્વારકામાં માતાના નામથી દ્વારકાધીશ બાલઘર સંચાલિત સ્વ. કાશીબેન હરિદાસ મુલ્લા રાયઠઠ્ઠા પ્રાથમિક સ્કૂલ અર્પણ કરી હતી. ભાટિયામાં દ્વારકાધીશ સોસાયટીમાં શ્રી ગણેશ, રામ પંચાયત, શ્રીનાથજી, તથા ગાયત્રી માતાજીના મંદિર પણ તેમણે બંધાવી આપ્યા હતા. આટલું જ નહીં, તેમના માતાના નામથી સ્વ. કાશીબેન હરિદાસ મુલ્લા રાયઠઠ્ઠા હોલ બનાવી આપ્યો હતો. આ ઉપરાંત ખંભાળિયા ની જાણીતી શૈક્ષણિક સંસ્થા સંસ્કાર એજ્યુકેશન ટ્રસ્ટમાં પણ તેમણે માતબર રકમનું દાન કરી, ચાર માળનું અદ્યતન બિલ્ડીંગ બનાવી આપ્યું છે. જેમાં તેમના સ્વર્ગસ્થ ધર્મપત્ની સ્વ. મંજુલાબેન જમનાદાસભાઈ રાયઠઠ્ઠાના નામથી સાયન્સ કોલેજ તથા પ્રાર્થના હોલ ચાલે છે. ખંભાળિયા પંથકમાં છેલ્લા દાયકાઓમાં ગરીબ લોકો માટે અનાજની કીટનું વિતરણ અવારનવાર તેમણે કોઈપણ પ્રસિધ્ધિ વગર કરાવ્યું છે. પોરબંદર-છાયા સ્થિત સ્વામિનારાયણ સંસ્થાની નર્સિંગ કોલેજમાં અદ્યતન લાયબ્રેરી હોલનું દાન પણ તેમણે સ્વ. મંજુલાબેનની સ્મૃતિમાં કર્યું છે. આવા અજોડ દાતા સદ ગૃહસ્થને ખંભાળિયા તેમજ દ્વારકા જિલ્લા સાથે પોરબંદરના લોકોએ પણ શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

## અવસાન નોંધ

જૂનાગઢ : નીતુભા સુરૂભા પરમાર(આરએમએસ વાળા)નું તા.૧૭ નવેમ્બરને રવિવારે અવસાન થયેલ છે. સદગતની પ્રાર્થના સભા તા.૨૨ નવેમ્બરને શુક્રવારે જૂનાગઢ ભારતીય મજદૂર સંઘની ઓફિસ જયશ્રી ટોકીઝ સામે સાંજે ૫:૩૦થી ૬:૩૦ સુધી રાખેલ છે.

# ખંભાળિયાની બદીયાણી હોસ્પિટલમાં રવિવારે નેત્રયજ્ઞ અને સર્વરોગ નિદાન કેમ્પ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૦

ખંભાળિયા નજીકના જામનગર માર્ગ ઉપર આવેલી માનવ સેવા સમિતિ સંચાલિત એલ.પી. બદીયાણી હોસ્પિટલ ખાતે આગામી રવિવાર તા. ૨૪ મી ના રોજ સવારે ૯ થી ૧૧:૩૦ વાગ્યા સુધી વિનામૂલ્યે નેત્ર નિદાન, સારવાર તેમજ દવા વિતરણ અને શસ્ત્રક્રિયા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં રાજકોટની જાણીતી રણછોડદાસ બાપુ ચેરીટેબલ ટ્રસ્ટની આંખની હોસ્પિટલના ડોક્ટરો તેઓની સેવાઓ આપશે. આ સાથે યોજાયેલા સર્વરોગ નિદાન, સારવાર કેમ્પમાં અહીંના ડો. નિલેશભાઈ રાયઠઠ્ઠા દર્દીઓને તપાસી, દવા આપશે. આ સેવા કાર્ય માટે મોહનભાઈ, નિર્મલાબેન નટુભાઈ તથા શરદભાઈ રાજા (યુ.કે.) પરિવારનો આર્થિક સહયોગ સાંપળ્યો છે. આ કેમ્પનો લાભ લેવા ખંભાળિયા તથા આસપાસના વિસ્તારના દર્દીઓને સંસ્થાની એક યાદીમાં જણાવાયું છે.

# તાલાળા તાલુકાના રામપરા ગામે બીએસએનએલનો કેબલ કાપી ચોરી કરવા અંગે ત્રણ સામે ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૦

તાલાળા તાલુકાના ઘુસીયા ગીર ગામે રહેતા અને તાલાળા તાલુકો તથા કોડીનાર તાલુકામાં બીએસએનએલમાં જુનિયર ટેલીકોમ ઓફિસર તરીકે નોકરી કરતા સંજયભાઈ સાજણભાઈ ચાવડાએ ત્રણ અજાણ્યા શખ્સો સામે એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, બીએસએનએલ ટાવરનો રામપરા ખાતે કેબલ કાપી રૂા.૧૭ હજારના કેબલની ચોરી કરી ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢની જાણીતી વોકિંગ કલબ દ્વારા સાયકલોથોન ૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું





જૂનાગઢ, તા.૨૦

મહાનગર જૂનાગઢની જાણીતી વોકિંગ કલબ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સાયકલોથોન ૨૦૨૪નું આયોજન કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૧માં કોરોના રશીકરણ ઝુંબેશને મદદરૂપ થવા, વર્ષ ૨૦૨૨માં સેવા પરમો : ધર્મના હેતુથી તથા વર્ષ ૨૦૨૩માં પર્યાવરણ બચાવવાના ઉમદા હેતુથી જૂનાગઢથી અનુક્રમે સોમનાથ, દ્વારિકા અને તુલસીશ્યામની સફળ સાયકલોથોન યોજવામાં આવી હતી. વર્ષ ૨૦૨૪માં જૂનાગઢથી માધુપુર(વાયા ગડુ, ચોરવાડ)ની ૧૨૫ કિલોમીટરની સાયકલોથોનનું આયોજન કરવામાં આવેલ છે.

આ સાયકલોથોનના મુખ્ય પ્રયોજક જૂનાગઢની જાણીતી કે. જે. મલ્ટીસ્પેશ્યલિટી અને કેન્સર હોસ્પિટલ છે. આ સાયકલોથોનનો હેતું જૂનાગઢ પોલીસના 'નો ડ્રગ્સ' ની ઝુંબેશને મદદરૂપ બનવાનો છે. યુવા વર્ગમા ડ્રગસના વ્યાપને રોકવા જૂનાગઢ પોલીસ દ્વારા સરહાનીય પ્રયાસો કરવામાં આવે છે તેમાં સહભાગી થવા આ સાયકલોથોન દ્વારા જાહેર જનતાને સકારત્મક સંદેશ પહુંચવાડવાનો વોકિંગ કલબનો આ પ્રયાસ છે. આમ આ સાયકલોથોનમાં જૂનાગઢ પોલીસ સહપ્રયોજક તરીકે રહેશે.

આ ઉપરાંત સ્મિત ઈન્ટરનેશનલ બ્રોકર, સેન્ટ્રલ ઓર્થો કેર હોસ્પિટલ, ન્યૂ લાઈફ કેર હોસ્પિટલ, સ્પર્શ હોસ્પિટલ તથા વેલ્યૂ સોલ્યૂશન આ સાયકલોથોનના સહ આયોજકો રહેશે. 'નો ડ્રગ્સ'ના ઉમદા સંદેશ સાથેની આ સાયકલોથોનમાં જૂનાગઢ જિલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા, ડૉ કે પી ગઢવી, ડૉ રક્ષિત પીપલીયા, ડૉ સુનિલ લુણાગરિયાની સાથે જૂનાગઢનો મોટો ડોક્ટર વર્ગ, ઉદ્યોગપતિઓ, વેપારીઓ, વકીલો વગેરે જોડાશે. જૂનાગઢ ઉપરાંત રાજકોટ, અમદાવાદ, વડોદરા, જામનગર જેવા શહેરમાંથી અત્યાર સુધીમાં ૨૦૦ જેટલા સાયકલિસ્ટ પોતાનું રજીસ્ટ્રેશન કરાવી ચૂકયા છે.

આમા ભાગ લેવા માટેની રજીસ્ટ્રેશન લિંક **https://forms.gle/6owMhsqmtsp Unk3f7** તારીખ ૨૫ નવેમ્બર સુધી ખુલી છે.

આ સાયકલોથોનમાં જૂનાગઢ સાયકલિંગ કલબ, જૂનાગઢ રાઈડર્સ, રાજકોટ સાયકલ કલબ, જામનગર ફ્રી વિહલર્સ પણ જૂનાગઢ વોકિંગ કલબની સાથે સહ આયોજક તરીકે રહેશે. સમાજ સેવાના આ ભગીરથ કાર્ય આપ સહુ આવકાર્ય છો.આ સાયકલોથોન આગામી તારીખ ૨૨/૧૨/૨૦૨૪, રવિવારના રોજ યોજવામાં આવેલ છે. આ સાયકલોથોનના આયોજનને સફળ બનાવવા માટે જૂનાગઢ જિલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા, કે જે હોસ્પિટલના ભાવિનભાઈ છત્રાલા, ડો.કે.પી. ગઢવી, ડો. રક્ષિત પીપલીયા, ડો.સુનિલ લુણાગરિયા, ડો.કુંજન દેત્રોજા, કલ્પેશભાઈ હિંડોચા, દિનેશભાઈ કપૂપરા, સફી દલાલ જહેમત ઉઠાવી રહ્યા છે.

# વિસાવદર તાલુકાની જમીન પ્રોટેકટેડ ફોરેસ્ટમાંથી મુકત કરવા રજૂઆત

## ૧૦ ગામોમાં આવેલ જમીનને પ્રોટેકટેડ ફોરેસ્ટમાંથી મુકત કરવવા વન મંત્રીને પત્ર લખીને જણાવતા જીલ્લા ભાજપ અધ્યક્ષ કિરીટ પટેલ

(પ્રતિનિધિ દ્વારા)



જૂનાગઢ, તા.૨૦


જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના પીયાવા, રાજપરા, જાવલડી, માણંદીયા, દુધાળા, મોટા-કોટડા, શોભાવડલા-લશ્કર, ઘોડાસણ, મુંડીયા રાવણી, તથા જાંબુડી ગામમાં પ્રોટેકટેડ ફોરેસ્ટ જાહેર છે. આ થયેલ જમીન બાબતે સરકારના વન અને પર્યાવરણ વિભાગ ગાંધીનગરના તા.૮/૧/૧૯૭૫ના જાહેરનામાંથી વિસાવદર તાલુકાના પીયાવા, રાજપરા, જાવલડી, માણંદીયા, દુધાળા, મોટા-કોટડા, શોભાવડલા-લશ્કર, ધોડાસણ, મુંડીયા રાવણી, તથા જાંબુડી ગામના જુદા જુદા રે.સ.નં. ની હે. ૨૬૨૯-૫૫-૦૦ પ્રોટેકટેડ ફોરેસ્ટ જાહેર કરવામાં આવેલ જે પૈકી નાયબ વન સંરક્ષક જુનાગઢ દ્વારા તા. ૧૨/૩/૨૦૧૯ ની અરજીથી ઓનલાઈન હુકમી નોંધ દાખલ થતા શોભાવડલા-લશ્કર ગામના હકકપત્રકે નોંધ નં. ૨૩૬૯ તા. ૨૬/૭/૨૦૧૯ થી દાખલ થયેલ છે. જેની શોભાવડલા-લશ્કર ગામના રે.સ.નં. ૨૧૧ના અલગ અલગ ૭૩ જેટલા ગામ નમુના નં. ૭ ના પાનામાં અસર થયેલ છે. સદરહું નોંધમાં આવરી લીધેલ ૭૩ રે.સ.નં. પૈકી મોટા ભાગના રે.સ.નં. ની જમીન ખાનગી ખાતેદારોના નામે આવેલ છે. તેમજ આ જમીન પ્રોટેકટેડ ફોરેસ્ટ જાહેર થયા પહેલા સરકાર દ્વારા જુદા જુદા હુકમોથી સાથણી તથા અન્ય રીતે ફાળવેલ હોય આ જાહેરનામાં બાદ આશરે ૪૪ વર્ષ જેટલા લાંબા સમયગાળા બાદ હુકમી નોંધ દાખલ કરતા ખાનગી માલીકીની જમીનના ગામ નમુના નં.૭ બીજા હકકમાં પ્રોટેકટેડ ફોરેસ્ટની નોંધ પડેલ છે. જેને કારણે સદરહું ખાનગી માલીકીની જમીનના ખાતેદારોને ખુબ જ મુશ્કેલી પડતી હોય સદરહું જમીનમાં વીજ કનેકશન, પોતાના તથા ખેત મજુરોના રહેણાંક મકાન બાંધકામ, ઢોર ઢાખર બાંધવા અંગેના તબેલા, ખેત પેદાશના સંગ્રહ માટેના ગોડાઉન વિગેરે પ્રાથમિક જરૂરીયાત મુજબના બાંધકામ થઈ શકતા નથી તથા નવું વીજ કનેકશન મળતુ નથી તથા પ્રોટેકટેડ ફોરેસ્ટ જાહેર થવાના કારણે આવી જમીનના તબદીલી વિષયક વ્યવહાર પણ થઈ શકતા નથી જેને કારણે ઉપરોકત ૧૦ ગામના ખેડુતોને ખુબ જ મુશ્કેલી થતી હોય ખાનગી ખાતાની આ ૧૦ ગામોમાં આવેલ જમીન પ્રોટેકટેડ ફોરેસ્ટમાંથી મુકત કરી રેવન્યુ જમીન જાહેર કરવા જિલ્લા ભાજપ અધ્યક્ષ કિરીટ પટેલે વન મંત્રીને રજૂઆત કરી છે.

# ૨૦ નવેમ્બર, વર્લ્ડ પાઈલ્સ ડે નિમિત્તે ડો. એમ.વી.વેકરીયા પાસેથી હરસ-મસા- ભગંદર-ફીશર રોગો વિશે અને તેનાથી બચવા સોનેરી સુચનો-પરેજી-સારવાર અને સારવાર વિશે ફેલાયેલી ગેરમાન્યતા અને અંધશ્રધ્ધા વિશે વિગતવાર જાણીએ

(પંકજ ઝીબા દ્વારા)




ડૉ. એમ. વી. વેકરીયા






અલ્ટ્રાસોનીક હારમોનીક ફોક્સ (અતિ આધુનિક અમેરીકન ટેકનોલોજી)






(લેસોટ્રોનિક્સ- ડાયોડ લેસર-યુરોપ)





હેલ (જાપાનીઝ ટેકનોલોજી)





ઈન્ફ્રારેડ (જર્મન ટેકનોલોજી)





સ્ટેપ્લર (અમેરીકન ટેકનોલોજી)

રાજકોટ, તા.૨૦

આપણા ગુજરાતીમાં કહેવત છે કે પહેલું સુખ તે જાતે નર્યા. જો તમારૂ શરીર નરવું હશે તો તમામ સુખ તમારા દાસ છે. આજે પાઈલ્સ ડે નિમિતે સૌરાષ્ટ્રના સુપ્રસિધ્ધ પ્રોકટોલોજીસ્ટ મળ માર્ગના નિષ્ણાંત ડૉ. એમ.વી.વેકરીયા હરસ, મસા-પાઈલ્સ વિષે આપણને વિશેષ સવિસ્તાર તેના થવાના કારણો, તેના લક્ષણો, હરસથી બચવાના અને ન થાય તે માટેની પરેજી, તેની વૈજ્ઞાનિક સચોટ સારવાર અને હરસની સારવાર માટે આપણા માનસમા પ્રવર્તી રહેલી પ્રચલિત ગેરમાન્યતા, અંધશ્રધ્ધા વિશે સચોટ માહિતી આપશે. ડૉ. એમ.વી.વેકરીયા સૌરાષ્ટ્રમાં સૌપ્રથમ અતિઆધુનિક ટેકનોલોજી અમેરીકન અલ્ટ્રાસોનીક હાર્મોનીક ફોક્સ, યુરોપિયન એડવાન્સ્ડ લેસોટ્રોનીક્સ લેસર, જર્મન ઈન્ફ્રારેડ કોએગ્યુલેશન (આઈ.આર.સી.) જાપાનીઝ હેલ-સ્ટેપલર, વેસલ સીલર, ક્ષારસૂત્ર જેવી હરસ માટેની ટેકનોલોજીનો આવિષ્કાર કરી રાજકોટ શહેરનું ગૌરવ વધારેલ છે.

**હરસ મસા એટલે શું ? :** આપણા મળમાર્ગમાં રહેલી લોહીની નળીઓ રોજ બરોજ કબજીયાતના પ્રેશરના કારણે તેમજ લાઈફ સ્ટાઈલ તેમજ વારસાગતને કારણે ત્યાંની મળ માર્ગની ત્વચા-મ્યુકોઝાની નીચે રહેલી લોહીની નળીઓ ફુલાઈને ગંઠો આચળ જેવું જે બને તેને હરસ કહેવામાં આવે છે. હરસ મસા એ મળમાર્ગમાં થતો અતિકષ્ટકાયક વ્યાધિ છે. જેમાં ખાસ કરીને અસહ્ય દુઃખાવો, બળતરા તથા લોહી પડે છે. આ આચળ ગઠાને આપણે ગુજરાતીમાં હરસ મસા-હીન્દીમાં બવાસીર-સંસ્કૃતમાં અર્શ અંગ્રેજીમાં પાઈલ્સ મેડીકલમાં હેમોરોઈડસ લેટીનામાં પીલા કહેવાય છે.

**હરસ થવાના કારણો :** કબજીયાતને સર્વે રોગની જનની માતા કહી છે. હરસ થવામાં પણ મુખ્ય કારણ કબજીયાત છે. તેથી પહેલા તો કબજીયાત કરે તેવા આહારવિહાર છોડવા, બંધ કરવા. આજની લાઈફસ્ટાઈલ, મળમાર્ગના રોગોને નોતરે છે. પ્રવાહી, છાશ, દૂધ, પાણી, ફ્રુટ, સુપ, જયુસ વધારે લેવા. તેમજ પાન, બીડી, તમાકુ, ફાકી બંધ કરવા. કબજીયાત કરે તેવો આહાર તેમજ તીખું, તળેલું તમતમતું અને મસાલાવાળો ખોરાક ઓછો લેવો. ખોરાકની અનિયમિતતા, ફાઈબરલેસ ડાયેટ અને ફાસ્ટ ફુડ, જંકફુડનું વધતુ જતુ પ્રમાણ, બેઠાડુ જીવન, કસરતનો અભાવ, ચિંતા, ક્રોધ અને ઉજાગરા, સંડાસમાં અતિશય જોર કરવાની ટેવ, વારંવાર સંડાસ જવાની ટેવ, તેમજ વારંવાર ઝાડા અને મરડો થવો, લેડીઝમાં પ્રેગ્નેન્સી દરમ્યાન તેમજ વારસાગત અને આપણા શરીરનુ બંધારણ, ફિઝીયોલોજી, ગ્રેવીટેશન વગેરે કારણોથી હરસ થાય છે.

**હરસ-ફીશર ભગંદરમાં જોવા મળતા સામાન્ય લક્ષણો :**

● મળત્યાગ વખતે મળમાર્ગમાં દુઃખાવો, બળતરા અથવા રક્તસ્ત્રાવ થવો. સંડાસ જતી વખતે આચળ જેવો કંઈક બહાર નીકળવો. કાયમી કબજીયાત, ગેસ ટ્રબલ, અપચો રહેવો. બેસવામાં તકલીફ થવી. દુઃખાવો થવો. ● મળમાર્ગમાં ખંજવાળ આવવી, રસી નીકળવા, ચીકાશ આવવી કે ભીનું લાગવું. ● વારંવાર મળમાર્ગની આસપાસ ગડગુમડ જેવું થઈને રસી નીકળવી. વારંવાર મરડો અથવા ઝાડા થવા. સંડાસ માટે કાયમી જુલાબ કે રેચક દવા લેવાની જરૂર પડે છે. ભુખ ન લાગવી, જમ્યા પછી પેટમાં ભારે લાગવું, ગેસ ટ્રબલ રહેવી, શરીર ફીકકુ રહે, શરીર આખું દુઃખે, પીંડીમાં કે કમરમાં દુઃખાવો રહેવો. ● મળત્યાગ કંટ્રોલ ન હોવો, લાંબા સમયે મળમાર્ગ નબળો પડવો.

**હરસ-મસા ભગંદર, ફીશર ન થાય તે માટે સોનેરી સૂચનો :**

**જરૂરી પરેજી**

● ખીચડી, કઢી, રોટલી, શાક, મગનું શાક, કઠોળ, કચુંબર, દાળ ઢોકળી, ખાંખરા, પાત્રા લેવા. ઊંધીયુ, લસણીયા બટેટા, ભરેલા મરચા, રગડા પેટીશ, અથાણુ, બાજરીનો રોટલો, ફાસ્ટ ફુડ, ગાંઠીયા જેવો ખરાક ટાળવો. મળમાર્ગના રોગો માટે જવાબદાર એવી કબજીયાતને અવગણશો નહીં. કાયમ કોઈ પણ જાતના જુલાબ કે રેચક દવા લેવી એ અત્યંત હાનિકારક છે.

● કુદરતી હાજતના વેગને ગમે તેવા સંજોગોમાં રોકશો નહીં. બિનજરૂરી ઉજાગરા, ચિંતા, ટેન્શન ન લેવું.

● ભુખ લાગે ત્યારે ફળ અને શાકભાજી સુપાચ્ય આહાર પૂરતા પ્રવાહી સાથે લેવાથી કબજીયાત અટકે છે. ઉકાળેલું કે ફીલ્ટર કરેલુ પાણી રાત્રે સુતા પહેલા બે ગ્લાસ અને સવારે ઉઠીને નરણા કોઠે બે ગ્લાસ પીવું. દરરોજ સવારે એક વખત સંડાસ જવાની નિયમિત ટેવ પાડવી. સંડાસ જતા જોર ન કરવું, ઉંડા શ્વાસોશ્વાસ લેવા. થોડો સમય બેસવું. ઉતાવળ ન કરવી. ● દરરોજ સવારે બે થી ત્રણ કિલોમીટર ચાલવું. વધુ પડતો તીખો-તળેલો, ચીકણો, બેકરીનો અને કબજીયાત કરે તેવો ભારે આહાર લેશો નહીં. ● પાન, બીડી, તમાકુ, સોપારી, જર્દાં, દારૂ લેવા નહીં. ઝાડો ચીકાશ વગર, બંધાયેલો કોઈપણ જાતની બળતરા કે દુઃખાવા વિના સંતોષપૂર્વક થાય એ સ્વાસ્થ્યની નિશાની છે. મળમાર્ગમાં રક્તસ્ત્રાવ, દુઃખાવો, બળતરા, ખંજવાળ આવે અથવા મળમાર્ગની આસપાસ ફોલ્લા અથવા ગડગૂંમડ થાય, રસી આવે, ચીકાશ આવે અથવા મળત્યાગ સમયે કોઈ ભાગ દેખાય તો તુરત નિષ્ણાંત ડૉકટરની સલાહ લેવી જોઈએ.

**હરસ-મસા (પાઈલ્સ) ની સરળ - સચોટ વૈજ્ઞાનિક સારવાર :** એડવાન્સ ટેકનોલોજી ફોર પ્રોક્ટોલોજી.

એડવાન્સ સાયન્સ પ્રમાણે નવીનવી ટેકનોલોજી દ્વારા સારવાર થાય છે, જેમાં હાલની સૌથી એડવાન્સ ટેકનોલોજી આ પ્રમાણે છે.

**અલ્ટ્રાસોનિક હાર્મોનિક ફોકસ (ઈથીકોન કંપની અમેરીકા) :** અલ્ટ્રાસોનિક હાર્મોનિક ફોકસ સ્કાલપેલ ટોટલી ઓટોમેટીક મશીન છે. જેની ડીઝાઈન એકદમ કોમ્પેક્ટ છે. તેમાં એવો કોમ્પ્યુરાઈઝડ સોફ્ટવેર પ્રોગામ છે. જેમાં કોઈ નવા રિસર્ચ ભવિષ્યમાં થાય તો તે સોફ્ટવેર પ્રોગામ તેમા અપડેટ થઈ શકે છે. એકદમ પરફેકટ અને માઈક્રો ડિસેકશન થઈ શકે છે. લાર્જ વેસલ-લોહીની નળીને પણ સીલીંગ કેપેસીટી ધરાવે છે. આ મશીન ટચ સ્ક્રીનથી ઓપરેટ થાય છે. આ મશીનના મુખ્ય ફાયદા એ છે કે તેમાં અલ્ટ્રાસોનીક દ્વારા સીલીંગ સાથે જ કટીંગ કરે છે. તેમાં ઈલેકટ્રીસીટીનો ઉપયોગ ન થતો હોવાથી બીજી બધી જ ટેકનોલોજી કરતા આજુબાજુના ટીસ્યુ મ્યુકોઝા ચામડીને નહીવત ડેમેજ કરે છે, જેથી બ્લડ લોસ અને બર્નીંગ નહીવત થાય છે. અને હીલીંગ ઝડપથી થાય છે. બેભાન કરવાની કે દાખલ થવાની જરૂર પડતી નથી.

આ અતિ લેટસ્ટ મશીન ગુજરાતમાં સૌપ્રથમ રાજકોટમાં એસ્ટ્રોન ચોક ખાતે આવેલ સુશ્રૃત હોસ્પિટલમાં ઉપલબ્ધ છે. સરળતાથી સફળતાપૂર્વક આ મશીનથી સારવાર અપાઈ રહી છે. કોમ્પલીકેશન રેઈટ ૨ થી ૩% છે.

● **લેસોટ્રોનીક્સ લેસર :** આ ટેકનોલોજી યુરોપિયન લેસર ટેકનોલોજી છે. જેના દ્વારા હરસ-મસા-ભગંદર-ફિશરની સરળ સારવાર થઈ શકે છે. નહીવત દુઃખાવા સાથે અને લોહી પડવાના ઓછા અથવા નહીવત ચાન્સ સાથે ઓપરેશન થઈ શકે છે. ઝડપી હીલીંગ અને મળમાર્ગ સંકોચાવાના કે કંટ્રોલ ન થવાના ચાન્સ ખૂબ જ નહીવત હોય છે. આ ટેકનોલોજીમાં રીકરન્સ રેટ ખૂબ જ ઓછા છે. અને આ ટેકનોલોજી હરસ-મસા-ભગંદર-ફિશરની સારવાર માટેની અતિ આધુનિક અને સરળ ટેકનોલોજી છે.

● **PPH - [Procedure for Prolapse Hemorrhoids]** - પ્રોસીજર ફોર પ્રોલેપ્સ પાઈલ્સ

● **MIPH - [Minimize Invasive Procedure for Hemorrhoids]** -મીનીમાઈઝ ઈન્વાસીવ પ્રોસીજર ફોર પાઈલ્સ

આ મશીન દ્વારા ફકત અંદરના ફોર્થ ડિગ્રીના મોટા હરસની સ્ટેપલીંગ એન્ડ કટીંગ દ્વારા સારવાર કરવામાં આવે છે. આ મશીન સ્ટેપલર મશીન કહેવાય છે. જોન્સન એન્ડ જોન્સન કંપની દ્વારા મશીન બનાવવામાં આવે છે. સ્ટેપલરની જેમજ અંદરના મોટા હરસને કાપીને બંને છેડાને સ્ટેપલરની જેમ ચોટાડી દેવામાં આવે છે. આ પધ્ધતીમાં ચાર મેજર કોમ્પલીકેશન થવાથી ઉપયોગ ઓછો થાય છે. હરસને આ મશીનથી બહારના મસાની સારવાર થતી નથી. તેના ચાર મેજર કોમ્પ્લીકેશન પણ થઈ શકે છે. જે આ પ્રમાણે છે.

(૧) એનોરેક્ટલ સ્ટેનોસીસ (૨) પેલવીરેક્ટલ ફીશચ્યુલા (ભગંદર) (૩) પ્રોફુયુસ બ્લીડીંગ - વધારે પડતું લોહી પડવું. (૪) ઈનકોન્ટીનન્સ - મળ ત્યાગનો કંટ્રોલ જતો રહેવો.

● **DGUHAL [Doplar, Guided Uttrasonic Hemorrhoidal Artery Ligation]** હેલ ટેકનોલોજી:

જાપાનનાં સર્જન ડો. કે મોરી નાગાએ-૧૯૯૫માં હરસ-મસાના દર્દીની સારવાર માટે આધુનીક ટેકનીક મશીનની મદદથી હરસને પોષણ આપતી લોહીની નળીઓને આવાજના મોજાની મદદથી શોધીને બંધ (લાઈગેશન) કરવામાં આવે છે. તેના માટે તેમણે એક નવુજ મશીનનું સંશોધન કર્યુ જેને ટુંકમાં **HAL-** હેલ ટેકનોલોજી કહે છે. વિકસીત દેશોમાં ખુબ સફળ થયેલ છે.આ અમેરીકન જાપાનીઝ ટેકનીકથી હિમોરોડલ આર્ટરીને ડોપલર ગાઈડેડ અલ્ટ્રાસોનીક મશીન દ્વારા લાઈગેશન કરવામાં આવે છે જેનાથી અંદરના હરસ ધીમે ધીમે સુકાય જાય છે. નેક્રોસીસ થઈ જાય છે. આના રીજલ્ટ ખુબ સારા છે. હોસ્પીટલમા દાખલ થવાની જરૂર નથી.

**I.R.C. (Infra red coagulation)** જર્મન ટેકનીકથી હિમોરોડલ આર્ટરીને કોએગ્યુલેશન (લોહીની નળીને સુકવી નાખીને) હરસને પોષણ-બ્લડ ન મળતા ધીમે ધીમે અંદરના હરસ સુકાઈ જાય છે. આ પ્રોસીઝરના રીઝલ્ટ પણ સારા છે. આમાં પણ બેભાન કરવાની કે દાખલ થવાની જરૂર પડતી નથી. વિકસીત દેશોમાં સરળ અને સફળ ટેકનોલોજી સાબિત થયેલ છે.

● **વેસલ સીલર-RFC:** ટેકનીકથી બહારના મસાને નહીવત દુઃખાવાથી માઈક્રો કટીંગ કરવામાં આવે છે.થોડા સમયમાં જ ઓપરેશન કરવામાં આવે છે. આ ટેકનોલોજીમાં ઈલેકટ્રીસીટીના લીધે બર્નીંગ થાય છે. રૂઝ થોડી ધીમી આવે છે. અલ્ટ્રાસોનીક જેવા સારા પરિણામો મળતા નથી. તેથી વિકસીત દેશોમાં સ્વીકાર કે સ્વીકૃત થયેલ નથી.

● **પાર્શીયલ ફીસ્ટ્યુલેક્ટોમી :** હાલમાં આ ખૂબ જ સફળ પદ્ધતિનો હું ઉપયોગ કરું છું. જેમાં એડવાન્સ્ડ ટેકનોલોજી અલ્ટ્રાસોનિક ફોક્સ દ્વારા ભગંદરના સ્પીટર સિવાયના સડાને સર્જરી કરીને કાઢી નાખવામાં આવે છે. અંદરના સડા (ટ્રેક)માં લેસર સારવાર કરી જરૂર જણાય તો ક્ષારસૂત્ર એપ્લાય કરવામાં આવે છે. એમ એક સાથે ત્રણ સારી થેરાપીઓનો ઉપયોગ કરવાથી સૌથી વધારે ઉત્તમ સારવાર આપવામાં આવે છે. ભગંદર માટે આ સફળ સારવાર સાબિત થયેલ છે.

● **ક્ષારસુત્ર સારવાર :** ભગંદર માટેની ક્ષારસુત્ર પદ્ધતિ એ અત્યંત પ્રચલિત પદ્ધતિ છે. ક્ષારસૂત્ર એક આયુર્વેદિક મેડીકેટેડ થ્રેડ છે. આ ક્ષારસુત્રમાં સર્જીકલ લિનેન થ્રેડમાં આયુર્વેદની ત્રણ પ્રકારની મેડીસીન એસ્ટ્રેટની સાત ભાવના (કોટીંગ) આપીને બનાવવામાં આવે છે. આ દવાની એકશન ભેદન (પેનીટ્રેટીંગ), છેદન (કટીંગ), લેખન (સ્કેપીંગ), રોપણ (હીલીંગ) એમ ચાર પ્રકારના ફંકશન એકસાથે થાય છે. જેને ટુંકમાં સમજવું હોય તો બરફના મોટા ટુકડાને દોરી બાંધવાથી જે રીતે દોરી ગાંઠ સાથે બરફને ધીમે ધીમે કીંગ કરે છે. પરંતુ બરફના ટુકડાના બે ભાગ થતા નથી. આ રીતે મળમાર્ગના સ્પીટરને નુકસાન પહોંચાડયા વગર ભગંદરની સારવાર થાય છે.

**આ સિવાય ઉપયોગમાં લેવાતી સારવાર પધ્ધતિઓ જેવી કે :**

● **સ્કલેરો થેરાપી :** જેમાં સબમ્યુકોઝલ સ્કેલેરોજન્ટ ઈન્જેકશન પાઈલ્સના મૂળમાં આપવામાં આવે છે. જેનાથી પાઈલ્સ નેક્રોસ થઈને સુકાય જાય છે. પરંતુ આ થેરાપીમાં સોજો આવવો તથા મળમાર્ગ સાંકડો થઈ જવાની સંભાવના ખૂબ જ વધારે છે.

● **આર.બી. થેરાપી :** રબરબેન્ડ લીગેશન પધ્ધતિમાં પાઈલ્સના મૂળમાં રબરબેન્ડ એપ્લાય કરવામાં આવે છે. જેથી પાઈલ્સ નેક્રોસ થઈને સુકાય જાય છે. પરંતુ આ થેરાપીમાં બ્લીડીંગ થવાની સંભાવના ખૂબ જ વધારે છે.

● **પ્લગ થેરાપી :** ભગંદરના રોગમાં વપરાતી આ ટેકનોલોજી (પધ્ધતિને) ફીસ્ટુલા બાયોપ્રોસ્થેટીક પ્લગ થેરાપી કહેવામાં આવે છે. પરંતુ આ થેરાપીની સારવારમાં રીકરન્સ રેટ એટલે કે ફરીવાર થવાની અને ન મટવાની સંભાવના ખૂબ જ વધારે એટલે કે ૫૦% જેટલી રહેલી છે. તેથી તે થેરાપીનો ઉપયોગ ઓછો કરવામાં આવે છે.

● **ક્રાયો સર્જરી :** નાઈટ્રોજન ગેસથી ઠંડા કરીને શીતદગ્ધથી હરસને સુકવવા. સકસન આર.બી.: સકશન દ્વારા રબ્બરબેન્ડ લીગેશન.

● **ઓપન હેમરોઈડેક્ટોમી :** ઓપરેશન સર્જરી સારવાર વગેરે હરસ મસા માટે સારવાર પધ્ધતિ પ્રચલિત છે.

**હરસની સારવાર માટે આપણા માનસમાં પ્રર્વતતી પ્રચલીત ગેરમાન્યતા-અંધશ્રધ્ધા :**

● જેમ કે હરસને શરીર પર ડામ દેવાથી મટાડી શકાય છે.

● ઘણા લોકો માનતા / દિવા માને છે. હરસને મંત્રાવે છે. મંત્રેલી ચા પીવે છે.

● હરસને પાણીમાં બેસાડીને ખેરવી નાખે છે. મંત્રેલ પાણીમાં બેસાડે છે. હરસ ચેકીંગ વગર (તપાસ્યા વગર), દુઃખાવા વગર, ઓપરેશન વગર, પોસ્ટથી દવા મોકલવી જેવી લોભામણી જાહેરાતથી દર્દીને છેતરે છે. તેનાથી દુર રહેવું જોઈએ. કારણ કે તપાસ્યા વગર સારવાર કરવાથી ઘણી વાર હરસ-મસા ન હોય અને બીજા ઘણા કારણોની - મળમાર્ગમાં લોહી પડે છે. જેમ કે આંતરડાનું અલ્સર, અલ્સેરેટીવ કોલાઈટીસ-લીવરના રોગ, કેન્સર, ફીશર જેવા ઘણા કારણોથી મળમાર્ગમાં લોહી પડે છે. તેથી તપાસ્યા વગર નિદાન કરાવ્યા સિવાય સારવાર લેવાથી ઘણા દર્દીઓ માટે ઘાતક નીવડે છે.

● જાતે સેલ્ફ દવા લેતા હોય છે. ગમે ત્યાંથી જે તે દવા લેવી, ડૉકટરની સલાહ વગર દવા લેવી હિતાવહ નથી. હરસની મંત્રની વિંટી પહેરે છે વગેરે... ચાલીને જવાની માતાજીની માનતા માને છે પણ ચાલવાથી હરસ-મસા વકરે છે. વડોદરાની નજીક તારાપુર ચોકડી પાસે, મધરોલમાં પાણીમાં બેસાડીને હરસ ખેરી નાખવાની ખોટી માન્યતા ખુબ પ્રચલીત છે. વગેરે અંધ માન્યતાથી આપણે સમાજે દુર રહેવું જોઈએ.

● આજના આધુનીક યુગમાં પણ હરસ-ફીશરના ઘણા દર્દીઓ-અનક્વોલીફાઈડ ડૉક્ટરો પાસે, એસીડ જેવા કેમીકલ લગાવીને ઓપરેશન કરાવે છે. જેમાં ખૂબ જ પીડાય છે અને ભગંદર જેવા કોમ્પલીકેશન થાય છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# સરકારના અધિકારોને નિયંત્રિત કરતો સુપ્રીમ કોર્ટનો ચુકાદો

સમય સાથે બદલાવું એ સમયની માંગ છે, તો એ જ પ્રગતિનો આધાર પણ છે. કોઈ પણ વિચાર કે રીતિ-નીતિ, દેશ-કાળ અને પરિસ્થિતિને અનુરૂપ અપનાવવાનાં રહે. હાલમાં આવેલ સુપ્રીમના ત્રણે ચુકાદાઓ ભૂતકાળને જ નહીં, ભવિષ્યને પણ લક્ષ્ય કરે છે. બંધારણને આગળ કરીને કોઈ પણ સરકાર જનહિતને નામે ખાનગી મિલકત પોતાના કબજામાં લઈ શકે કે કેમ એ અંગે અગાઉના ચુકાદામાં સરકાર કોઈ પણ ખાનગી સંપત્તિને જનહિતને નામે કબજે લઈ શકે, એવું હતું, પણ એ ચુકાદો મુખ્ય ન્યાયમૂર્તિની વડપણ હેઠળની બેન્ચે પલટાવ્યો છે. આ ચુકાદો ઐતિહાસિક છે અને સમાજવાદી વિચારને તેણે આયનો પણ બતાવ્યો છે. સુપ્રીમનો આ ચુકાદો સમાજવાદી અને વામપંથી વિચારકોને આંચકો આપનારો પણ છે, જે એમ માને છે કે ગરીબી અને અસમાનતા ત્યારે જ દૂર થઈ શકે જો સરકાર સંપત્તિનું વિતરણ કરવામાં સક્ષમ હોય અને એને એ અધિકાર હોય કે તે કોઈની પણ સંપત્તિ કબજે લઈ શકે છે. પોતાના ચુકાદાથી સુપ્રીમે એ પણ સ્પષ્ટ કરી દીધું છે કે ભારતીય શાસન વ્યવસ્થામાં સમાજવાદી રીત-રસમો અપનવવાનું જે કામ થયું તે નિરર્થક હતું. દુનિયાનો અનુભવ તો એ જ કહે છે કે જે દેશોએ લોકોની ભલાઈ માટે આત્યંતિક સમાજવાદી વિચારસરણી અપનાવી તેમને આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવાનો આવ્યો. એ ખરું કે સરકારો કેટલાક કિસ્સાઓમાં ખાનગી સંપત્તિઓ માટે દાવો કરી શકે, પણ દરેક ખાનગી સંપત્તિ માટે દાવો કરીને સરકાર તે સંપત્તિ આંચકી શકે નહીં એવું સુપ્રીમના આ નવા ચુકાદામાં છે.

સુપ્રીમના ૯ ન્યાયમૂર્તિઓની પીઠે ૭ વિરુદ્ધ ૨ની બહુમતીથી ચુકાદો આપ્યો છે. મુખ્ય ન્યાયમૂર્તિ ચંદ્રચૂડે એ જણાવ્યું કે બહુમતીએ ૧૯૭૮ના જસ્ટિસ કૃષ્ણા ઐયરના ચુકાદાને રદ ઠેરવ્યો છે, જેમાં જણાવાયું હતું કે જનહિત માટે સરકાર કોઇ પણ ખાનગી સંપત્તિ પોતાના કબજામાં લઈ શકે છે એ ચુકાદામાં ત્રુટિ હતી. એ ચુકાદો ખાનગી મિલકત પર સરકારનાં નિયંત્રણની તરફેણ કરતો હતો. એ ખરું કે જૂનું શાસન આર્થિક અને સમાજવાદી વિચારધારાથી પ્રેરિત હતું, પણ છેલ્લા ત્રણેક દાયકામાં ગતિશીલ આર્થિક નીતિથી ભારત ઝડપી અર્થવ્યવસ્થા બન્યું છે. આ ચુકાદા પછી સરકાર રિવ્યૂમાં જાય તો તેણે નવી પીઠનો સામનો કરવાનો થશે, કારણ મુખ્ય ન્યાયમૂર્તિ ચંદ્રચૂડ હવે નિવૃત્ત થયા છે. આ ચુકાદાના કેટલાંક પાસાંઓ માટે જે ખાસ ચર્ચા થઈ રહી છે તેમાં મુખ્ય બાબત એ છે કે આ ચુકાદો સરકારના અધિકારોને નિયંત્રિત કરે છે. કોર્ટનું કામ એ જોવાનું પણ કહેવાય છે કે દેશમાં એક આર્થિક લોકતંત્ર સક્રિય હોય. ખાનગી સંપત્તિઓ એ કોઈ ભૌતિક સંસાધનો નથી અને તેને આધારે સરકાર બળજબરીથી તેનો કબજો લઈ શકે નહીં. બંધારણની કલમ ૩૯(બી) સામુદાયિક સંપત્તિને જાહેર હિતોમાં વિતરણની વાત કરે છે. એનો અર્થ એવો નથી કે બધી જ ખાનગી સંપત્તિઓ સામુદાયિક સંપત્તિ તરીકે જોઈ શકાય. આ સંદર્ભે મુખ્ય ન્યાયમૂર્તિએ વધુ ફોડ પાડતા જણાવ્યું છે કે ખાનગી સંપત્તિ સાથે સંકળાયેલી ૧૬ અરજીઓ પર સુપ્રીમે ચુકાદો આપ્યો છે. આ ચુકાદાથી હવે એ શંકા પણ ન રહેવી જોઈએ કે શું સામુદાયિક સંપત્તિમાં જશે ને શું નહીં?

જેમાંનો બીજો એક એ છે કે સુપ્રીમે, યુપી બોર્ડ ઓફ મદરેસા એજ્યુકેશન એક્ટને માન્ય રાખીને સ્પષ્ટ કર્યું છે કે યુપીમાં ૧૬૦૦૦ મદરેસાઓમાં ભણતા ૧૭ લાખ વિદ્યાર્થીઓને સરકારી શાળાઓમાં મોકલવામાં નહીં આવે. સાથે જ સુપ્રીમે એ પણ જણાવ્યું છે કે મદરેસા એક્ટની જોગવાઈઓ મૂળભૂત અધિકારો કે બંધારણના મૂળભૂત માળખાનું ઉલ્લંઘન કરતી નથી. જોકે, સુપ્રીમ કોર્ટે એ જોગવાઈ પર પ્રતિબંધ મૂક્યો છે, જેમાં પીજી અને સંશોધનનો અભ્યાસક્રમ નક્કી કરવાનો અધિકાર હતો. એ અધિકાર મદરેસા બોર્ડને રહેશે નહીં ને તે ઉચ્ચ શિક્ષણનો અભ્યાસક્રમ કે પુસ્તકો નક્કી કરી શકશે નહીં. આ પ્રતિબંધ અનેક શંકા-કુશંકાઓનું નિવારણ કરે એવો છે.

૨૨ માર્ચ, ૨૦૨૪ને રોજ હાઈકોર્ટની લખનૌ બેન્ચે મદરેસાને ગેરબંધારણીય જાહેર કરી હતી અને યુપી સરકારને મદરેસાના બાળકોને સરકારી શાળાઓમાં મોકલવા જણાવ્યું હતું. એની સામે સુપ્રીમે રોકડું કર્યું છે કે મદરેસાના વિદ્યાર્થીઓને અન્ય શાળાઓમાં મોકલવાનો નિર્દેશ યોગ્ય નથી. દેશમાં ધાર્મિક શિક્ષણ ક્યારેય અભિશાપ રહ્યું નથી. વધુ એક ચુકાદો 'બુલડોઝર ન્યાય'ની વિરુદ્ધનો છે. ઉત્તરપ્રદેશના મહારાજગંજમાં ૨૦૧૯માં કોઈ પણ નોટિસ વગર બુલડોઝર ફેરવી દેવાની રાજ્ય સરકારની કાર્યવાહી સામે સુપ્રીમે ભારે નારાજગી વ્યક્ત કરતાં કહ્યું છે કે આમ રાતોરાત કોઈના પણ ઘર પર બુલડોઝર ફેરવી ન શકાય. સુપ્રીમે યુપી સરકારને એક મહિનામાં જવાબદાર અધિકારીઓ સામે પગલાં ભરવાની તાકીદ કરી છે. સાથે જ તમામ રાજ્યોને તોડફોડ માટેનાં દિશા નિર્દેશોનું પાલન કરવા પણ જણાવાયું છે. એ ખરું કે ગેરકાયદે બાંધકામો માટે જવાબદારો સામે કાર્યવાહી કરવા સરકારો મુક્ત છે, પણ તોડફોડ અંગે આપવામાં આવેલા દિશા નિર્દેશોનું ચુસ્તપણે પાલન થાય એ પણ જોવાનું રહે જ છે. ગેરકાયદે બાંધકામોનો બચાવ ન જ હોય, પણ કાયદેસર બાંધકામોને વેઠવું પડે એ પણ બરાબર નથી.

# રિવાઈઝડ બિનખેતી પરવાનગીની પ્રક્રિયા ત્વરિત અને પારદર્શી બનાવવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો મહત્વપૂર્ણ નિર્ણય

## ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં મહેસૂલી સેવા અને કાર્ય પદ્ધતિને વધુ સરળ બનાવવાના જનહિતકારી અભિગમથી એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ,તા.૨૦

કોઈપણ હેતુ માટે અગાઉ પ્રિમીયમ વસૂલ કરવાપાત્ર હોવા છતાં પ્રિમીયમ વસૂલ થયા વિના બીન ખેતી થયેલ હોય તેવી જમીન પુનઃ હેતુફેર માટે આવે ત્યારે પ્રવર્તમાન જંત્રી કિંમતના ૧૦ ટકા વસૂલ કરીને હેતુફેર N.A. કરી અપાશે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો મહેસૂલી સેવા અને કાર્ય પદ્ધતિ સરળતાનો જનહિતકારી અભિગમ. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં મહેસૂલી સેવા અને કાર્ય પદ્ધતિને વધુ સરળ બનાવવાના જનહિતકારી અભિગમથી એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

રાજ્યમાં કોઈ પણ હેતુ માટે અગાઉ N.A. થયેલી જમીનની કોઈપણ દરખાસ્ત પુનઃ હેતુફેર માટે જિલ્લા કલેકટર સમક્ષ રજૂ થાય ત્યારે જો પ્રિમીયમ વસુલાત પાત્ર હોય અને અગાઉના બિનખેતીના નિર્ણય વખતે પ્રિમિયમ વસૂલ કરવાનું રહી ગયું હોય તેવા કિસ્સામાં હાલ આવું પ્રિમીયમ પ્રવર્તમાન જંત્રી દરના ૩૦ ટકા પ્રમાણે વસૂલ કરવાની પ્રથા અમલમાં છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ આ સંદર્ભમાં સમાજના વિવિધ વર્ગો દ્વારા થયેલી રજૂઆતોનો સકારાત્મક પ્રતિસાદ આપતાં તેમણે મહેસુલ વિભાગને દિશા નિર્દેશો આપ્યા છે.

તદઅનુસાર, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એવો નિર્ણય કર્યો છે કે, ભૂતકાળમાં પ્રતિબંધિત સત્તા પ્રકાર અને નવી અને અવિભાજ્ય શરતની જમીનમાં પ્રિમીયમની રકમ વસુલવાપાત્ર હતી પણ તે રકમ વસુલ લીધા વિના બિનખેતી પરવાનગી આપવામાં આવેલ છે તેવી જમીનમાં હાલના અરજદાર/ કબ્જેદાર પાસેથી પ્રવર્તમાન જંત્રી કિંમતના ૧૦% પ્રિમીયમની રકમ વસુલ કરીને રીવાઈઝ્ડ બિનખેતીની પરવાનગી આપવાની રહેશે.

મુખ્યમંત્રીના આ નિર્ણયને પરિણામે રાજ્યમાં રિવાઈઝડ બિન ખેતી પરવાનગીની પ્રક્રિયામાં પારદર્શિતા તથા ત્વરિતતા આવશે તેમજ રિડેવલપમેન્ટ પ્રક્રિયાને પણ વેગ મળશે.

# નવી પદ્ધતિમાં રેશનિંગ દુકાનદારો ઈ-પ્રોફાઈલ નહીં બનાવી શક્યા

ગાંધીનગર,તા.૨૦

પુરવઠા વિભાગ દ્વારા ૧૪ નવેમ્બરથી ભૂતિયા રેશનિંગ દુકાન સંચાલકોને નાથવા ઈ-પ્રોફાઈલ બાદ જ વિતરણ વ્યવસ્થા થઈ શકે તેવી નવી પદ્ધતિનો અમલ શરૂ કરી દેતા રાજ્યની કેટલીક દુકાનના સંચાલકો ઈ-પ્રોફાઈલની તમામ વિગતો તૈયાર ન કરી શકતા તેઓ લોગ ઈન કરી નહીં શકતા હોવાની સમસ્યા સર્જાઈ છે. તેના કારણે ગ્રાહકોને અનાજ વિતરણ કરી શકાતું નહીં હોવાથી સંચાલકોને થોડો સમય આપવા માગણી કરાઈ છે.પુરવઠા વિભાગની નવી પદ્ધતિના કારણે ભૂતિયા સંચાલકો પર અંકુશ આવી શકતો હોવાથી તેને આવકારવામાં આવી છે. જો કે દુકાનદાર નેશનલ બેંકનું એકાઉન્ટ અને આધાર કાર્ડ સાથેનું પાન કાર્ડ અપડેટ કરાવીને ઈ-પ્રોફાઈલ સબમિટ કરાવે તો જ તેના લોગ ઈન અને થમ્બથી સિસ્ટમ કાર્યરત થઈ શકે છે. તે સાથે જો કોઈ રેશનિંગની દુકાન સહકારી મંડળી થકી સંચાલિત હોય તો દુકાનદાર સંચાલકના નહીં પણ સહકારી મંડળીના ચેરમેન કે સેક્રેટરીના નામનું આધાર કાર્ડ અને પાન કાર્ડ આપીને સહકારી મંડળીના નામનું પાન કાર્ડ બનાવીને તેને ઈ-પ્રોફાઈલમાં અપડેટ કરાવાનું અનિવાર્ય છે.

# ભારતની પ્રથમ ઓનલાઈન કોર્ટ કેરળના કોલ્લમમાં શરૂ થઈ




કોલ્લમ (કેરળ) તા.૨૦

દેશની પ્રથમ ૨૪ કલાકની ઓનલાઈન કોર્ટ કેરળના કોલ્લમમાં શરૂ કરવામાં આવી છે. ૨૦ નવેમ્બર, બુધવારથી આ કોર્ટમાં કેસોની સુનાવણી થશે. સેટલમેન્ટ એક્ટ હેઠળ કોર્ટમાં ચેકના કેસની પણ સુનાવણી થશે. કોર્ટની સૌથી મોટી વિશેષતા એ છે કે સુનાવણી ૨૪ કલાક થશે. કોર્ટમાં એક મેજિસ્ટ્રેટ અને ત્રણ કર્મચારીઓ હશે. કોર્ટમાં ગમે ત્યાંથી ઓનલાઈન કેસ દાખલ કરી શકાય છે. કોર્ટની વેબસાઈટ પર નિયત ફોર્મ ભરીને કેસ ઓનલાઈન કરવાનો રહેશે. કોર્ટના કામકાજ અંગે કોલ્લમ બાર એસોસિએશન હોલમાં સોમવારે વકીલો અને કારકુનોને તાલીમ આપવામાં આવશે. સામાન્ય કોર્ટમાં ચાલતી કોર્ટ બિલ્ડીંગમાં કોઈ પ્રવૃતિ થશે નહીં, કેસ દાખલ કરનાર વ્યક્તિ કે વકીલોએ વ્યક્તિગત રીતે કોર્ટમાં હાજર રહેવાની જરૂર રહેશે નહીં. કેસની દલીલ, સુનાવણી અને નિર્ણય સહિતની સમગ્ર પ્રક્રિયા ઓનલાઈન કરવામાં આવશે. પત્રો માત્ર ઓનલાઈન પોલીસ સ્ટેશનોને મોકલવામાં આવશે. આરોપી અને કેસ દાખલ કરનાર બંનેએ માત્ર ઓનલાઈન જ અરજી કરવાની રહેશે. ઓનલાઈન અપલોડ કરેલા દસ્તાવેજોનો ઉપયોગ કરીને જામીન મેળવી શકાય છે. કોર્ટ ફી ઈ-પેમેન્ટ દ્વારા ભરવાની રહેશે. અહીં કેસ ફાઈલ કરનારાઓ અને વકીલો કોર્ટની કાર્યવાહીમાં સીધા ભાગ લઈ શકે તે માટે એક પ્રક્રિયા તૈયાર કરવામાં આવી છે. આ ડિજિટલ કોર્ટ આ મહિનાની ૨૦ તારીખથી કોલ્લમ જિલ્લાની ચાર કોર્ટમાં સમાન કેસની સુનાવણી કરશે. આ ડિજીટલ કોર્ટની કામગીરી જોઈને વધુ જિલ્લાઓમાં પણ આવી અદાલતો શરૂ કરવાની યોજના બનાવવામાં આવી રહી છે. હાઈકોર્ટ ઓડિટોરિયમમાં આ વર્ષે ૧૭ ઓગસ્ટે ઓનલાઈન કોર્ટનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં મુખ્યમંત્રી પિનરાઈ વિજયન પણ હાજર રહ્યા હતા. કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરતાં જસ્ટિસ બીઆર ગવઈએ કેરળની પહેલની પ્રશંસા કરી હતી.

તેમણે કહ્યું કે દેશમાં કોવિડ રોગચાળા દરમિયાન લોકડાઉનના ૪૮ કલાકની અંદર સુપ્રીમ કોર્ટે ઓનલાઈન સુનાવણી શરૂ કરી હતી. "તેથી, આ ટેક્નોલોજી લાખો ભારતીય નાગરિકોને મદદ કરશે," તેમણે ઉમેર્યું હતું કે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કરવામાં સક્ષમ ન હોવાને કારણે કોઈને ન્યાયથી વંચિત ન રહેવું જોઈએ. આપણે બધાએ જોયું છે કે ટેક્નોલોજીનો ઉપયોગ કરીને દેશના કોઈપણ ખૂણેથી લોકો સુપ્રીમ કોર્ટમાં હાજર થઈ શકે છે. મને ખાતરી છે કે આ ટેક્નોલોજી પણ ઘણા લોકોને મદદ કરશે. આનાથી અમને બધા માટે સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાયનું અમારું સ્વપ્ન સિદ્ધ કરવામાં મદદ મળશે.

# સશસ્ત્ર સેના ધ્વજ દિન નિમિત્તે જવાનોના લાભાર્થે "ફૂલ નહીં તો ફૂલની પાંખડીરૂપે" ભંડોળ આપવા નાગરિકોને અપીલ કરતા કલેક્ટર પ્રભવ જોશી

## સાતમી ડિસેમ્બરે સશસ્ત્ર સેના ધ્વજ દિવસની ઉજવણી નિમિત્તે મોદી સ્કૂલે રૂા. ૨ લાખ તથા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, રાજકોટે રૂા.૯૧ હજારનો ફાળો આપ્યો



(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૨૦

દેશમાં દર વર્ષ ૭મી ડિસેમ્બરે ''સશસ્ત્ર સેના ધ્વજ દિન'' ઉજવવામા આવે છે. દેશની સુરક્ષા માટે પોતાનુ જીવન સમર્પિત કરનારા વીર સૈનિકો અને તેઓના પરિવારજનોનું આ દિવસે અભિવાદન કરવામાં આવે છે. ત્યારે રાજકોટ જિલ્લા કલેકટર પ્રભવ જોશીએ કલેકટર કચેરી ખાતે સશસ્ત્ર સેના ધ્વજ દિન નિમિત્તે ફાળો એકત્ર કરવા જિલ્લાના અધિકારીઓને અપીલ કરી હતી. આ અવસરે સેવારત અને નિવૃત સૈનિકો તેમજ તેમના પરિવાર માટે ભંડોળ એકત્ર કરવાની સાથે પોતાનું યોગદાન આપનાર જવાનોને પ્રમાણપત્ર પાઠવી સન્માનિત પણ કરાયા હતા. સેવારત, નિવૃત્ત સૈનિકો તેમજ સૈનિક પરિવારો માટે ફૂલ નહીં તો ફૂલની પાંખડીરૂપે ભંડોળ આપવા જિલ્લા કલેકટરએ રાજકોટ જિલ્લાવાસીઓને પણ આ તકે અપીલ કરી હતી. આ તકે જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરીયા, મેયર નયનાબેન પેઢડીયા, ધારાસભ્યઓ દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા સહિત મહાનુભાવો તેમ જ અધિકારીઓએ સશસ્ત્ર સેનાના જવાનો અને તેમના પરિજનોને સન્માનિત કર્યા હતા. આ દિવસે નાગરિકો, સરકારી અને અર્ધ સરકારી કચેરીઓ, ઓધ્યોગિક એકમો, ખાનગી ક્ષેત્રો તેમજ શૈક્ષણિક સંસ્થાઓ પાસેથી દાન સ્વરૂપે ભંડોળ એકત્રીત કરવામાં આવે છે અને આ એકત્રિત થયેલ ભંડોળ માભોમની રક્ષા કાજે દેશની સરહદો ખાતે રાત દિવસ ખડે પગે વિષમ પરિસ્થિતિમાં ખડે પગે દેશનું રક્ષણ કરતા આપણા વીર જવાનો, શહીદ જવાનોના પરિવારજનો, ઘવાયેલા સૈનિકો, સ્વ. સૈનિકોના ધર્મપત્નીઓ, તેઓના આશ્રિતો તથા પૂર્વ સૈનિકોની કલ્યાણકારી કામગીરી અર્થે ઉપયોગમાં લેવામાં આવે છે. સશસ્ત્ર સેના ધ્વજદિન ફાળાની અકત્રીત થયેલ રકમ કલેકટર અને પ્રમુખ, એએફએફડી ફંડ એકાઉન્ટ, રાજકોટના નામનો ડ્રાફ્ટ/ચેક તા.૧૫/૦૩/૨૦૨૫ પહેલા જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી C/O માજી સૈનિક આરામ ગૃહ પોલીસ હેડ ક્વાર્ટરની સામે રાજકોટ મોકલી આપવા જણાવ્યું છે. અથવા "કલેકટર અને પ્રમુખ, એએફએફડી ફંડ, રાજકોટના સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ખાતા નંબર ૩૩૮૧૪૩૩૧૫૫૮ રેસકોર્ષ રોડ બ્રાંચ રાજકોટ(IFSC Code: SBIN0060292)માં સીધા કોર બેંકીંગ/નેટ બેંકીંગ/પેટીએમ/ ગૂગલ પે/ભીમ એપ દ્વારા પણ જમા કરાવી અને પરિવારો માટે આર્થિક સહયોગ કરવા નાગરિકોને અપીલ કરવામાં આવી છે.

# ભાણવડના નવાગામ ખાતે રક્તદાન કેમ્પ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૦

રકતદાન એ જ મહાદાન સૂત્રને સાર્થક કરવા અને દેવભૂમિ દ્વારકા જિલ્લાની સરકારી હોસ્પિટલમાં રકતની અછતને ધ્યાને લઈને ભાણવડ તાલુકાના આરોગ્ય વિભાગના મોરઝર કેન્દ્રની, નવાગામ આયુષ્માન કેન્દ્રની ટીમ સાથે નવાગામ સરપંચ અને ગ્રામજનોને સાથે લઈને સંકલ્પ ગ્રુપ દ્વારા રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૭ બોટલ રક્ત એકત્ર થયું હતું. આ કેમ્પમાં રક્તદાતાઓ માટે પ્રોત્સાહક ભેટ માટે ભાણવડના ડો. રાબડીયા દ્વારા અને પ્રશસ્તિપત્ર માટેનો સહયોગ ડો. નિશિત મોદી દ્વારા સાંપડ્યો હતો. અહીં એકત્ર થયેલું રક્ત ખંભાળિયાની સિવિલ હોસ્પિટલની બ્લડ બેંકમાં આપવામાં આવ્યું હતું. આ સાથે ડાયાબીટીસ ડે નિમિતે વિના મૂલ્યે તપાસ, નિદાન અને સારવાર પણ આયુષ્માન આરોગ્ય કેન્દ્રની ટીમ દ્વારા કરવામાં આવી હતી. આ કેમ્પનું આયોજન સંકલ્પ ગ્રુપના સહયોગથી થયું હતું. આ ગ્રુપ છેલ્લા બે વર્ષથી ભાણવડ તાલુકામાં રક્તદાન માટે કાર્યરત છે અને એના તમામ સભ્યો નામ, સન્માન વિના આ ગ્રુપમાં સેવાનું કાર્ય કરી રહ્યા છે. આ પ્રસંગે લોકોને વધુમાં વધુ રક્તદાન કરી અન્યને પ્રેરણા આપે તે માટે ભાણવડ તાલુકા આરોગ્ય કચેરી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# વધુ એક ફ્રોડ : દ્વારકાની હોટલના નામ જેવી ફેક વેબસાઈટ બનાવીને ચીટીંગ કરતા ગઠિયાઓ સામે ફરિયાદ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૦

દ્વારકા પંથકમાં હોટેલ વ્યવસાયના વધતા જતા વ્યાપ વિસ્તાર અને લોકપ્રિયતા વચ્ચે અગાઉ જાણીતી હોટલોના નામની ફેક આઈડી અને વેબસાઈટ બનાવીને ઓનલાઈન બુકિંગ કરી, અહીં આવતા યાત્રાળુઓ સાથે છેતરપિંડી થયાના અનેક બનાવ પ્રકાશમાં આવ્યા હતા. આ વચ્ચે ગઈકાલે વધુ એક ફરિયાદ દ્વારકાની એક હોટલના માલિક દ્વારા અજાણ્યા શખ્સો સામે સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે. આ સમગ્ર બનાવ અંગે દ્વારકામાં જોધા માણેક ચોક વિસ્તારમાં રહેતા અને હોટલ શ્રીદર્શન નામથી એક હોટલ ધરાવતા મુકેશભાઈ ડાયાલાલ ઘઘડા (ઉ.વ. ૬૦) એ અજાણ્યા શખ્સો સામે અહીંના સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં જાહેર કરેલી વિગત મુજબ કોઈ અજાણ્યા શખ્સોએ સુવ્યવસ્થિત રીતે કાવતરૂ રચી અને તેમની હોટેલના નામની વેબસાઈટ જેવી ફેક વેબસાઈટો બનાવી, અને તેનો ઈન્ટરનેટના માધ્યમથી દુરુપયોગ કરી, આ ફેક વેબસાઈટ ગૂગલ સર્ચ પર અપલોડ કરી હતી. જેથી ફરિયાદી મુકેશભાઈની હોટલના નામે આરોપીઓએ પોતાના ફોન નંબરનો ઉપયોગ કરી, દ્વારકા દર્શનાર્થે આવતા અલગ અલગ દર્શનાર્થીઓ તથા પ્રવાસીઓ સાથે હોટેલ બુકિંગના નામે ઓનલાઈન રૂપિયા ટ્રાન્સફર કરાવી લીધા હતા. આ રીતે હોટેલ શ્રીદર્શનના નામનો દુરુપયોગ કરી, અને અહીં આવતા દર્શનાર્થીઓ તથા પ્રવાસીઓ ઉપરાંત હોટેલના માલિક સાથે પણ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરવામાં આવી હોવાનું આ પોલીસ ફરિયાદમાં જાહેર થયું છે.

આ સમગ્ર પ્રકરણ અંગે સાયબર ક્રાઈમ પોલીસે ભારતીય ન્યાય સંહિતા તેમજ આઈ.ટી. એક્ટની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ વી.કે. કોઠીયા દ્વારા હાથ ધરવામાં આવી છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

એકવાર આપીને ભૂલી જાવ પરંતુ લઈને કદાપી ન ભૂલો...

- અજ્ઞાત

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.તીર-૧૩૯૪, મુ. જમાદુલ અવ્વલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, કારતક વદ-૫, તા.૨૦ નવેમ્બર ૨૦૨૪, બુધવાર, પારસી તા.૮, મુસ્લિમ તા.૧૭, પુનર્વસુ નક્ષત્ર, શુભ યોગ, ગર કરણ, સૂ.ઉ.૭:૦૯, સૂ.અ.૬:૦૫

આજનો દિવસ મધ્યમ છે.


આજે જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ), સવારે ૮:૪૬ ક. પછી જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: મહત્વના કાર્યો કરી શકશો, મનની મુરાદ બર આવે.
વૃષભ: પ્રિયજનનો વિરહ વેઠવો પડે, અટકી-અટકીને કાર્ય સફળ થાય.
મિથુન: જીવનસાથી સાથે વાણીઘર્ષણ થાય, આર્થિકલાભની તક સાંપડે.
કર્ક: દરેક પ્રકારના કાર્યમાં સફળતા મેળવી શકશો. મન પ્રફુલ્લિત રહે.
સિંહ: નવું આર્થિક રોકાણ ન કરવું હિતાવહ, હિતશત્રુઓથી સાવધ રહેવું.
કન્યા: મનમાં ગુપ્ત ચિંતા સતાવે, મહત્વની કામગીરીમાં રૂકાવટ આવે.
તુલા: અણગમતા કાર્યો ફરજીયાત કરવા પડે, માનસિક અશાંતના ભોગ બનવું પડે.
વૃશ્ચિક: મહત્વની સમસ્યા હલ થઈ જાય, આકસ્મિક પ્રવાસ થાય.
ધન: મહત્વના કાર્યને મુલત્વી રાખવું પડે તેવી પરિસ્થિતિ સર્જાય.
મકર: ગમેતેવી અડચણો વચ્ચે પણ કાર્ય સફળ થાય, મનમાં આનંદ-ઉત્સાહ વધે.
કુંભ: કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં સફળતા મળે. આકસ્મિક કાર્ય, સફળતાના યોગ છે.
મીન: વ્યર્થ વાદ-વિવાદ ટાળવો હિતાવહ, આરોગ્ય અંગે સાવચેતી રાખવી.

# ગલ્ફ અને સિંગાપોર કરતાં ભારતમાં સોનું કેમ સસ્તું થયું છે ?

## સંયુક્ત આરબ અમીરાત, કતાર, ઓમાન અને સિંગાપોર જેવા કેટલાક પરંપરાગત સોનું ખરીદવાના સ્થળો કરતાં ભારતમાં સોનાના ભાવ સસ્તા થયા છે



મુંબઈ તા.૨૦

તહેવારોની સિઝન માટે અને લગ્ન સમયે સોનું ખરીદવા જઈ રહ્યા હોય ત્યારે કલ્પના કરો કે ભારતમાં સોનાના ભાવ હવે ગલ્ફ અથવા તો સિંગાપોર કરતાં સસ્તા છે તો તમને તે આશ્ચર્યજનક લાગશે. આ ચળકતી ધાતુ, ઘણીવાર 'સેફ હેવન' ધાતુ તરીકે ઓળખાય છે. સોના ઝવેરાતના ઉત્સાહીઓ અને રોકાણકારો આશ્ચર્ય પામી રહ્યા છે કે પરંપરાગત સોનાની ખરીદીના મુખ્ય કેન્દ્રો ઉપર તેની કિંમતો અચાનક વધુ મોંઘી કેમ થઈ રહી છે. સંયુક્ત આરબ અમીરાત, કતાર, ઓમાન અને સિંગાપોર જેવા કેટલાક પરંપરાગત સોનું ખરીદવાના સ્થળો કરતાં ભારતમાં સોનાના ભાવ સસ્તા બન્યા છે. ૧૬ નવેમ્બરના રોજ ભારતમાં **24K** સોનાની કિંમત ૭૫,૬૫૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ હતી, જે આગલા દિવસની સરખામણીએ ૧૧૦ રૂપિયાનો ઘટાડો છે. **22K** વેરાયટીની કિંમત ૬૯,૩૫૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ છે, જ્યારે **18K** સોનાની કિંમત ૫૬,૭૪૦ રૂપિયા છે. દરમ્યાન ઓમાનમાં, **24K** સોનાની કિંમત ૨૨૦ રૂપિયા વધીને ૭૫,૭૬૩ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ છે, અને કતારમાં, તે ૧૦ ગ્રામ દીઠ રૂપિયા ૭૬,૨૯૩ ઉપર પહોંચી ગઈ છે. ભારતમાં સોનાના ઘટતા ભાવ અને ગલ્ફ રાષ્ટ્રો અને સિંગાપોરમાં વધતા ભાવ વચ્ચેનો આ વિરોધાભાસ ઘણા મુખ્ય પરિબળોથી પ્રભાવિત પ્રાદેશિક તફાવતોને દર્શાવે છે.

**ભારતમાં કિંમતો કેમ ઘટી રહી છે?**

**૧. વૈશ્વિક સોનાના વલણો :** વૈશ્વિક સ્તરે સોનામાં ત્રણ વર્ષમાં સૌથી વધુ સાપ્તાહિક ઘટાડો જોવા મળ્યો છે. યુ.એસ.માં સ્પોટના ભાવમાં ૪.૫%નો ઘટાડો થયો છે, જે ટ્રોય ઔંસ દીઠ આશરે **$2,563.25**ના બે મહિનાની નીચી સપાટીએ ટ્રેડ થઈ રહ્યો છે. આ મંદી યુ.એસ.ના મજબૂત આર્થિક ડેટા દ્વારા પ્રેરિત છે, જે લાંબા સમય સુધી ઉચ્ચ ટ્રેઝરી ઉપજ અને મજબૂત ડોલરની અપેક્ષાઓ તરફ દોરી જાય છે. મજબૂત ડોલર વૈશ્વિક માંગને દબાવીને આંતરરાષ્ટ્રીય ખરીદદારો માટે સોના જેવી ડોલર-કિંમતવાળી કોમોડિટીને વધુ મોંઘી બનાવે છે.

**૨. ભારતમાં માંગ અને પ્રિમીયમ :**

ભારતમાં, ભૌતિક સોનાની માંગ વધી રહી છે, જેમ કે આ અઠવાડિયે સોના ઉપર પ્રીમિયમ વધીને **$16** પ્રતિ ઔંસ થઈ ગયું છે, જે ગયા અઠવાડિયે ઈ૩થી વધુ છે. સંભવતઃ ચાલી રહેલી લગ્નની સિઝન અને તહેવારોની ખરીદીને કારણે આ છૂટક ખરીદી વધી રહી છે. આ વધતી જતી માંગ છતાં, સોનાના ભાવ સપ્ટેમ્બરના ઉચ્ચ સ્તરેથી નીચે આવી રહ્યા છે, જેના કારણે આ કિંમતી ધાતુ ભારતીય ગ્રાહકો માટે વધુ સુલભ બની છે.

**૩. વૈશ્વિક આર્થિક સૂચકાંકો :**

યુ.એસ.માં આર્થિક સ્થિતિસ્થાપકતાએ વ્યાજદરોને ઊંચા રાખીને ફેડરલ રિઝર્વ દ્વારા દરમાં કાપની સંભાવનાને ઘટાડી દીધી છે. આનાથી સોનાના ભાવમાં વૈશ્વિક ઘટાડો થયો છે, જે હવે ભારતના સ્થાનિક બજારમાં પ્રતિબિંબિત થાય છે.

**ગલ્ફ અને સિંગાપોરમાં કિંમતો કેમ વધારે છે?**

**૧. ભૌગોલિક રાજકીય તણાવ :** મધ્ય પૂર્વમાં, ખાસ કરીને ઈઝરાયેલ અને ગાઝામાં વધતા તણાવને કારણે સુરક્ષિતહેવન એસેટ તરીકે ઓળખાતી આ ધાતુ સોનાની માંગમાં વધારો થયો છે. આનાથી ગલ્ફ દેશોમાં કિંમતોમાં વધારો થયો છે, જ્યાં અનિશ્ચિતતાના સમયગાળા દરમ્યાન સોનાની માંગ ઘણી વખત વધે છે.

**૨. પ્રાદેશિક માંગની ગતિશીલતા :** કતાર અને ઓમાન જેવા દેશોમાં રિટેલ અને સંસ્થાકીય માંગમાં વધારો થવાને કારણે સોનાના ભાવમાં વધારો થયો છે. અસ્થિર સમય દરમ્યાન સુરક્ષિત રોકાણ તરીકે સોના માટેની આ પ્રદેશની પરંપરાગત પસંદગી ઊંચા ભાવને સમર્થન આપે છે.

**૩. ખરીદી :** આ ધાતુની ખરીદી પણ ભૂમિકા ભજવે છે. સ્થાનિક બજારની સ્થિતિ, કર અને લોજિસ્ટિક્સ સોનાના ભાવને અસર કરી શકે છે, જે આવી અસમાનતા તરફ દોરી જાય છે. વિશ્વભરમાં સોનાના ભાવમાં ઓક્ટોબરમાં રેકોર્ડ ઉંચી સપાટીએ પહોંચ્યા બાદ હવે તીવ્ર ઘટાડો જોવા મળ્યો છે, જે છેલ્લા મહિનામાં ૭% ઘટી ગયો છે. સેન્ટ્રલ બેંકની ખરીદીઓ અને ચાલુ ભૌગોલિક રાજકીય જોખમો સાથે સોનું વાર્ષિક ૨૪% ઝડપે વધે છે. વેપારીઓ હવે ફેડરલ રિઝર્વની ડિસેમ્બરની બેઠક ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે, જે ભવિષ્યની નાણાકીય નીતિ અંગે સ્પષ્ટતા પ્રદાન કરી શકે છે. આર્થિક મંદીના કોઈપણ સંકેતો અથવા દરો હળવા થવાથી વૈશ્વિક સ્તરે સોનાના ભાવને ટેકો મળી શકે છે, અને સંભવિતપણે વર્તમાન મંદીના વલણ પછી તેના ભાવ વધી શકે છે.

### હવે જો કોઈ હોસ્પિટલ PMJAY અંતર્ગત કેમ્પ કરશે તો સસ્પેન્ડ થશે

# PMJAYમાં ચાલતી લાલિયાવાડી બંધ કરવા માટે સરકાર મેડિકલ કેમ્પ અંગે નવી SOP બનાવશે

## ખ્યાતિ હોસ્પિટલ કાંડની તપાસ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને સોંપાઈ

અમદાવાદ, તા.૨૦

હાલ અનેક હોસ્પિટલોમાં **PMJAY** યોજનામાં ચાલતી લાલિયાવાડી સામે આવી છે. ત્યારે આ લાલિયાવાડીને બંધ કરવા સરકાર ગંભીર બની છે ભવિષ્યમાં આ પ્રકારની ઘટનાનું પુનરાવર્તન ન થાય તે માટે રાજ્યમાં કોમર્શિયલ, ચેરિટી કે ખાનગી એજન્સીઓ દ્વારા યોજાતા મેડિકલ કેમ્પ અંગે સરકાર નવી **SOP** બનાવશે. હવે જો કોઈ હોસ્પિટલ **PMJAY** યોજના અંતર્ગત મેડિકલ કેમ્પ કરશે તો તે ઓટોમેટિક સસ્પેન્ડ થઈ જશે. તો બીજી તરફ ખ્યાતિકાંડ સર્જાયાના ૭ દિવસ બાદ પણ એક જ આરોપી ઝડપાયો હોય વસ્ત્રાપુર પોલીસ પાસેથી તપાસ આંચકી અમદાવાદ ક્રાઈમ બ્રાંચને સોંપી દેવામાં આવી છે. જે ચાર આરોપીઓ ફરાર છે તેઓની સામે રેડકોર્નર નોટિસ ઈસ્યૂ કરવાની પણ પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. ખ્યાતિકાંડ સામે આવ્યા બાદ **PMJAY** યોજનામાં ખાનગી હોસ્પિટલો કઈ રીતે દર્દી અને સરકાર સાથે 'રમત' રમી રહી છે તે પણ બહાર આવ્યું છે. ભવિષ્યમાં આ પ્રકારનો બનાવ ફરી ન બને તે માટે સરકારે મેડિકલ કેમ્પને લઈ **SOP** બનાવવાનો નિર્ણય કર્યો છે. પીએમજેએવાય યોજના અંતર્ગત હવે જો કોઈ હોસ્પિટલ મેડિકલ કેમ્પ કરશે તો ઓટોમેટિક સસ્પેન્ડ થશે. સરકાર દ્વારા મેડિકલ કેમ્પ અંતર્ગત એસઓપી બનાવવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. કોમર્શિયલ કે ચેરિટી કે ખાનગી એજન્સીઓ દ્વારા યોજાતા મેડિકલ કેમ્પ અંગે પણ સરકાર નવી એસઓપી બનાવશે. ખ્યાતિકાંડમાં પોલીસ દ્વારા દર્દીના મેડીકલ ડોક્યુમેન્ટ અને સીડીઓ કબજે કરી હતી. પરંતુ, મેડીકલનો વિષય હોય પોલીસને વધુ સમજણ ન પડતી હોય મદદ માટે આરોગ્ય વિભાગ પાસે તબીબોની માગણી કરવામાં આવી હતી. તે મુજબ આરોગ્ય વિભાગ દ્વારા ખ્યાતિકાંડની તપાસ માટે ૩ કાર્ડિયોલોજિસ્ટ સહિત ચાર તબીબોની ફાળવણી કરી છે. ખ્યાતિકાંડ મામલે પોલીસ દ્વારા ડો.પ્રશાંત વઝીરાણીની ધરપકડ કરી લેવામાં આવી છે. જે હાલ રિમાન્ડ ઉપર છે. ડો.વઝીરાણી ખ્યાતિ હોસ્પિટલ ઉપરાંત અન્ય જે પણ **PMJAY** હોસ્પિટલ સાથે સંકળાયેલા હશે એ હોસ્પિટલ ઉપર પણ તવાઈ બોલાવાશે. રેકોર્ડની ચકાસણી માટે સૂચના આપી દેવામાં આવી છે. વસ્ત્રાપુર પોલીસ પાસેથી તપાસ આંચકી ક્રાઈમબ્રાંચને સોંપવામાં આવી ખ્યાતિકાંડ સર્જાયા બાદ ત્રણ તબીબો સહિત પાંચ સામે પોલીસ ફરિયાદ નોંધાવામાં આવી હતી. ત્યારબાદ આ મામલાની તપાસ અમદાવાદની વસ્ત્રાપુર પોલીસ કરી રહી હતી. સાત દિવસ બાદ પણ ચાર આરોપીઓ હજી પોલીસ પકડથી દૂર છે. ત્યારે અમદાવાદ પોલીસ કમિશનર દ્વારા હવે આ મામલાની તપાસ ક્રાઈમ બ્રાંચને સોંપવાનો આદેશ કર્યો છે. જો ચાર આરોપીઓ સમયસર હાજર ન થાય તો તેની સામે રેડકોર્નર નોટિસ ઈસ્યૂ કરવાની પણ પોલીસે તૈયારી કરી હોવાનું પોલીસ કમિશનરે જણાવ્યું હતું.

# ૫૦% વિદ્યાર્થીઓને સમાવવા માટે ભારતને ૨,૫૦૦ યુનિવર્સિટીઓની જરૂર છે : નીતિ આયોગના CEO

(એજન્સી) તા.૨૦

નીતિ આયોગના **CEO BVR** સુબ્રહ્મણ્યમના જણાવ્યા અનુસાર, ભારતે ઉચ્ચ શિક્ષણની વધતી માંગને પહોંચી વળવા માટે તેની યુનિવર્સિટીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો કરવાની જરૂર છે. ઈન્ડિયન સ્કૂલ ઑફ બિઝનેસ **(ISB)** ખાતે તેમણે ઉચ્ચ શિક્ષણમાં ૫૦% લાયક વિદ્યાર્થીઓની નોંધણી કરવા માટે યુનિવર્સિટીઓની સંખ્યા બમણી કરીને ૨,૫૦૦ કરવાની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો હતો. હાલમાં, ભારતમાં માત્ર ૧,૨૦૦ યુનિવર્સિટીઓ છે, જે વિદ્યાર્થી વય જૂથના માત્ર ૨૯% સમાવી શકે છે, જે લક્ષ્ય કરતાં ઘણી ઓછી છે. સુબ્રહ્મણ્યમે જણાવ્યું હતું કે ગુણવત્તાયુક્ત શિક્ષણની વધતી માંગને પહોંચી વળવા માટે સંસ્થાઓની સંખ્યા અપૂરતી છે. તેમણે નિર્દેશ કર્યો કે, ઓછામાં ઓછા ૫૦% વિદ્યાર્થીઓ કોલેજોમાં હોવા જોઈએ. આપણે દેશમાં કોલેજો અને યુનિવર્સિટીઓને બમણી કરવાની જરૂર છે. દેશને ૨,૫૦૦ યુનિવર્સિટીઓની જરૂર છે. હાલની સંસ્થાઓ ઉચ્ચ ધોરણોને પૂર્ણ કરી શકતી નથી, તેમ છતાં આ સંખ્યામાં તીવ્ર વધારો જરૂરી છે. તેમણે એ પણ સૂચન કર્યું હતું કે સમગ્ર ભારતમાં શિક્ષણ જે રીતે પૂરૂ પાડવામાં આવે છે તેમાં પ્રણાલીગત ફેરફારોની જરૂરિયાતને પ્રતિબિંબિત કરતી ઍક્સેસ અને ગુણવત્તાને સુનિશ્ચિત કરવા માટે શૈક્ષણિક વિતરણ પદ્ધતિઓ વિકસિત કરવાની જરૂર પડી શકે છે. શિક્ષણની ગુણવત્તામાં સુધારો કરવા સાથે સંસ્થાઓની સંખ્યામાં વધારો કરવો, એ ભારતના યુવાનો માટે તકો પૂરી પાડવા અને સતત વધતી જતી વિદ્યાર્થી વસ્તીની માંગને પહોંચી વળવા માટે નિર્ણાયક બનશે. યુનિવર્સિટીઓના વિસ્તરણને ભારતના કાર્યબળને સુધારવા અને તેના આર્થિક ભાવિને ટેકો આપવા માટે એક આવશ્યક પગલા તરીકે જોવામાં આવે છે.

# સરકાર સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ૧ ૨.૫ લાખ ઉપરાંતના ઉમેદવારોને મદદ કરવા તૈયાર છે

નવી દિલ્હી તા.૨૦

શિક્ષણ મંત્રાલયે સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં અસમાનતા અને કોચિંગ અવલંબનને દૂર કરવા માટે ૨૦૨૯ સુધીમાં ૧૨.૫ લાખ ઉમેદવારોને મદદ કરવાનું લક્ષ્ય રાખ્યું છે. આ પહેલ ઉચ્ચ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે વિદ્યાર્થીઓની તૈયારીને વધારવા માટે સંરચિત સંસાધનો અને લક્ષિત અભ્યાસ યોજનાઓ પ્રદાન કરશે. સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી રહેલા વિદ્યાર્થીઓ માટે એક સારા સમાચાર છે. સરકાર એક એજન્ડા રજૂ કરવાની યોજના બનાવી રહી છે જે ખાનગી કોચિંગ ઉપર વિદ્યાર્થીઓની વધુ પડતી નિર્ભરતા ઘટાડશે જે ઘણી વખત ઓછી આવક ધરાવતા લોકો માટે અવરોધો બનાવે છે. આ પગલા સાથે સરકાર ૨૦૨૯ સુધીમાં ૧૨.૫ લાખ ઉમેદવારોને મદદ કરવા તૈયાર છે. પહેલનો હેતુ મફત ડિજિટલ સંસાધનો, **AI** આધારિત લર્નિંગ ટૂલ્સ પ્રદાન કરવાનો છે અને પરીક્ષાની તૈયારીને લોકશાહીકરણ કરવા માટે ટોચની સંસ્થાઓ સાથે સહયોગ કરવાનો છે, ખાસ કરીને અછતગ્રસ્ત પ્રદેશોના વિદ્યાર્થીઓ માટે. શિક્ષણ મંત્રાલય રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના અમલીકરણ ઉપર પરામર્શ દરમ્યાન રાજ્યો સાથે આ મહત્ત્વપૂર્ણ એજન્ડા ઉપર ચર્ચા કરશે. અન્ય વિષયો પૈકી, **MoE** અધિકારીઓ તેમના રાજ્યએ **UT** સમકક્ષો સાથે માન્યતા અને ડિજિટલ શિક્ષણ વિશે ચર્ચા કરશે. મંત્રાલયના અધિકારીઓના જણાવ્યા અનુસાર કેન્દ્ર 'ખાનગી કોચિંગ ઉપર નિર્ભરતા ઘટાડવા અને વિદ્યાર્થીઓની સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે સમર્થન વધારવા' માટેની રીતો વિશે વાત કરવા તૈયાર છે. થોડા દિવસો પહેલા નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશન રિસર્ચ એન્ડ ટ્રેનિંગે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી રહેલા વિદ્યાર્થીઓને મદદ કરવા માટે **SATHEE** પોર્ટલ રજૂ કર્યું હતું. આ પોર્ટલ વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓની મફતમાં તૈયારી કરવામાં મદદ કરવા માટે નિયુક્ત કરવામાં આવ્યું છે. તે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે મફત ડિજિટલ સંસાધનો, **AI** આધારિત લર્નિંગ ટૂલ્સ, ઉચ્ચ ગુણવત્તાની સામગ્રી માટે **IIT** અને **AIIMS** સાથે સહયોગ, **DTH** પ્લેટફોર્મ ઉપરના સંસાધનો અને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીમાં લોકશાહીકરણના પ્રયાસો પ્રદાન કરે છે. આ પહેલ દ્વારા સરકાર વિશ્વના ટોચના ૨૦૦માં ઓછામાં ઓછા ૧૦ ભારતીય **HEI** ને સ્થાન આપવાના લક્ષ્ય સાથે ૯૦ ટકા માન્યતા દર હાંસલ કરવાનો લક્ષ્યાંક ધરાવે છે. મીટિંગ એજન્ડામાં ડિજિટલ લર્નિંગને વિસ્તારવા માટેની વ્યૂહરચનાઓને પણ આવરી લેવામાં આવી છે, જેમાં સરકાર સ્વયં અભ્યાસક્રમો દ્વારા આગામી પાંચ વર્ષમાં બે મુખ્ય નવી નોંધણીને લક્ષ્યાંકિત કરે છે.

# રાહુલ ગાંધીએ પત્રકારોને 'ગુલામ' કહ્યા, મીડિયા ઉપર પક્ષપાતનો આરોપ લગાવ્યો; વળતી પ્રતિક્રિયાનો સામનો કરવો પડ્યો

### રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નીતિઓ અને લોકોના અભિપ્રાયને આકાર આપવામાં મીડિયાની ભૂમિકાની આકરી ટીકા કરી હતી, ગાંધીએ પત્રકારો ઉપર પક્ષપાતી હોવાનો આરોપ મૂક્યો હતો અને દાવો કર્યો હતો કે, તેઓ તેમના માલિકો દ્વારા નિયંત્રિત છે, ભારપૂર્વક જણાવ્યું હતું કે, મીડિયા ઘણીવાર સત્યની જાણ ન કરવાનું પસંદ કરે છે અને શાસક સરકારના એજન્ડાને પ્રોત્સાહન આપે છે



નવી દિલ્હી તા.૨૦

કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ મહારાષ્ટ્રના અમરાવતી જિલ્લામાં એક ચૂંટણી રેલીમાં કરેલી ટિપ્પણીથી વિવાદ ઊભો કર્યો છે, જેની પત્રકારો તરફથી આકરી ટીકા કરવામાં આવી છે. તેમના ભાષણ દરમ્યાન ગાંધીએ મીડિયા ઉપર નિશાન સાધ્યું, પત્રકારોને એવા 'ગુલામ' તરીકે વર્ણવ્યા જેઓ વ્યક્તિગત જરૂરિયાતો પૂરી કરવા માટે પગાર ઉપર નિર્ભરતાથી બંધાયેલા છે. રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નીતિઓ અને લોકોના અભિપ્રાયને આકાર આપવામાં મીડિયાની ભૂમિકાની આકરી ટીકા કરી હતી. ગાંધીએ પત્રકારો ઉપર પક્ષપાતી હોવાનો આરોપ મૂક્યો હતો અને દાવો કર્યો હતો કે, તેઓ તેમના માલિકો દ્વારા નિયંત્રિત છે, ભારપૂર્વક જણાવ્યું હતું કે, મીડિયા ઘણીવાર સત્યની જાણ ન કરવાનું પસંદ કરે છે અને શાસક સરકારના એજન્ડાને પ્રોત્સાહન આપે છે. 'એક વર્ષથી હું બંધારણીય સુધારા, જાતિ આધારિત વસ્તીગણતરી અને ૫૦ ટકા અનામતની મર્યાદા તોડવાની હિમાયત કરી રહ્યો છું. સંસદમાં આ મુદ્દાઓ ઊઠાવવા છતાં મોદી દાવો કરે છે કે, હું અનામતની વિરૂધ્ધ છું. કાં તો તેમની યાદશક્તિ ઓછી છે અથવા તેઓ હકીકતોને અવગણવાનુધ્ પસંદ કરે છે મીડિયા પણ આ વાસ્તવિકતા બતાવવાનો ઈન્કાર કરે છે કારણ કે, તેઓ તેમના માલિકોના નિયંત્રણ હેઠળ છે. ગાંધીએ પત્રકારોની વધુ ટીકા કરતાં જણાવ્યું હતું કે, પાયાની જરૂરિયાતો માટેના પગાર ઉપરની તેમની નિર્ભરતા તેમને તેમના બોસની આજ્ઞા પાળવા દબાણ કરે છે અને તેમને 'ગુલામ' બનાવે છે. તેમણે દાવો કર્યો હતો કે, જ્યારે તેઓ તેમના સંજોગો પ્રત્યે સહાનુભૂતિ ધરાવે છે, ત્યારે તેમણે ઊઠાવેલા મહત્ત્વપૂર્ણ મુદ્દાઓને અવગણીને મીડિયા વારંવાર મોદીના પ્રચારને પ્રોત્સાહન આપે છે. રાહુલ ગાંધીએ મોદીની છબીને સનસનીખેજ બનાવવા માટે મીડિયાની મજાક ઉડાવી : ગાંધીએ કહ્યું, પત્રકારોને તેમના બાળકોને ભણાવવા અને પેટ ભરવા માટે પગારની જરૂર હોય છે. આ સુનિશ્ચિત કરવા માટે તેઓને તેમના બોસનું પાલન કરવાની ફરજ પાડવામાં આવે છે. એક રીતે તેઓ ગુલામ છે. હું તેમને પસંદ કરૂં છું, પરંતુ તેમના સંજોગો તેમને બાંધી રાખે છે. તેથી જ મારે તેમની સાથે કોઈ દુશ્મની નથી. ગાંધીએ મોદીના ઈમેજ-નિર્માણના પ્રયાસોના કવરેજ માટે મીડિયાની મજાક ઉડાવી, દાવો કર્યો કે, તેઓએ તેમના નિવેદનોને વિકૃત કર્યા છે, જેમ કે તેમને અનામતના વિરોધમાં ખોટી રીતે દર્શાવવામાં આવ્યા છે. તેમણે ગંગાની મુલાકાતો દરમ્યાન તેમના સ્વિમિંગ કૌશલ્યના અભાવની મજાક ઉડાવતા, મગર સાથે મોદીના બાળપણના કથિત એન્કાઉન્ટર જેવી સનસનાટીભર્યા વાર્તાઓ માટે મીડિયાની ટીકા પણ કરી હતી. ઓલ ઈન્ડિયા રૂરલ જર્નાલિસ્ટ એસોસિએશનના વડા એવા અમરાવતી સ્થિત પત્રકાર મોહન સુને રાહુલ ગાંધીની ટિપ્પણીની નિંદા કરી. સુને જણાવ્યું હતું કે, ગ્રામીણ પત્રકારો, ઉચ્ચ સંસાધનોનો અભાવ હોવા છતાં પ્રામાણિકપણે કામ કરે છે અને ગાંધીની ટિપ્પણીઓએ તેમની લાગણીઓને ઠેસ પહોંચાડી છે.

# ગુજરાતમાં પ્રોજેક્ટ ખસેડવાથી મહારાષ્ટ્રમાં નોકરીઓ છીનવાઈ : પ્રિયંકા ગાંધી

ગઢચિરોલી, તા.૨૦

મહારાષ્ટ્રમાં સત્તારૂઢ મહાયુતિ ગઠબંધનના નેતાઓ વાસ્તવિક મુદ્દાઓ ઉપરથી ધ્યાન હટાવવા અને સમાજમાં ધ્રુવીકરણ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે તેવો આક્ષેપ કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીએ કર્યો છે. મહારાષ્ટ્રના ગઢચિરોલીમાં એક સભાને સંબોધતાં પ્રિયંકાએ ભાજપની નીતિઓની ટીકા કરી હતી અને દાવો કર્યો હતો કે, કેટલાક મોટા પ્રોજેક્ટ ગુજરાતમાં ખસેડવાને કારણે મહારાષ્ટ્રમાં નોકરીઓ છીનવાઈ ગઈ છે. રાજ્યની મહાયુતિ સરકાર ઉપર તેની મુખ્ય યોજના 'લાડકી બહિન' ઉપર કટાક્ષ કરતા પ્રિયંકાએ કહ્યું હતું કે, મહિલાઓએ વધુ સારા જીવન માટે મત આપવો જોઈએ, ના કે દર મહિને તેઓને ૧૫૦૦ રૂપિયા મળી જાય તે માટે. કોંગ્રેસના નેતાએ એમ પણ કહ્યું હતું કે, જો વિપક્ષી ગઠબંધન મહા વિકાસ અઘાડી સત્તામાં આવશે, તો તે સોયાબીનના પાક માટે ખેડૂતોને પ્રતિ ક્વિન્ટલ લઘુત્તમ ટેકાનો ભાવ ૭૦૦૦ રૂપિયા આપશે. પ્રિયંકાએ દાવો કર્યો હતો કે, મહારાષ્ટ્રમાં ૨.૫ લાખથી વધુ જગ્યાઓ ખાલી છે. તેમણે કહ્યું હતું કે, ફોક્સકોન, એરબસ જેવા પ્રોજેક્ટને ગુજરાતમાં ખસેડવાને કારણે રાજ્યમાં નોકરીઓ છીનવાઈ ગઈ છે. કોંગ્રેસ મહાસચિવે કહ્યું હતું કે, લોકો રોજગારી મેળવવા માટે પ્રયાસ કરી રહ્યા છે, નવા કૌશલ્યો શીખી રહ્યા છે, પરંતુ તેમ છતાં તેઓ નોકરીઓ મેળવી શકતા નથી. સરકારે આ બાબતને પ્રાથમિકતા આપવી જોઈતી હતી, પરંતુ તે આ જગ્યાઓ ભરવામાં નિષ્ફળ ગઈ છે. તેમણે મહારાષ્ટ્રમાં યુવાનોની આત્મહત્યાને રોજગારની તકોના અભાવ સાથે જોડવાનો પણ પ્રયાસ કર્યો હતો. પ્રિયંકાએ દાવો કર્યો હતો કે, દેશમાં મહારાષ્ટ્રમાં સૌથી વધુ યુવાનો આત્મહત્યા કરે છે. બેરોજગારી દૂર કરવામાં ભાજપની નિષ્ફળતાનું આ પરિણામ છે.

# ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈના ભાઈ અનમોલ બિશ્નોઈની અમેરિકામાં અટકાયત કરાઈ



(એજન્સી) તા.૨૦

ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈના ભાઈ અનમોલ બિશ્નોઈની અમેરિકામાં ધરપકડ કરી હોવાના અહેવાલો સામે આવ્યા છે. કેલિફોર્નિયા પોલીસે અનમોલને કસ્ટડીમાં લઈ લીધો છે. હવે તેનું ભારતમાં પ્રત્યાર્પણ અને ધરપકડ કરવા માટે **NIA** અને મહારાષ્ટ્ર પોલીસ સહિત ભારતીય એજન્સીઓએ કામગીરી શરૂ કરી દીધી છે. મુંબઈ પોલીસ ક્રાઈમ બ્રાન્ચે અનમોલને ભારત પ્રત્યાર્પણ કરવાની પ્રક્રિયા શરૂ કર્યા બાદ તેને પોલીસ કસ્ટડીમાં લેવાયો હોવાની માહિતી સામે આવી છે. અનમોલ એનસીપી નેતા બાબા સિદ્દીકીના મોતના કેસમાં વોન્ટેડ છે. આ ઉપરાંત અનમોલ ફિલ્મ અભિનેતા સલમાન ખાનના બાંદ્રા સ્થિત નિવાસસ્થાન ઉપર હુમલાના કેસમાં પણ વોન્ટેડ છે. મુંબઈ પોલીસે થોડા દિવસ પહેલા જ જેલમાં બંધ ગેંગસ્ટર લોરેન્સના નાના ભાઈ અનમોલના પ્રત્યાર્પણ માટે પ્રસ્તાવ મોકલ્યો હતો. અનમોલ બાબા સિદ્દીકી હત્યા કેસ સહિત કેટલાક હાઈપ્રોફાઈલ ગુનાઓમાં આરોપી છે. અનમોલ સલમાન ખાનના ઘરની બહાર ફાયરિંગ કરવાના કેસમાં મુંબઈ પોલીસની વોન્ટેડ યાદીમાં છે. બે સપ્તાહ પહેલા મહારાષ્ટ્ર કંટ્રોલ ઓફ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટ સંબંધિત કેસોની વિશેષ અદાલતે તેની ધરપકડ માટે બિન જામીનપાત્ર વોરંટ જાહેર કર્યું હતું. ત્યારબાદ અમેરિકાએ અનમોલ પોતાના દેશમાં હોવાનું કહ્યું હતું. રાષ્ટ્રીય તપાસ એજન્સી **(NIA)**એ અનમોલની માહિતી આપનારને ૧૦ લાખ રૂપિયાનું ઈનામ આપવાની જાહેરાત કરી હતી. એનઆઈએના બે કેસમાં પણ તેનું નામ છે અને આ બંને કેસ મામલે તેના વિરૂદ્ધ વર્ષ ૨૦૨૨માં ચાર્જશીટ કરાઈ છે. અનમોલ લોરેન્સ ગેંગમાં ભાનુ તરીકે ઓળખાય છે. ૨૦૧૨માં પંજાબના અબોહરમાં પહેલીવાર તેની સામે હુમલો, બેટરી અને આર્મ્સ એક્ટ હેઠળ કેસ દાખલ કરાયો હતો. અનમોલ ઉપર નકલી પાસપોર્ટનો ઉપયોગ કરીને વિદેશ ભાગવાનો તેમજ પંજાબી ગાયક સિદ્ધુ મુસેવાલાની હત્યામાં પણ કથિત રીતે નામ સામેલ હતું.

### કેન્દ્રિય મંત્રી અમિત શાહના હસ્તે

# સાબરડેરીના ૮૦૦ મેટ્રિક ટન પ્રતિ દિનની ક્ષમતાવાળા અત્યાધુનિક કેટલ ફીડ પ્લાન્ટનું ઉદ્‌ઘાટન

## સાબરડેરીના કેટલ ફીડ પ્લાન્ટ થકી સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં દૂધ ઉત્પાદકોના દૂધાળા પશુઓ માટે સમતોલ અને પોષણયુક્ત આહાર વધુ માત્રામાં મળતો થશે : અમિતભાઈ શાહ










ગાંધીનગર તા. ૨૦

હિંમતનગર ખાતે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે સાબર ડેરીના રૂા. ૨૧૦ કરોડના ખર્ચે ૮૦૦ મેટ્રિક ટન પ્રતિ દિનની ક્ષમતાવાળા અત્યાધુનિક કેટલ ફીડ પ્લાન્ટના ઉદ્‌ઘાટન પ્રસંગે જણાવ્યું હતું કે, આ કેટલ ફીડ પ્લાન્ટનો પ્રારંભ થવાથી સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં દૂધ ઉત્પાદકોના દૂધાળા પશુઓ માટે સમતોલ અને પોષણયુકત આહારનો પુરવઠો વધુ માત્રામાં મળશે. એટલુ જ નહી, શ્રી ભુરા કાકાએ ૬૦ વર્ષ પહેલાં જે બીજ વાવ્યું હતુ એ આજે સાબર ડેરી તરીકે વટવૃક્ષ બન્યુ છે. ૧૯૭૬ની શરુઆતથી લઈને આજના પ્લાન્ટના ઉદ્‌ઘાટન બાદ ૨૦૦૦ મેટ્રીક ટન સાબર દાણનું ઉત્પાદન શકય બન્યું છે.

આ પ્રસંગે શ્વેત ક્રાંતિની વાત કરતા કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું કે, શ્વેત કાંતિની શરૂઆત શ્રી ત્રિભુવન કાકાએ કરી હતી. શ્વેત ક્રાંતિને કારણે ગુજરાત નહીં વિશ્વભરમાં એક સહકારિતા ક્ષેત્રમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. દેશમાં થતા દૂધ ઉત્પાદનની વાત કરતા અમિત શાહે કહ્યું કે, વર્ષ ૧૯૭૦માં માથાદીઠ ૪૦ ગ્રામ પ્રતિ વ્યક્તિ દુધ ઉપલબ્ધ થતું હતું, જ્યારે આજે ૨૦૨૩-૨૦૨૪માં સમગ્ર દેશમાં માથાદીઠ ૧૬૭ ગ્રામ દૈનિક દુધ ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યું છે. આમ, વૈશ્વિક સરેરાશ દુધ ઉત્પાદન ૧૧૭ ગ્રામ છે, જેના કરતાં ભારતની સરેરાશ વધારે છે જે સહકારી માળખાના કારણે શક્ય બન્યું એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

અમિત શાહે પ્રાકૃતિક ખેતી પર ભાર મુકી સમાજનું સ્વાસ્થ અને આવક વધારવા અપીલ કરી હતી. કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે પ્રાકૃતિક કૃષિની વાત કરતા જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતી આવનારા દિવસોમાં ખેડૂતોની સમૃદ્ધિનું કારણ બનવાની છે. આ પ્રાકૃતિક ખેતી લોકોને કેન્સર, ડાયાબિટીસ અને બીપીથી મુકત બનાવશે.એમ તેમણે વધુમાં ઉમેર્યુ હતું.

આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે મહિલા પશુપાલકોને પ્રાકૃતિક ખેતી તરફ વળવા અપીલ કરતા કહ્યું કે, મહિલા પશુપાલકોએ જીવામૃત નાખીને પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરવી જોઈએ. પહેલા વર્ષે નફો થોડો ઓછો થશે પણ બીજા અને ત્રીજા વર્ષે સરભર થઈ જશે. ત્રિભોવન કાકાએ શરૂઆત કરી ત્યારે કલ્પના ન હતી કે અમૂલનું ટર્ન ઓવર ૬૦ હજાર કરોડ પહોંચશે એમ પ્રાકૃતિક ખેતીનું બજાર ૧૦ લાખ કરોડના વૈશ્વિક બજારને આંબશે. એટલું જ નહીં દુનિયાથી સૌથી મોટી ખાદ્ય પદાર્થની બ્રાન્ડ કોઈ હોય તો એ અમૂલ છે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

આ અવસરે સાબર ડેરીના ચેરમેન શ્રી શામળભાઈ પટેલે સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે,અત્યાર સુધી સાબરડેરીના દાણ પ્લાન્ટમાં રોજ અંદાજે ૧૨૫૦ મેટ્રિક ટન સાબરદાણનું ઉત્પાદન થતું હતું. હવે રૂા. ૨૧૦ કરોડના ખર્ચે ૩૫,૦૮૭ સ્કવેર મીટરમાં નવીન કેટલફીડ પ્લાન્ટ બનાવવામાં આવ્યો છે. જેમાં હવે રોજનું વધુ ૮૦૦ મેટ્રિક ટન સાબરદાણનું ઉત્પાદન થશે. આ અવસરે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહના હસ્તે સાબર ડેરીમાં દુધ ભરાવનાર વિવિધ મંડળીઓ અને પશુપાલકોનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ અવસરે ગુજરાત વિધાનસભા અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચોધરી, કૃષિ અને પશુપાલન કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલ, રાજયકક્ષાના સહકાર, કુટીર ઉદ્યોગ, મીઠા ઉદ્યોગ અને પ્રોટોકોલ મંત્રી જગદીશભાઈ વિશ્વકર્મા, રાજયકક્ષાના અન્ન અને નાગરિક પુરવઠા, સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રી ભીખુસિંહ પરમાર, સાંસદ શ્રીમતી શોભનાબેન બારૈયા, સાંસદ શ્રીમતી રમીલાબેન બારા, રાજ્યસભા સાંસદ મયંક નાયક તેમજ મેનેજિંગ ડિરેક્ટર સુભાષચંદ્ર પટેલ, વાઈસ ચેરમેન ઋતુરાજ પટેલ અને સાબર ડેરીના બોર્ડ ઓફ મેમ્બર્સ તેમજ મોટી સંખ્યામાં પશુપાલકો ઉપસ્થિત રહ્યા હતા.

# લોટ્‌સ સ્પોર્ટસ એકેડેમી એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ‘જૂનાગઢ મેરેથોન-૨૦૨૪’નું આયોજન

જૂનાગઢ તા. ૨૦

‘સ્વસ્થ જૂનાગઢ, વ્યસન મુકત જૂનાગઢ’ જેવા સારા ઉદેશ્ય સાથે ત્રણ વર્ષની ભવ્ય સફળતા બાદ ચોથા વર્ષે ફરીથી જૂનાગઢના આંગણે ‘જૂનાગઢ મેરેથોન-૨૦૨૪’નું ભવ્ય આયોજન લોટ્‌સ સ્પોર્ટસ એકેડેમી એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ અને ગ્લોરીઅસ જૂનાગઢ દ્વારા તા.૧૫-૧૨-૨૪ ને રવિવારના રોજ બહાઉદીન કોલેજ મેદાન જૂનાગઢ ખાતે કરવામાં આવેલ છે. જેમાં પાંચ કિ.મી. ફન રન ૧૦ વર્ષથી ઉપરના તમામ માટે રહેશે. ૧૦ કિ.મી. અને ૨૧ કિ.મી.માં ૧૯ થી ૩૫ વર્ષ, ૩૬થી ૫૦ વર્ષ અને ૫૧ વર્ષથી ઉપરના ભાઈ-બહેનો માટે રહેશે. જેના ફોર્મ ભરવાની છેલ્લી તા.૫-૧૨-૨૪ રાખેલ છે. જેમાં બધાજ ખેલાડીઓને સંસ્થા તરફથી પ્રોત્સાહિત કરવા માટે પ્રમાણપત્ર, મેડલ અને ટી-શર્ટ આપવામાં આવશે તેમજ વિજેતા ખેલાડીઓને રોકડ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવશે. ફોર્મ ભરવા તથા પરત આપવા માટે લોટ્‌સ સ્પોર્ટસ શોપ, લોહાણા બોર્ડિંગ, કોલેજ રોડ, ભુતનાથ ફાટક પાસે, જૂનાગઢનો સંપર્ક કરવા તેમજ વધુ માહિતી માટે મો.૯૯૦૪૦-૯૩૭૨૨, ૯૯૦૯૫ ૦૩૭૨૦ તથા ૯૬૮૭૨ ૯૭૯૬૨ ઉપર સંપર્ક સાધવા યદીમાં જણાવાયું છે.

# મણીભદ્ર માનવ સેવા ટ્રસ્ટ સંચાલિત આશ્રમ ‘સ્વીટહોમ’ નિરાધારો માટેનું ઉત્તમ આશ્રય સ્થાન

જૂનાગઢ તા. ૨૦

કુદરતના ખોળે, નિરાધાર ભાઈ-બહેનો તથા કપલો માટે આશ્રય સ્થાન પ્લાસવાને પાટીયે, તપોવન સ્કુલની પાછળ આવેલ શ્રી મણીભદ્ર માનવસેવા ટ્રસ્ટ સંચાલિત આશ્રમ ‘સ્વીટહોમ’ ખાતે સ્વચ્છ કુદરતી વાતાવરણમાં શુધ્ધ અને સાત્વીક ભોજન સાથે આરામદાયક રહેવાની સુવિધા ઉપલબ્ધ છે. આ અંગે જરૂરીયાત ધરાવતા વ્યક્તિઓ મોબાઈલ નંબર ઉપર આશ્રય મેળવવા માટે સંપર્ક કરી અવશ્ય મુલાકાત લઈ શકશે. દાતાઓ દ્વારા મેડીકલ તથા લાયન્સ કલબ અને અન્ય બહેનોના ગૃપ તરફથી આશ્રય લઈ રહેલા લાભાર્થીઓને નવા કપડા, ગારમેન્ટ, મોજા, સ્કાફ અને નાસ્તો વગેરે આપવામાં આવેલ હતો. તેમજ એવન સ્ટુડીયો તરફથી મેડીકલ સહાય અને સતીષભાઈ (બેંકવાળા)ના સહયોગથી આશ્રમને જરૂરી કરીયાણું અને તેલ પુરૂં પાડવામાં આવેલ છે. દાતાઓનો આશ્રમના ટ્રસ્ટીઓ તરફથી આભાર વ્યકત કરવામાં આવેલ છે. આશ્રમને આપવામાં આવતું દાન માટે ૮૦ જી મુજબ કરમુકતી મળે છે. આશ્રમ અંગેની વધુ માહિતી માટે મો.૯૯૨૪૯ ૬૭૪૫૭ ઉપર સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.

# વિચરતી જાતિના લોકોને મળશે ઠરવાનું ઠેકાણું ૨૧મીએ ભેંસાણ ખાતે ભૂમિપૂજન

(પ્રતિનિધિ દ્વારા)

ભેંસાણ તા.૨૦

જુનાગઢ જીલ્લાના ભેંસાણ ગામે વર્ષોથી પતરાની આડાશો ઉભી કરી ઝુંપડામાં વસવાટ કરતા વિચરતી જાતી પૈકીના ગાડલીયા લુહાર સમુદાયના ૩૫ પરીવારોને રાજ્ય સરકાર તેમજ જુનાગઢ જીલ્લા વહીવટી તંત્ર દ્વારા રહેણાંક હેતુના પ્લોટ તેમજ રાજ્ય સરકારના વિકસતી જાતી કલ્યાણ ખાતા દ્વારા બાંધકામની સહાય પણ આપવા આવેલ જેના ભાગરૂપે આવતીકાલ તા.૨૧મી એ છેવાડાના માનવીઓને મળશે પોતાનું કાયમી સરનામું. સદીઓથી વિચરતી અને વિમુક્ત જાતીઓએ વગડો ખૂંદયો છે,સતત રઝળપાટ કરતા હોવાથી પોતાનું કાયમી સરનામું લખવું પણ મુશ્કેલભર્યુ બન્યું છે. ત્યારે આ ભૂમિપૂજન કાર્યક્રમ એ વિચરતી જાતીયો માટે આશીર્વાદરૂપ બની એક નવા જીવનના અધ્યાયની શરૂઆત કરવામાં સુનિશ્ચિત બની આવશ્યક તમામ પ્રકારની પાયાની સુવિધાઓ મળી રહે.

રાજ્ય સરકારના સમાજિક ન્યાય અને અધિકારીકતા વિભાગના પૂર્વ સચિવ અને વિચરતી જાતીઓના ભીષ્મપિતામહ કે.જી.વણઝારા પણ આવા વંચિત સમુદાયોને એકત્રિત કરવા અને ઉત્થાન અપાવવા માટે વ્યાપક પ્રમાણમાં પોતાના પ્રયાસો થકી અનેક પરીવારોને સ્થિર કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે.

વર્ષોથી વિચરતી જાતીઓ એક જગ્યાએથી બીજી જગ્યાએ રખડતું ભટકતું જીવન ગુજારે છે જેથી તેમનો વિકાસ ખુબજ કઢીન હતો,હવે આ સમુદાયના લોકો માટે જ્યારે રહેણાંક હેતુ માટે જમીન મળી છે ત્યારે આ લોકોને સુરક્ષિત પોતાનુ પાકુ ઘર મળશે જેથી સબંધ અને સ્થિરતાની ભાવના વેગવંતી બનશે.

આ સુખના સરનામાંના ભૂમિપૂજનના કાર્યક્રમમાં વિચરતી જાતિઓને હૂંફ પુરી પાડવા પરબધામના મહંત કરશનદાસબાપુ, જુનાગઢ લોકસભા વિસ્તારના સાંસદ રાજેશભાઈ ચુડાસમા, રાજ્ય સરકારના પૂર્વ સચિવ કે.જી.વણઝારા, જુનાગઢ જીલ્લા ભાજપના અધ્યક્ષ કિરીટભાઈ પટેલ, જુનાગઢ જિલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુમર, પુર્વ ધારાસભ્ય ભુપત ભાયાણી, આંતરરાષ્ટ્રીય કુર્મી સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ જીજ્ઞેશ કાલાવડીયા, એશિયાટિક કોલેજના સ્થાપક પ્રમુખ ગોપાલ ભુવા, કરણીસેનાના અગ્રણી જે.પી.જાડેજા, જુનાગઢ જિલ્લા નાયબ નિયામક વિકસતી જાતી અશ્વિનભાઈ પરમાર, મામલતદાર ભેંસાણ, તાલુકા વિકાસ અધિકારી ભેંસાણ તેમજ સૌ કોઈ મહાનુભાવો હૃદયના ભાવ સાથે ઉપસ્થિત રહી વાંચીતોને હૂંફ પુરી પાડશે.

# દ્વારકામાં ૧૧૦માં નિઃશુલ્ક નેત્રયજ્ઞનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૨૦

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, દ્વારકાના ઉપક્રમે અને પૂજ્ય શ્રી રણછોડદાસ બાપુ ચેરીટેબલ હોસ્પિટલ રાજકોટના તેમજ માતૃશ્રી મોંઘીબેન હ.વિ ગો.મે ચે. ટ્રસ્ટ દ્વારકા, શ્રી લોહાણા મહાજન દ્વારકાના સહયોગથી તારીખ ૨૫/૧૧/૨૦૨૫ ને સોમવારના રોજ શ્રી લોહાણા મહાજન વાડી, સ્વામિનારાયણ માર્ગ, દ્વારકા ખાતે સવારે ૯:૩૦ થી ૧૨:૩૦ સુધી નિઃશુલ્ક નેત્રયજ્ઞનું આયોજન - કરવામાં આવેલ છે. જેમાં આંખના દર્દોનું નિદાન કરી ટ્રીટમેન્ટ કરવામાં આવશે.મોતિયાના ઓપરેશનની જરૂરિયાતવાળા દર્દીઓને કેમ્પના દિવશે જ રાજકોટ લઈ જઈ નિઃશુલ્ક મોતિયાનું ઓપરેશન કરી નેત્રમણી બેસાડી ટ્રીટમેન્ટ કરી દ્વારકા પરત લાવવામાં આવશે. દર્દીઓને લાવવા- લઈજવા, રહેવા-જમવાની સુવિધા પણ વિના મુલ્યે રાખેલ છે. તો આ કેમ્પનો લાભ લેવા જાહેર જનતાને અનુરોધ છે. કેમ્પના દિવશે સવારે ૯ થી ૧૦:૩૦ વચ્ચે નામ નોંધાવવાનું રહેશે. અંગે સંપર્ક અશ્વિનભાઈ સી. ગોકાણી (દ્વારકા). ૯૮૭૯૧-૭૭૧૪૦, દિલીપભાઈ કોટેચા (મીઠાપુર) ૯૮૨૪૨ ૩૮૧૬૩, હસમુખભાઈ કાનાણી (સુરજકરાડી). ૮૧૨૮૫ ૯૫૯૯૬ જાહેર જનતાને કેમ્પનો લાભ લેવા અનુરોધ છે.

### શ્રી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ રાજકોટ દ્વારા

# જૂનાગઢ સ્વામિનારાયણ મુખ્ય મંદિર ખાતે વિનામુલ્યે સદ્‌ગુરૂ નેત્રયજ્ઞનું આયોજન

જૂનાગઢ તા.૨૦

રાજકોટના પૂ.રણછોડદાસ બાપુ આશ્રમ દ્વારા જૂનાગઢ સ્વામિનારાયણ મુખ્ય મંદિર, જવાહર રોડના સહયોગથી દર માસની જેમ તા.૨૨-૧૧-૨૪ ના રોજ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. કેમ્પનો સમય સવારે ૯ થી ૧૧.૩૦ વાગ્યા સુધી સ્વામિનારાયણ મુખ્ય મંદિર જવાહર રોડ ઉતારા વિભાગ ખાતે રાખેલ છે. કેમ્પમાં નિદાન કર્યા પછી જો આંખમાં મોતિયો હોય તો કેમ્પના સ્થળથી પૂ.સદ્‌ગુરૂ રણછોડદાસજી હોસ્પિટલ રાજકોટ ખાતે લઈ જવાની વિનામૂલ્યે સેવા આપવામાં આવે છે.

ઓપરેશન ફેકો મશીન દ્વારા ટાંકા વગરનું સારામાં સારા સોફટ ફોલ્ડેબલ લેન્સ (નેત્રમણી) સાથે વિનામૂલ્યે કરી આપવામાં આવશે. અને ઓપરેશન બાદ બીજા દિવસે દર્દીને જૂનાગઢના કેમ્પના સ્થળે મુકી જવામાં આવશે.

આ કેમ્પને સફળ બનાવવા માટે બાબુભાઈ ચૌહાણ, મનુભાઈ સોની, માધવ સોની, દિલીપ ચૌહાણ, નટુભાઈ ટાંક, વિરમભાઈ મંત્રી, લવજીભાઈ ટાંક, લક્ષ્મીદાસ ટાંક, રમેશભાઈ મિસ્ત્રી, દિલીપભાઈ મારૂ, રાજુભાઈ ઉનડકટ અને બાલાભાઈ તન્નારાણા વગરે જહેમત ઉઠાવી રહયા છે. આ કેમ્પનો જરૂરીયાતમંદ દર્દીઓને લાભ લેવા એક યાદીમાં અનુરોધ કરવામાં આવેલ છે.

### મુસ્લિમોની સંખ્યામાં ભારત બનશે નંબર-૧

# વર્ષ ૨૦૫૦ સુધીમાં આખી દુનિયામાં વધશે હિન્દુઓની વસ્તી

નવી દિલ્હી, તા.૨૦

આખી દુનિયામાં વધતી વસ્તી ચિંતાનો વિષય બનેલો છે. વિશ્વની કુલ જનસંખ્યા લગભગ ૮.૨ બિલિયન છે, જે દર વર્ષે ૦.૮૭ ટકાના દરથી વધી રહી છે. ૨૦૨૩માં વસ્તી વધારો દર ૦.૮૮ ટકા અને ૨૦૨૦માં ૦.૯૭ ટકા હતી. દુનિયાની વસ્તીમાં દર વર્ષે લગભગ ૭૧ મિલિયન લોકોનો વધારો થઈ રહ્યો છે. એક ડેટાની વાત માનીએ તો, આખી દુનિયામાં હિન્દુઓની સંખ્યા ૧.૨ અબજ છે, જે આખી દુનિયાની વસ્તીનો ૧૫ ટકા ભાગ છે. તો વળી મુસલમાનની વસ્તી ૧.૯ અબજ છે, જે આખી દુનિયાની વસ્તીનો ૨૪ ટકા ભાગ છે.

જનસંખ્યા વિશે રિસર્ચ કરનારી એક સંસ્થા છે. પ્યૂ રિસર્ચ. તેના જણાવ્યા અનુસાર, આખા વિશ્વમાં હિન્દુની વસ્તી સતત વધી રહી છે. ૨૦૫૦ સુધી હિન્દુઓની વસ્તી દુનિયામાં ત્રીજા નંબર પર પહોંચી જશે. તો વળી મુસલમાનની વસ્તીના મામલામાં દુનિયામાં બીજા નંબર પર આવી જશે. એવું અનુમાન છે કે, ૨૦૫૦ સુધી મુસલમાનોની વસ્તી ભારતમાં ઝડપથી વધશે. દુનિયાના સૌથી વધારે મુસલમાનની વસ્તીવાળા દેશોમાં ઈન્ડોનેશિયાને પછાડી ભારત દુનિયાનો નંબર વન મુસ્લિમ વસ્તીવાળો દેશ બની જશે.

પ્યૂ રિસર્ચ સેન્ટરના ‘ધ ફ્યુચર ઓફ વર્લ્ડ રિલિજન્સ’ના અધ્યયનમાં જણાવ્યું છે કે, દુનિયામાં ૨૦૫૦ સુધી હિન્દુઓની વસ્તી ૩૪ ટકા વધીને ૧.૪ અબજ થઈ જશે. મુસલમાનોની વસ્તીમાં મોટા વધારા બાદ ૭૭ ટકાની વસ્તીની સાથે હિન્દુ બહુસંખ્યક રહેશે. ૨૦૫૦ સુધી ભારતમાં મુસલમાનોની સંખ્યા ૩૧ કરોડ થઈ જશે. જે ભારતની કુલ વસ્તીનો ૧૮ ટકા ભાગ હશે.

જોકે આ રિસર્ચમાં અમુક દેશોમાં હિન્દુઓની વસ્તીમાં ખતરનાક રીતે ઘટાડો થવાની સંભાવના પણ વ્યક્ત કરી છે. તેમાં મુખ્ય દેશ પાકિસ્તાનની સાથે સાથે બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાન કહેવાયું છે. આ દેશોમાં હિન્દુ અલ્પસંખ્યક છે. આવનારા ૨૫ વર્ષોમાં ત્યાં હિન્દુઓ ગણ્યાગાંઠ્યા જ હશે.

પાકિસ્તાનમાં હિન્દુઓની વસ્તી ૨૦૧૭માં ૩.૫ મિલિયનથી વધીને ૨૦૨૩માં ૩.૮ મિલિયન થઈ, પણ કુલ વસ્તીમાં તેમની ભાગીદારી ૧.૭૩ ટકાથી ઘટીને ૧.૬૧ ટકા થઈ ગઈ. તેનાથી જાણવા મળે છે કે, આવનારા સમયમાં પાકિસ્તાનમાં હિન્દુઓની



વસ્તીમાં ઝડપથી ઘટાડો આવશે.

બાંગ્લાદેશમાં બીજો સૌથી મોટો ધર્મ હિન્દુ છે. પણ દેશમાં હાલ હિન્દુઓ વિરુદ્ધ સતત હુમલા થતા રહે છે. ૨૦૨૨ની વસ્તી ગણતરી અનુસાર, હિન્દુઓની સંખ્યા ૧૩ કરોડ છે, જે કુલ વસ્તીનો ૭.૬૫ ટકા ભાગ છે. પણ ૨૦૫૦ સુધી બાંગ્લાદેશમાં હિન્દુઓની વસ્તી ઘટી જશે. તો વળી અફઘાનિસ્તાનમાં પણ સંખ્યા સતત ઘટતી રહી છે.

### ઘટનાએ ચર્ચાઓને વધુ મહત્ત્વપૂર્ણ બનાવી દીધી

# સાઉદી અરેબિયાના રણમાં પ્રથમ વખત બરફ ઉપર ચાલ્યા ઊંટ

રિયાદ, તા. ૨૦

સાઉદી અરેબિયાના રણમાં પ્રથમ વખત હિમવર્ષા થઈ છે. સામાન્ય રીતે તેલના ભંડાર અને રણ માટે પ્રખ્યાત સાઉદી અરેબિયામાં એટલી બધી હિમવર્ષા થઈ છે કે આખું રણ બરફની સફેદ ચાદરથી ઢંકાઈ ગયું છે. જેના કારણે સમગ્ર વિસ્તારમાં કડકડતી ઠંડી પડી રહી છે. સાઉદી અરેબિયાના અલ-જૌફ ક્ષેત્રમાં ભારે વરસાદ અને કરાના કારણે અચાનક હિમવર્ષા થઈ હતી, આ વિસ્તારમાં પ્રથમ વખત હિમવર્ષા જોવા મળી છે. ગયા બુધવારથી શરૂ થયેલા વરસાદ પછી અહિં વર્ષા શરૂ થઈ હતી, અને રણ પર બરફની ચાદર પથરાઈ ગઈ હતી. મળતી માહિતી અનુસાર અલ-જૌફ ક્ષેત્રમાં આટલી હિમવર્ષા ઈતિહાસમાં પહેલા ક્યારેય થઈ નથી. પ્રેસ એજન્સીના જણાવ્યા અનુસાર, આ અસામાન્ય હવામાન ઘટનાએ માત્ર ત્યાંનું દ્રશ્ય જ બદલ્યું નથી, પરંતુ નદીઓ અને ધોધને પણ નવું જીવન આપ્યું છે, જેના કારણે ખીણો ભરાઈ ગઈ છે અને નદીઓ ફરીથી વહેવા લાગી છે. તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ હતી- જ્યારે આ ઘટનાની તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર આવવા લાગ્યા તો દરેકે ક્લાઈમેટ ચેન્જ વિશે વાત કરવાનું શરૂ કર્યું. લોકો સોશિયલ મીડિયા પર બરફથી ઢંકાયેલા રણના વીડિયો અને તસવીરો પોસ્ટ કરી રહ્યા છે, જેણે દુનિયાનું ધ્યાન ખેંચ્યું છે. યુઝર્સ આ તસવીરો અને વીડિયોને માત્ર શેર જ નથી કરી રહ્યાં પરંતુ તેના પર વિવિધ પ્રકારના રિએક્શન પણ આપી રહ્યાં છે. સાઉદી અરેબિયાની હવામાન એજન્સીએ ચેતવણી જાહેર કરી છે- સાઉદી અરેબિયાની હવામાન એજન્સીએ હવે અણધારી હિમવર્ષાને પગલે નાગરિકોને આગામી દિવસોમાં વધુ ખરાબ હવામાન માટે તૈયાર રહેવા ચેતવણી આપી છે. જોરદાર પવન, કરા અને વાવાઝોડાનું અનુમાન છે,જેના કારણે વિઝિબિલિટી ઓછી થઈ શકે છે અને મુસાફરીમાં વિલંબનું કારણ બની શકે છે.

બીજી તરફ, **COP29** ક્લાઈમેટ સમિટ માટે વિશ્વભરના નેતાઓ બાકુમાં ભેગા થઈ રહ્યા છે. જ્યાં સાઉદી અરેબિયાના રણમાં થયેલી હિમવર્ષાની ચર્ચા પણ શક્ય છે, જે ક્લાઈમેટ ચેન્જની સૌથી મોટી ઘટનાઓમાંની એક છે. આ દુર્લભ હવામાન ઘટનાએ **COP29**માં ચર્ચાઓને વધુ મહત્ત્વપૂર્ણ બનાવી દીધી છે, જ્યાં લગભગ ૨૦૦ દેશોના નેતાઓ આબોહવા પરિવર્તનની વધતી જતી અસરો અંગે ચર્ચા કરવા ભેગા થઈ રહ્યા છે. **COP29** નું આયોજન બાકુમાં ૧૧-૨૨ નવેમ્બર દરમિયાન થઈ રહ્યું છે.

# ૫૦મી ઓલ ઈન્ડિયા પોલીસ સાયન્સ કોંગ્રેસનો સ્વર્ણ જયંતી સમારોહ યોજાયો

## લવાડમાં રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી ખાતે અખિલ ભારતીય પોલીસ વિજ્ઞાન સંમેલનની ઐતિહાસિક સુવર્ણ જયંતી આવૃત્તિનું ઉદઘાટન કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના હસ્તે કરવામાં આવ્યું : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર

(પ્રતિનિધિ દ્વારા) ગાંધીનગર તા.૨૦

ગાંધીનગરના દહેગામ તાલુકામાં લવાડ ખાતેની રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી ખાતે અખિલ ભારતીય પોલીસ વિજ્ઞાન સંમેલનની ઐતિહાસિક સુવર્ણ જયંતિ આવૃત્તિનું ઉદઘાટન કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના હસ્તે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિત કરવામાં આવ્યું હતું. સંશોધન અને વિકાસ બ્યુરો તથા રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી ખાતે ૫૦માં અખિલ ભારતીય પોલીસ વિજ્ઞાન સંમેલનનું તા.૧૯ અને ૨૦ નવેમ્બર એમ બે દિવસ યોજાશે. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, અખિલ ભારતીય પોલીસ વિજ્ઞાન સંમેલન કાર્યક્રમ અંતર્ગત ચોથી વખત તેઓ આ પ્રસંગમાં હાજરી આપી રહ્યા છે. પ્રથમવાર લખનૌમાં આ કાર્યક્રમમાં તેઓ સહભાગી બન્યા હતા, તેમ જણાવી તેમણે કહ્યું હતું કે અખિલ ભારતીય પોલીસ વિજ્ઞાન સંમેલન માત્ર મીટીંગનું બહાનું ન બની રહે અને આ કાર્યક્રમ અસરકારક બને એ માટેની તકેદારી ખૂબ જ જરૂરી છે. દેશ, દુનિયા, અપરાધ જગત બધામાં જે રીતે પરિવર્તન આવી રહ્યું છે, તે રીતે પોલીસે અપરાધના વિરોધમાં લડવાની ક્ષમતા દર્શાવતી સિસ્ટમ મજબૂત બનાવવાની જરૂર છે. જ્યારે આ જવાબદારી પોલીસ વિજ્ઞાન કોંગ્રેસ સ્વીકારે છે, ત્યારે આપણે તેનું નવું સ્વરૂપ અને બદલાવ સાથે અનુસંધાન અને વિકાસ બે શબ્દને જોડી જન જન સુધી સુરક્ષા પહોંચાડવાની જવાબદારી છે. તેમણે ઉમેર્યું હતું કે, આવનારા પડકારો સમજ્યા વગર કોઈ પ્લાનિંગ કરાય તો તેમાં ક્યારેય સફળતા મળતી નથી. ભારત આવનારા ૨૦ વર્ષોમાં દરેક ક્ષેત્રમાં અવ્વલ બની રહેશે. આ ૧૦ વર્ષોમાં સૌએ હવે ટેકનોલોજી સાથે કદમ મિલાવી આગળ વધવાનું છે. કોઈ પણ વ્યવસ્થામાં જ્યારે આગળ વધો ત્યારે રૂકાવટો જરૂર આવે છે, તેને દૂર કરી આગળ વધતા આશ્ચર્યજનક સફળતાઓ પણ પ્રાપ્ત થઈ છે જ તેમ તેમણે ગૌરવભેર ઉમેર્યું હતુંવ એપ્રિલ- ૨૦૨૮ પહેલા આપણે દુનિયાની ત્રીજા નંબરની સૌથી મજબૂત અર્થતંત્ર ધરાવતા દેશના નાગરિક હોવાનો ગર્વ કરીશું. તેમણે ઉમેર્યું હતું કે, કોરોનાનાં સંકટમાં ભારત વિશ્વના અન્ય દેશો માટે વધારે ચિંતાનો વિષય હતો, કારણ કે ૧૪૦ કરોડની આબાદી સાથે કેવી રીતે આ મહામારી સામે લડવું એ વિચારવાનો વિષય હતો, ત્યારે આપણી વૈદિક પરંપરા અને આયુર્વેદની સંસ્કૃતિ સાથે આપણે અન્ય દેશોની સરખામણીએ સૌથી વધુ મજબૂતાઈથી ટકી રહ્યા અને ઓછામાં ઓછા નુકસાન સાથે ઊભા પણ થયા છીએ. સાથેજ ભારતની આંતરિક સુરક્ષા અને ન્યાય પ્રણાલીમાં અમુલ પરિવર્તન લાવી ચૂક્યા છીએ. તેમણે ઉમેર્યુ હતું કે, "પરિવર્તન વગર સફળતા નથી આવનારા સમયમાં ભારતની એન્ટી ક્રિમિનલ સિસ્ટમને સૌથી આધુનિક સૌથી તેજ બનાવવાની શરૂઆત પણ થઈ ચૂકી છે. જેમા ત્રણ નવા અપરાધિક કાનૂનની શરૂઆત બાદ દેશના કોઈપણ ખૂણાની કોઈ પણ કોર્ટમાં વધીને વધી ત્રણ વર્ષ સુધીમાં ન્યાય મળી જશે.હવે ન્યાય માટે વર્ષો સુધી રાહ નહીં જોવી પડે. તેમ જવાબદારી સાથે જણાવું છું." તેમ પણ તેમણે ઉમેર્યુ હતું. લક્ષ્યની શરૂઆતથી પરિણામ એટલે કે સફળતા સુધી આપણે જવાનું છે પરંતુ આ સફળતા કોઈ અંકો કે આંકડાઓથી સાબિત થતી નથી કે, આવા આંકડાઓથી લક્ષ સિદ્ધિ પણ થતી નથી, તેમ જણાવી તેમણે ઉમેર્યું હતું કે, કશ્મીર ઉત્તર પૂર્વ અને નક્સલવાદ ક્ષેત્રમાં પણ પહેલા અને હાલની પરિસ્થિતિની તુલના કરાતા જાણવા મળે છે કે, આ વિસ્તારોમાં હવે ૭૦ ટકા હિંસા બંધ થઈ છે તે પણ આપણી મોટી સફળતા છે. આ સાથે જ તેમણે એમ પણ જણાવ્યું હતું કે નાર્કોટિક ક્ષેત્રે ૦૫ લાખ ૪૫ હજાર કિ.ગ્રા અને અત્યારની કિંમતે રૂ. ૩૫ હજાર કરોડનો માલ જપ્ત કરવામાં આપણે સફળતા મેળવી છે. આનો મતલબએ નથી કે, નાર્કોટિકના કેસ વધ્યા છે, પરંતુ પાછલા દસ વર્ષમાં આપણે આપણી સુરક્ષા તથા પોલીસની પ્રક્રિયા થકી આ સફળતા મેળવી છે. ઉપરાંત ચાર વર્ષમાં ખૂબ જહેમત થકી ત્રણ અપરાધિક કાનૂન પરિણામ અને પરિમાણ બંને દ્રષ્ટિએ દેશની અપરાધકીય પરિસ્થિતિઓને રોક લગાવવા માટે ફાયદાકારક નિર્ણય પણ લેવાયો છે. કોમ્પ્યુટરાઈઝેશન સી.સી.ટી. એન.એસ થકી સૌથી પહેલા આ પ્રક્રિયામાં ૧૭૦૦૦ પોલીસ સ્ટેશનને જોડવામાં આવ્યા છે. તેમનું કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ઈ- કોર્ટના માધ્યમથી ૨૨ હજાર અદાલતોને જોડવામાં આવી, વિઝનમાં બે કરોડ કેદીઓનો ડેટા ઉપલબ્ધ છે, અને પ્રોહિબિશનમાં એક કરોડ પચાસ લાખથી વધુ પ્રોહિબિશનનો ડેટા છે, ઈ-ફોરેન્સિકમાં ૨૩ લાખથી વધુ ફોરેન્સિક યુઝર્સનો ડેટા જ્યારે નફીસ ( નેશનલ ઓટોમેટેડ ફીંગરપ્રિંટ આઈડેન્ટિફીકેશન સિસ્ટમમાં ૦૧ કરોડ ૦૬ લાખ લોકોના ફિંગર્સ પ્રિન્ટનો ડેટા ઉપલબ્ધ છે. આ ઉપરાંત આઈ મોટમાં લગભગ ૨૨ હજાર આતંકવાદી પ્રવૃત્તિઓની પ્રોહિબિશન પૂર્ણ થયા સુધીનો ડેટા અને ઈન્વેસ્ટિગેશન ડેટા બધું જ ઉપલબ્ધ છે, જ્યારે નિદાનમાં ૭ લાખ નાર્કોટ ઓફેન્ડરનો ડેટા છે. ઉપરાંત એક લાખ હ્યુમન ટ્રાફિકિંગ ઓફેન્ડરના ડેટા અને ક્રાઈમ મલ્ટી એજન્સી સેન્ટરમાં ૧૬ લાખ એલર્ટ પણ જોડાયા છે. આ સિવાય હવે જે પણ નવીન કાર્ય થશે તે પણ આ ડેટામાં જોડાતા રહેશે તેમ પણ તેમણે ઉમેર્યું હતું. આ સાથે જ કોર્ટ,પ્રોસિક્યુશન,પોલીસ, જેલ, એફ.એસ.એલ બધાને જોડવાની વ્યવસ્થા સાથે એક પ્રક્રિયા તૈયાર થઈ છે જે અપરાધથી સજા અને સજાથી જેલ સુધીની બધી જ પ્રક્રિયામાંથી પૂર્ણ થાય છે. આ સાથે જ તેમણે ત્રણ કાનૂન ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ભારતીય સાક્ષર અધિનિયમનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, ૨૭ જગ્યા ઉપર બદલાવ થકી જે વ્યાખ્યા ઊભી થઈ છે તેમાં ટેક્નોલોજી બદલાતી રહેશે, પરંતુ કાનૂનની વ્યાખ્યામાં હવે બદલાવ ક્યારેય નહીં આવે. અંતે તેમણે કહ્યું હતું કે ૧૫૦ વર્ષ જૂના કાયદામાં નાગરિકો મધ્યમાં ન હતા. જ્યારે હવે બનેલા ત્રણ કાયદામાં નાગરિક અને નાગરિકના અધિકાર ધ્યાનમાં રાખીને આ કાયદો બનાવવામાં આવ્યો છે. આ ત્રણ કાનૂનમાં બધી જ વસ્તુઓ ટેકનોલોજી સાથે જોડવામાં આવી છે. આનાથી ખૂબ જ ઝડપી ન્યાય પ્રક્રિયા ખૂબજ ઝડપી બનશે, તેમ પણ તેમણે ઉમેર્યુ હતું. તેમણે દેશભર માંથી ઉપસ્થિત મહાનુભાવોને જણાવતા કહ્યું હતું કે, એ.આઈના ઉપયોગ કરી સંગ્રહેલા ડેટાને પરિણામ લક્ષી બનાવી એનાલિસિસ થકી પ્રેક્ટિકલ વિશ્લેષણ દ્વારા વ્યવસ્થાને સુધારવાની જરૂરિયાત હોવાનું સૂચન કર્યું હતું.આ વિષયને તેમણે એક ચેલેન્જના રૂપમાં સ્વીકારવા ઉપસ્થિત સૌને અનુરોધ કર્યો હતો. આ અવસરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ ઓલ ઈન્ડિયા પોલીસ સાયન્સ કોંગ્રેસમાં સૌને આવકારતાં કહ્યું કે, દેશની સ્વતંત્રતાની શતાબ્દિ સુધીના આ અમૃતકાળમાં ભારત દરેક ક્ષેત્રમાં સર્વ પ્રથમ, સક્ષમ અને આત્મનિર્ભર બને તેવો વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો સંકલ્પ છે. દેશને આત્મનિર્ભર અને વિકસિત બનાવવાની પહેલી શરત છે કે, દેશની સીમાઓ સુરક્ષિત હોય અને દેશમાં આંતરિક સુરક્ષા અને કાયદો વ્યવસ્થા મજબૂત હોય. તેમણે ઉમેર્યું હતું કે સૌ માટે ગર્વની વાત છે કે દેશની સુરક્ષા અને કાયદો વ્યવસ્થા જાળવવાનું દાયિત્વ દેશના કર્મઠ ગૃહ મંત્રી અમિતભાઈ શાહ સંપૂર્ણ નિષ્ઠા સાથે સંભાળી રહ્યા છે. અમિત શાહના નેતૃત્વમાં કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા કાયદો-વ્યવસ્થા અને પોલીસ દળમાં અનેક રિફોર્મ કરવામાં આવ્યા છે. કોમ્યુનિટી પોલિસિંગની સાથે સાયન્ટિફિક પોલિસિંગ ઉપર ભાર મુકાયો છે, જેના કારણે ક્રાઈમ ઈન્વેસ્ટિગેશન અને ડિટેક્શનની પદ્ધતિમાં ખૂબ મોટો બદલાવ આવ્યો છે. પોલીસ દળના મોર્ડનાઈઝેશન વિશે જણાવતા મુખ્યમંત્રીએ કહ્યું કે, વડાપ્રધાનના માર્ગદર્શન અને ગૃહમંત્રી અમિભાઈના વિઝનના કારણે **CCTNS** (ક્રાઈમ એન્ડ ક્રિમિનલ નેટવર્ક ટ્રેકિંગ સિસ્ટમ) અને **ICJS** (ઈન્ટર ઓપરેબલ ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમ) સમગ્ર દેશમાં અસરકારક રીતે લાગુ થઈ છે. આ વ્યવસ્થાને લીધે એક જ વાર પોલીસ કેસના ડિટેઈલ પોલીસ, ફોરેન્સિક, પ્રોસિક્યુશન, કોર્ટ અને પ્રિઝન બધાં જ એક્સેસ કરી શકે છે અને તેથી તપાસ ઝડપી બની છે. આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે પોલીસ વિજ્ઞાન, ભારતીય ન્યાય સંહિતા કાયદો, મિશન કર્મયોગી, ઓલ ઈન્ડિયા પોલીસ સાયન્સ કોંગ્રેસ ૨૦૨૪- ૫૦મું સંમેલન મળી ૪ પુસ્તકોનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું.

# મહીસાગરના જાતિવાદી કલેક્ટર સામે ૨૨ નવેમ્બરે જૂનાગઢ સહિત રાજ્યના ૨૫૦ તાલુકા પોલીસ સ્ટેશનોમાં ગુન્હો દાખલ કરવા ફરિયાદ કરાશે

## ૬ ડિસેમ્બરે મહીસાગરમાં મોટું વિરોધ પ્રદર્શન : તા. ૨૨ ફળ રોજ વંથલી ખાતે મોટી સંખ્યામાં એસસી, એસટી, ઓબીસીના લોકોને જોડાવા અજય વાણવીનું આહવાન

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૦

દલિત, આદિવાસી, ઓબીસી, સમુદાયે એક થઈને ૨૨ નવેમ્બર ૨૦૨૪ ના રોજ એક કાર્યક્રમ ઘડી કાઢ્યો છે. ગુજરાતના તમામ ૨૫૦ પોલીસ સ્ટેશનમાં ગુન્હો દાખલ કરવા લેખિત ફરિયાદ કરવામાં આવશે. તેમજ ૬ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ ડો.આંબેડકર પરિનિર્વાણ નિમિત્તે ૩૩ જિલ્લાઓમાં આક્રમક: વિરોધ પ્રદર્શન કરવામાં આવશે. ૬ ડિસેમ્બરના રોજ મહીસાગર ખાતે રેલીમાં દલિત, આદિવાસી સમાજના લોકો કલેક્ટર નેહાકુમારી દુબેની ધરપકડ માટે અવાજ બુલંદ કરશે તેવું અજય વાણવીએ જણાવ્યું હતું. શા માટે ગુજરાત વ્યાપી આંદોલન કરવાની જરૂર પડી ? અજય વાણવી એ વિગતો આપતા જણાવ્યું હતું કે ૩ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ મહીસાગર જિલ્લાના લુણાવાડામાં તાલુકા સ્વાગત કાર્યક્રમ હતો. જેમાં દલિત અરજદાર વિજય પરમારને કલેક્ટર નેહાકુમારી ધમકાવી રહ્યા છે તે અંગેનો એક વિડીયો વાયરલ થયો હતો. તે બાબતે ધારાસભ્ય જીગ્નેશભાઈ મેવાણીએ ૨૯ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ પત્રકાર પરિષદ યોજી જણાવ્યું હતું કે, "અરજદારોને તાલુકા સ્વાગત કાર્યક્રમમાં શાંતિથી સંભળવા જોઈએ. તેમની સાથે વિવેકથી વર્તવું જોઈએ તેના બદલે કલેક્ટર IAS નેહા વર્તન કરેલ છે. "વકીલો અને પત્રકારો બની બેઠા છે તેવી કોમેન્ટ કરી "કામ-ધામ કુછ હે નહિ, પઢે લિખાઈ કુછ હે નહિ, વકીલાત મેં ચપ્પલ સે માર ખાને કે કામ કરતે હે" એવી શરમ જનક ટિપ્પણી કરી આદિવાસી અને દલિતોના ૯૦ ટકા એટ્રોસિટીના કેસ બ્લેકમેઈલિંગ માટે કરે છે" એમ કહી ને નેહા કુમારીએ જનરલ સમાજના લોકોના મનમાં આદિવાસી અને દલિત સમાજના લોકો ખોટા કેસો કરે છે તેવો ખોટો ભાવ પેદા કરવાનો પ્રયાસ કર્યો છે જે સાંખી લેવાય નહિ. ૨૨ નવેમ્બર વંથલી સહીત ગુજરાત રાજ્યના ૨૫૦ તાલુકા પોલીસ સ્ટેશનોમાં ગુન્હો દાખલ કરવા ફરિયાદ કરાશે. લોકોને જોડાવા અપીલ કરી છે તેવું અજય વાણવીએ જણાવ્યું હતું.

# વેરાવળમાંથી થયેલ ચોરીના ગુન્હાનો ગણતરીની કલાકોમાં ભેદ ઉકેલતી સીટી સર્વેલન્સ સ્કવોર્ડ



(પ્રતિનિધી દ્વારા) વેરાવળ તા.૨૦

જુનાગઢ રેન્જ આઈ.જી.પી. નીલેશ જાજડીયા તથા ગીર સોમનાથ જીલ્લાના પોલીસ અધિક્ષક મનોહરસિંહજી એન.જાડેજા તથા નાયબ પોલીસ અધિક્ષક વી.આર.ખેંગારે જીલ્લામાં બનતા ઘરફોડ/ચોરી/ લુંટ/મીલ્કત સંબધી ગુન્હાઓ શોધી કાઢવા તેમજ આવા ગુન્હાઓ બનતા અટકાવવા તેમજ આવા ગુન્હાઓ આચરતા આરોપીઓને પકડી પાડવા જરૂરી સુચના આપેલ હોય જે અનુસંધાને વેરાવળ સીટી પોલી સ્ટેશન વિસ્તારમાં તા.૧૮/૧૧/ ૨૦૨૪ના સુભાષરોડ ના નાકે આવેલ રઘુવંશી ઇલેક્ટ્રીક નામની દુકાનમા થડા પાસે રાખેલ કાળાકલરના થેલા માથી બ્રાઉન-કલરના પાકીટમાં રહેલ રોકડ રૂપિયા તથા ડોક્યુમેન્ટની ચોરી થયાની ફરીયાદ નોંધાયેલ જે બનાવના અનુસંધાને વેરાવળ સીટી પોલીસ સ્ટેશન પીઆઈ ગોસ્વામીની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પીએસઆઈ એસ.એમ.દેવરેએ સદર વણઉકેલાયેલ ગુન્હાને તાત્કાલીક ઉકેલવા અને ગુન્હાના કામેના આરોપીઓને મુદામાલ સાથે પકડી પાડવા સુચના કરેલ હોય.જેથી વેરાવળ સીટી સર્વેલન્સ પો.સ્ટાફ પો.સ્ટે. વિસ્તારમા સદરહુ ગુન્હાના આરોપી/ચોર મુદામાલ બાબતે વોચ/તપાસ પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન સર્વેલન્સ પો.સ્ટાફ એ.એસ.આઇ. વજુભાઈ ઉગાભાઈ ચાવડા પો.હે.કો.સ. સુનીલભાઈ માંડણભાઈ સોલંકી તથા કમલેશભાઇ જગમાલભાઈ પીઠીયા તથા પો.કો.સ. રોહીતભાઇ જગમાલભાઈ ઝાલા તથા અશોકભાઇ હમીરભાઈ મોરી નાઓની સંયુકતમાં મળેલ ખાનગી બાતમી/ટેકનિકલી હકિકતના આધારે રાહુલ ઉર્ફે કાળો ભીમાભાઈ પરમાર અને સંજય ભનુભાઈ સોલંકીને વેરાવળ જેન હોસ્પીટલ વિસ્તારમા આવેલ નવા બનેલ કોમ્પલેક્સની પાસે હોય જયાંથી બંને શખ્સોને ઝડપી યુક્તી પ્રયુક્તી પુછપરછ કરતા ચોરી કર્યાની કબુલાત કરતા પોલીસે બંને શખ્સો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સોમનાથ ભાલકા તિર્થ ખાતે બ્રહ્માકુમારી આધ્યાત્મિક શિબિર યોજાઈ





(પ્રતિનિધી દ્વારા) પ્ર.પાટણ તા.૨૦

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિરના ભાલકા તિર્થ ખાતે બ્રહ્માકુમાર આંતરરાષ્ટ્રીય આધ્યાત્મિક શિબિર યોજાઈ.

જેમાં પ્રેરક વકતા શિવાની દીદીએ પ્રેરક સંબોધન કરતા જણાવ્યું કે, આત્માને સાફ રાખશો તો સતયુગ આવશે. સંસ્કારથી સંસાર બદલાય છે. મોટા ઘરની ઓળખ ઘરની સાઈઝ ઉપર નહી પરંતુ સંસ્કાર ઉપરથી ઓળખાય છે.

કલયુગમાં જે દુઃખ, અશાંતિ, ચિંતા, આની અસર શરીર ઉપર થાય છે. માટે પવિત્રતા, શાંતિ, શક્તિ, સ્નેહ દરેક આત્મા સુધી રહે તેવો વર્તાવ કરવો.

બ્રહ્માકુમાર મોટીવેકશન વકતા શિવાની દીદી દ્વારા વિશેષમાં જણાવાયું કે, સારા વિચારથી સુખમય સંસાર બને છે. આ પ્રેરક પ્રવચનમાં મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો. કાર્યક્રમના પ્રારંભ બ્રહ્માકુમાર શિવાની દીદી, ગીર સોમનાથ જીલ્લા કલેકટર દિગ્વીજયસિંહ જાડેજા, માનસિંહ પરમાર, ઝવેરીભાઈ ઠકરાર સહિતનાઓએ દિપ પ્રાગટય કરી સમુહ ધ્યાન ધર્યુ હતું.

# સલાયામાંથી ગુમ થયેલા મંદિરના પૂજારીનો મૃતદેહ ખંભાળિયામાંથી સાંપડ્યો

(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા તા.૨૦

ખંભાળિયા તાલુકાના સલાયા ગામે આવેલ એક મંદિરના પૂજારી આશરે પાંચેક દિવસ પૂર્વે લાપતા બન્યા બાદ મંગળવારે સવારે ખંભાળિયાના સિનેમા નજીકના નદીના પુલ નીચેથી તેમનો નિષ્પ્રાણ દેહ મળી આવ્યો હતો. આ સમગ્ર પ્રકરણ અંગેની જાણવા મળતી વિગત મુજબ ખંભાળિયા તાલુકાના સલાયા ગામે આવેલા રામ મંદિરના પૂજારી અશોકભાઈ શશીકાંતભાઈ મહેતા (ઉ.વ. ૫૬) ગત તા. ૧૪ થી લાપતા બન્યા હતા. જે અંગે તેમના પરિવારજનો દ્વારા તેમની શોધખોળ હાથ ધરી અને પોલીસને પણ જાણ કરવામાં આવી હતી. આ વચ્ચે મંગળવારે સવારના સમયે ખંભાળિયામાં વિજય





સિનેમા રોડ ઉપર આવેલી તેલી નદીના પુલની નીચેના ભાગે એક મૃતદેહ પડ્યો હોવા અંગેની સ્થાનિકો દ્વારા પોલીસને કરવામાં આવી હતી. જેને અનુલક્ષીને પોલીસ સ્ટાફ આ સ્થળે દોડી ગઈ અને મૃતદેહનો કબજો મેળવ્યો હતો. જેની તપાસમાં આ મૃતદેહ સલાયાના અશોકભાઈ મહેતા નામના અપરણિત પ્રૌઢનો હોવાનું ખુલવા પામ્યું હતું. જેથી પોલીસે મૃતદેહના પોસ્ટમોર્ટમ તેમજ પરિવારજનોના નિવેદન નોંધવા સહિતની જરૂરી કાર્યવાહી કરી હતી. મૃતક પ્રૌઢને પરિવારમાં માત્ર એક ભાઈ જ હોવાનું તેમજ છેલ્લા કેટલાક સમયથી માનસિક રીતે અસ્વસ્થ હોવાનું પણ જાણવા મળ્યું છે. ઉપરોક્ત બનાવ અંગે મૃતકના પિતરાઈ ભાઈ ચંદનભાઈ મહેન્દ્રભાઈ મહેતા (ઉ.વ. ૪૨) એ અહીંની પોલીસમાં જાહેર કરેલી વિગત મુજબ તેમના મોટા બાપુના દિકરા અશોકભાઈ ગત તારીખ ૧૪ ના રોજ સલાયાના રામ મંદિરેથી કોઈને કહ્યા વગર જતા રહ્યા બાદ મંગળવારે સવારના સમયે ખંભાળિયાની તેલી નદીના પુલ નીચેથી તેમનો મૃતદેહ મળી આવ્યો હતો.

# ખંભાળિયાના સ્વ. પ્રભાબેન પ્રાણજીવન દતાણીની આવતીકાલે પ્રાર્થનાસભા



(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા તા.૨૦

દતાણી ઓઈલ મીલવાળા સ્વ. પ્રાણજીવન જેઠાલાલ દતાણી (હાલ આણંદ)ના ધર્મપત્ની ગં.સ્વ. પ્રભાબેન પ્રાણજીવનભાઈ દતાણી (ઉ.વ. ૮૮) તે નરોત્તમભાઈ, ભરતભાઈ, ગીરીશભાઈ અને હિતેશભાઈ દતાણી તેમજ રંજનબેન પ્રતાપરાય રાયઠ્ઠા (જામનગર), ઈન્દુબેન સુરેશકુમાર સોનેયા (જામનગર), ભાવનાબેન ભરતકુમાર કક્કડ (પોરબંદર) તથા ભારતીબેન યોગેશ કુમાર ચોટાઈ (સુરત)ના માતુશ્રી તેમજ જમનાદાસ જેઠાલાલ દતાણીના ભાભી, કિર્તીભાઈ દતાણીના ભાભુ તેમજ પ્રીત, મનીષ, પુનિત, રવિ, શ્યામ, જતીન, વિરલ, અભી, હિરેન, જલ્પા, પૂજા અને હિમાના દાદીમા તથા સ્વ. મોરારજી અમરશી દાસાણીના સુપુત્રી સોમવાર તારીખ ૧૮ ના રોજ શ્રીજી ચરણ પામ્યા છે. સદગતની પ્રાર્થનાસભા તથા પિયર પક્ષની સાદડી ગુરુવાર તા. ૨૧ ના રોજ સાંજે ૪ થી ૪:૩૦ ભાઈઓ તથા બહેનો માટે અત્રે જલારામ મંદિર પ્રાર્થના હોલ ખાતે રાખવામાં આવેલ છે. તેમની સાદડી આણંદ મુકામે રવિવાર તારીખ ૨૪ ના રોજ સવારે ૧૦ થી ૧૧ અમૃત વાડી, ગોપી સિનેમા પાસે, આણંદ ખાતે રાખવામાં આવેલ છે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આધારકાર્ડ અપડેટ માટેની કીટની વ્યાપક અછત : "આપ" દ્વારા તંત્રને રજૂઆતો

(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા તા.૨૦

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં હાલ ઈ-કે.વાય.સી.ને લગતી કામગીરી ખૂબ ધીમી ગતિથી ચાલી રહી છે. આ વચ્ચે આ માટેની ઓછી કીટથી ચાલતી કામગીરીના કારણે લોકોને ખૂબ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. સાથે સાથે લોકોના સમયનો પણ વ્યય થાય છે. આધારકાર્ડ ઈ-કે.વાય.સી. માટે આવતા લોકો તેમના બાળકો અને ઘર પરિવારના સભ્યોને લઈને તાલુકા મથકે વારંવાર ધક્કા ખાય છે. આ પરિસ્થિતિમાં જિલ્લાના



લોકોને પોતાના કામ ધંધામાં પણ નુકસાની તેમજ હાલાકી વચ્ચે ગરીબ લોકો પોતાની રોજગારી મેળવી શકતા નથી. લોકોની આ પરેશાની અંગે આમ આદમી પાર્ટી દ્વારા દેવભૂમિ દ્વારકા જિલ્લાની વસ્તીના આધારે આધાર કાર્ડ અપડેટ તેમજ અન્ય વિગતો તેમાં ઉમેરવા માટેની મશીનની કીટ દર પાંચ ગામ દીઠ એક મૂકવામાં આવે તો લોકોનો સમય અને આર્થિક નાણાનો વ્યય વિગેરેમાં ખૂબ રાહત થાય તેમ જણાવી, તંત્ર દ્વારા આ મુદ્દે નક્કર પગલાં લેવામાં આવે તેવી માંગ કરી છે. સલાયામાં પણ છેલ્લા ઘણા સમયથી આધાર કાર્ડની કીટ બંધ છે. શિક્ષણ વિભાગને જે કીટ આપવામાં આવી છે, તેની કામગીરી ફરીથી શરૂ કરવામાં આવે, ખાનગી CSCS સી.એસ.સી. સેન્ટરને મજૂરી આપવામાં આવે અને નવી કીટની ફાળવણી કરવામાં આવે જેથી આધાર કાર્ડની કામગીરી સરળતાથી થઈ શકે, વિગેરે બાબતની ખાસ તકેદારી લઈને સમયસર કામગીરી થાય તે જોવા આમ આદમી પાર્ટી દ્વારા માંગણી કરવામાં આવી છે.

ઓનલાઈન જાહેર નિવિદા નં.૦૧/૨૦૨૪-૨૫ જિલ્લા પંચાયત, ગીરસોમનાથ, જિલ્લા પ્રોજેક્ટ કો- ઓર્ડીનેટર, સમગ્ર શિક્ષા ગીરસોમનાથ - ૩૬૨૨૬૫ (બ્લોક-સી, બીજો માળ, મુ.ઈણાજ, વેરાવળ-તાલાલા રોડ, જિલ્લાપંચાયત-ગીર સોમનાથ) ફોન નં.૦૨૮૭૬-૨૮૫૬૦૦ ધ્વારા ૧ કામ જેની અંદાજીત રકમ રૂ. ૧૯.૨૦ લાખ છે. જે માટે ગુજરાત સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગ તરફથી યોગ્ય શ્રેણીમાં નોધાયેલ કેટેગરી તથા અન્ય શ્રેણીઓ પાસેથી પાસેથી ઓન લાઇન ઇ-ટેન્ડરીંગ સીસ્ટમથી ટેન્ડર માંગવામાં આવે છે. જે https://tender.nprocure.com ઉપર તા.૨૫/૧૧/૨૦૨૪ થી તા.૦૪/૧૨/૨૦૨૪ સુધીમાં ટેન્ડરો ઓન લાઇન ભરવાના રહેશે. તેમજ ખોલવાની તા. ૦૫/૧૨/૨૦૨૪ તેમજ ડોક્યુમેન્ટ રજી.એડી થી પહોચતા કરવા તા.૧૦/૧૨/૨૦૨૪ છે. નોટીસ અંગેની માહિતી ઉપરોક્ત વેબ સાઇટ પર તથા માહિતી વિભાગની વેબ સાઈટ www.statetenders.gujarat.gov.in ઉપર જોવા મળશે. આ કામોની વધુ વિગતો કામ કાજના દિવસો દરમ્યાન ઉપરોકત કચેરીના નોટીસ બોર્ડ તેમજ રૂબરૂ સંપર્ક સાધવાથી મળી શકશે.

માહિતી/જુના/જા.ખ./૬૩૬/૨૪

હવે ગાદી (સત્તા) માટે મહંતો વચ્ચે લડાઈ.... : ભક્તો-આમ જનતા સ્તબ્ધ....

# ભવનાથના મહંત હરીગીરી વિરૂધ્ધ ભૂતનાથના મહંત મહેશગીરી

## ગુરૂ પરંપરાનું અપમાન કરનારા હરીગીરીને જયાં સુધી ભવનાથમાંથી કાઢીશ નહી ત્યાં સુધી પૂ. તનસુખગીરી બાપુની સમાધીએ શ્રધ્ધાંજલી નહી આપું : મહેશગીરી બાપુ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૦

ગિરનાર મંડળના સંતો તેમજ સેવકોમાં પણ ખુબ જ આદરભર્યું સ્થાન ધરાવનારા કર્મયોગી અને વરિષ્ઠ સંત મોટા પીરબાવા પૂ. તનસુખગીરી બાપુનો દેવવિલય થતા ધાર્મિક વિધીઓ ગઈકાલે અને આજે સંપન્ન કરવામાં આવી રહી છે તો બીજી તરફ પૂ. બાપુ જે ધાર્મિક સ્થાનોના ગાદીપતિ તરીકે હતા ત્યારે હવે તેઓના બ્રહ્મલીન થવા બાદ હવે નવા ગાદીપતિ કોણ બનશે તે અંગે વિવાદ ભારે વિવાદ ઉઠવા પામ્યો છે. તનસુખગીરી બાપુના અન્યય સેવક કિશોરભાઈ ચૌહાણ તેમજ યોગેશગીરીએ ગંભીર પ્રકારના આક્ષેપો ભૂતનાથ મંદિરના મહંત મહેશગીરી બાપુ સામે કરેલા છે તો બીજી તરફ પૂ. મહેશગીરી બાપુએ પણ તડને ફડની ભાષામાં જોરદાર જવાબો આપેલા છે અને ભવનાથમાંથી જયાં સુધી હરીગીરીને દુર કરીશ નહી ત્યાં સુધી પૂ. તનસુખગીરી બાપુની સમાધીએ શ્રધ્ધાંજલી નહી આપું તેવો રણકાર મહેશગીરી બાપુએ કરતા ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે. આ સાથે ભવનાથમાં હરીગીરી વિરૂધ્ધ મહેશગીરી બાપુનો જંગ જારી થઈ જતા અનેક તર્ક વિતર્કો થઈ રહ્યા છે. હાલ તો ગિરનાર ક્ષેત્રમાં ગિરનાર મંડળ અને ગિરનાર છાયા મંડળના સંતો આમને-સામને આક્ષેપો કરી અને નિવેદનો આપી રહ્યા છે.

અંબાજી માતાજી મંદિરના મહંત પૂ. તનસુખગીરી બાપુ બ્રહ્મલીન થતા ગઈકાલે ભીડભંજન મંદિર ખાતેથી તેઓની પાલખી યાત્રા યોજવામાં આવી રહી હતી. આ તકે સેવકગણ તેમજ ગિરનાર મંડળના સંતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. બરાબર આ ટાંકણે જ હજુ તો પૂ. તનસુખગીરી બાપુની અંતિમ વિધી એટલે પાલખી યાત્રાને સમાધી આપવાનું કાર્ય થયું ન હતું ત્યાં જ ગાદી માટેનો ખેલ શરૂ થયો હોવાનું ચર્ચાઈ છે. મિડીયા સમક્ષ તનસુખગીરી બાપુના વર્ષોથી અનુયાયી તરીકે રહેલા કિશોરભાઈએ મિડીયા સમક્ષ જણાવ્યું હતું કે, બેથી ત્રણ દિવસ પહેલા અમે રાજકોટ હોસ્પિટલમાં હતા ત્યાં મહેશગીરી બાપુ અને અન્ય લોકો આઈસીયુમાં આવ્યા હતા અને જબરજસ્તીથી પૂ. બાપુના રૂમમાં ઘુસીને પીરબાપુના હાથના અગુંઠા લઈ લીધા હતા. બાપુ કોમામાં હતા જોકે મને કંઈ ખબર ન હતી, હું તો ઉપર રૂમમાં સુતો હતો પરંતુ યોગેશભાઈએ કહ્યું કે નીચે કંઈક ગડબડ થઈ રહી છે. આમ કિશોરભાઈના નિવેદન બાદ યોગેશગીરીએ મિડીયા સમક્ષ નિવેદન આપ્યું હતું કે, કિશોરભાઈએ જે પણ કહ્યું છે તે મેં નજરે જોએલ છે અને મને પણ બોલાવ્યો હતો. એ બધા લોકો હતા ત્યારે અમે તેમને રોકવાનો પ્રયાસ પણ કર્યો હતો પરંતુ તેઓ રોકાયા ન હતા. કોઈએ અમને કંઈ વાત કરી નથી તેમ જણાવ્યું હતું અને કિશોરભાઈ અને યોગેશગીરીએ જે નિવેદન કર્યું હતું અને મહેશગીરી બાપુ સામે જે આક્ષેપો થયા છે તેને લઈને ભારે વિવાદ ઉઠવા પામ્યો છે.

બીજી તરફ તાત્કાલીક અસરથી ભૂતનાથ મહાદેવ મંદિર તેમજ ગુરૂદત્તાત્રેય અને કમંડળ કુંડના મહંત પૂ. મહેશગીરી બાપુએ પણ મિડીયા સમક્ષ નિવેદન આપ્યું હતું અને એવો રણટંકાર કરતા જણાવ્યું હતું કે, સનાતન ધર્મને તેમજ ગિરનારને બચાવવા અને જયાં સત્ય છે તેની પડખે રહી મારે જે કંઈ કરવું પડશે અને લડત આપવી પડશે તો હું લડત આપવામાં પાછીપાની નહી કરૂ તેવો રણટંકાર કર્યો હતો. પૂ. મહેશગીરી બાપુએ જણાવ્યું હતું કે, પૂ. તનસુખગીરી બાપુ કોઈ સીધો ચેલો નથી અને સન્યાસ પરંપરામાં સુખડ પરંપરા હોય છે જેમાં સીધો ચેલો મુંડતા નથી દત્તક લેવામાં આવે છે. તનસુખગીરી બાપુએ મારી ચોટી કાપીને મને દત્તક તરીકે લીધો હતો ત્યારે હરીગીરી મહારાજ ન હતા અને મારી દિક્ષા થઈ ત્યારે રાણપુર ગામ પણ સાક્ષી હતું. વિશેષમાં મારી ઉપર જે આક્ષેપો થયા છે તે અંગે જવાબ આપું છું તેમ કહી મહેશગીરી બાપુએ જણાવ્યું હતું કે, મને તનસુખગીરી બાપુએ જણાવ્યું હતું કે મારી તબીયત હવે સારી નથી અને હવે આ બધાનું તમે ધ્યાન રાખજો તેમ કહેતા મહેશગીરી બાપુ તેમજ રાજકોટ હોસ્પિટલમાં ગયા હતા અને ગોકુલ હોસ્પિટલમાં ડોકટરોની તેમજ અન્ય લોકોની ઉપસ્થિતિમાં કાર્યવાહી કરવામાં આવી હતી જેનું સીસીટીવીમાં રેકોર્ડીંગ પણ થયેલું છે તે પણ હું પુરાવા તરીકે આપવા તૈયાર છું તેમ છતાં મહેશગીરી બાપુએ વધુમાં જણાવ્યું હતું કે, મેં કિશોરભાઈ તેમજ યોગેશગીરી તેમજ અન્ય તમામને પણ જણાવ્યું હતું કે, ખરેખર ગુરૂ પરંપરા અનુસાર હું દાવેદાર છું પરંતુ મેં મારો કોઈ હક્ક દાવો રજુ કરેલ નથી. તમે લોકો જે નક્કી કરો તેમાં મહેશગીરી તમારી સાથે જ છે તેમ જણાવ્યું હતું અને મારી ઉપર જે આક્ષેપો થયા છે તે બરાબર નથી. એટલું જ નહી મહેશગીરી બાપુએ કિશોરભાઈ અને યોગેશગીરીને જણાવ્યું હતું કે તમે જાગ્યા કયા છો તમે વિચારો કે ભવનાથ મહાદેવ મંદિરના મહંત તરીકે પૂ. તનસુખગીરી બાપુ બિરાજમાન હતા પરંતુ તેમને ત્યાંથી દુર કરી દેવામાં આવ્યા અને આ કામગીરી કોણે કરી ભવનાથ મંદિરના મહંત હરીગીરીએ તનસુખગીરી બાપુને દુર કરવાનું કૃત્ય આચર્યું છે તેની સામે ભારે રોષ વ્યકત કર્યો હતો. વિશેષમાં તેઓએ આક્ષેપ કર્યો છે કે તનસુખગીરી બાપુને ભવનાથમાં હાંકી કાઢયા તેવા લોકોના ખોળે અમારી ઉપર આક્ષેપ કરનાર બેસી ગયા છે. વિશેષમાં તળેટી વિસ્તારમાં આવેલી કેટલી જગ્યામાં વીલ પણ થઈ ગયા છે ચેલા પણ મુંડી નાખવામાં આવ્યા છે અને તેને ઉપાડીને પોતાના લોકોને બેસાડી દેવામાં આવ્યા હોવાનો પણ આક્રોશ વ્યકત કર્યો હતો.

મહેશગીરીએ વધુમાં જણાવ્યું હતું કે, તેઓએ હરીગીરી બાપુને કહ્યું હતું કે તમે જે ગુરૂ પરંપરાનું અપમાન કર્યું છે તે સારૂ કર્યું નથી. તમે ભવનાથ છોડી દો અને તમે કહેશો ત્યાં ભારતભરમાં હું તમને મદદ કરીશ પરંતુ હરીગીરીએ માન્યું નથી. ત્યારે આજે મહેશગીરી બાપુએ સંકલ્પ લીધો હતો કે ગિરનારને બચાવવા સત્યના રક્ષણ ખાતે અને ધર્મના રક્ષણ માટે ભવનાથમાંથી જયાં સુધી હરીગીરીને કાઢીશ નહી ત્યાં સુધી તનસુખગીરી બાપુની સમાધીએ શ્રધ્ધાંજલી નહી આપું તેવો રણટંકાર કર્યો હતો.

અખાડો તો સંરક્ષણ આપે છે અખાડામાં હરીગીરી છે હરીગીરી અખાડો નથી તેમ કહી હું પુરાવા રજુ કરીશ એટલે દુધનું દુધ અને પાણીનું પાણી થઈ જશે તેવો નિર્ધાર મહેશગીરી બાપુએ વ્યકત કર્યો છે. આમ હવે ભવનાથ ક્ષેત્રમાં હરીગીરી અને મહેશગીરી બાપુ વચ્ચે જંગના મંડાણ શરૂ થઈ ગયા છે.

### અખાડાના સર્વે સંતો મંથન કરશે : પૂ.ઈન્દ્રભારતી બાપુ

જૂનાગઢ ગીરનાર મંડળના અધ્યક્ષ પૂ.ઈન્દ્રભારતીબાપુએ જણાવ્યું છે કે, હાલ તો જે રીતે તનસુખગીરી બાપુના સેવકો દ્વારા જે આક્ષેપો કરવામાં આવી રહ્યા છે તે અંગે આગામી સમયમાં અખાડાના સર્વે સંતો એકત્રીત થઈ અને મંથન કરીને યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. વિશેષમાં સીસીટીવી ફુટેજ પણ ચેક કરીને સૌ સંતોની હાજરીમાં નિર્ણય લેવામાં આવશે.

### ભવનાથ મહાદેવ મંદિરના મહંત પૂ.હરીગીરી મહારાજનું નિવેદન

જૂનાગઢ નજીક આવેલા ગીરનાર ક્ષેત્રમાં બીરાજતા સુપ્રસિધ્ધ ભવનાથ મહાદેવ મંદિરના મહંત હરીગીરી બાપુએ જણાવ્યું હતું કે, 'મહેશગીરી બાપુ તો કુછ ભી બોલ શકતે હે' તેમ જણાવ્યું હતું. આ ઉપરાંત તેઓએ એમ પણ જણાવ્યું હતું કે, બ્રહ્મલીન તનસુખગીરી બાપુના સેવકોએ જે વાત કરી તે મુજબ રાતના સમયે તેઓએ ગેરકાયદેસર ઘુસીને લખાણ કરાવી લીધું છે. પરંતુ પરંપરા મુજબ, રીતી રીવાજ મુજબ આગળનો નિર્ણય લેવામાં આવશે. અને સમાધી - ચેલા બનાવવા માટે અખાડા પરિષદના સંતો છે તેમ જણાવ્યું હતું.


નવા વર્ષની હાર્દિક શુભેચ્છા...

અગ્રણી બિલ્ડર
અરવિંદભાઈ સોલંકી
જૂનાગઢ
મો. ૯૩૨૭૪ ૯૪૫૫૫

ડો. રશ્મિ પી. બાલચંદાણી
Mo. 74859 53500 B.A.M.S.
મંગળ-બુધ-ગુરૂવારે : સવારે ૧૦થી ૧૨-૩૦
શુક્ર-શનિ-સોમવારે : સવારે ૧૦થી ૧૨-૩૦ • સાંજે ૫ થી ૭-૦૦
ઘુંટણના, વા ના, સાંધાના તમામ દુ:ખાવા અને પાચનની તકલીફ - પિત્ત (એસીડીટી) કબજીયાત, ગેસની તકલીફો ચામડીના રોગો, પંચકર્મ દ્વારા સારવાર
ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : શુક્રવાર તથા શનિવારે
રાજકોટ : સોમવાર થી ગુરૂવાર
ફકત એપોઈન્ટમેન્ટ થી મળશે.
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી
ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨
મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com


પૂ. તનસુખગીરી બાપુ દેવલોક પામતા ભારે વિવાદ સર્જાયો

# ગિરનાર અંબાજી માતાજી મંદિરના નવા મહંત કોણ ? પેચીદો પ્રશ્ન

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૦

જૂનાગઢ નજીક આવેલા ગરવા ગિરનાર ખાતે બિરાજતા અંબાજી માતાજી મંદિર(શક્તિપીઠ), દત શિખર અને ભીડભંજન મહાદેવ મંદિરના મહંત અને ઉચ્ચ કોટીના સંત એવા મોટા પીરબાવા પૂ. તનસુખગીરી બાપુ દેવલોક પામતા એક તરફ સેવકગણમાં અને સંતોમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે તો બીજી તરફ પૂ. તનસુખગીરી બાપુના દેવવિલય બાદ હવે નવા મહંતની નિમણુંકનો પ્રશ્ન ભારે પેચીદો બની રહ્યો છે. જોકે બ્રહ્મલીન પૂ. તનસુખગીરી બાપુની આજે ધુળજોટી વિધી બાદ નવા મહંતની નિમણુંક માટેની કાર્યવાહી હાથ ધરાઈ તેવા નિર્દેશો મળી રહ્યા છે. દરમ્યાન ગઈકાલે એક તરફ પૂ. તનસુખગીરી બાપુની પાલખી યાત્રા યોજાઈ હતી અને આ દરમ્યાન જ વિવાદ શરૂ થયો હતો જેને લઈને જૂનાગઢ તેમજ સોરઠ પંથકના પૂ. બાપુના અનુયાયો અને સેવકોમાં પણ દુ:ખની લાગણી જોવા મળી રહી છે. બીજી તરફ ગાદી માટેના શરૂ થયેલા ખેલ સામે ભારે આક્ષેપો અને દાવાઓ થઈ રહ્યા છે અને જેને લઈને ગિરનાર ક્ષેત્રના સંતોમાં ભારે હલચલ મચી જવા પામી છે.

ગિરનાર ઉપર આવેલ શક્તિપીઠ અંબાજી માતાજીના મંદિર તેમજ દત શિખર અને ભીડભંજન મહાદેવ મંદિરના મહંત પૂ. તનસુખગીરી બાપુનું ટુંકી બિમારી બાદ રાજકોટની ગોકુલ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન દેહ વિલય થયો હતો અને જેને લઈને સંતો અને સેવકોમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી. પૂ. તનસુખગીરી બાપુને ભીડભંજનથી ભવનાથ સુધી પાલખી યાત્રા યોજાઈ હતી ત્યારબાદ તેઓને શાસ્ત્રોક વિધી સાથે ભીડભંજન મંદિર પરિસરમાં જ તેમના ગુરૂની સમાધી પાસે સમાધી અપાઈ હતી. આ તકે સંતો-મહંતો અને વિવિધ ક્ષેત્રના અગ્રણીઓની ખાસ ઉપસ્થિતિ રહી હતી. ગઈકાલે પાલખી યાત્રા યોજાઈ હતી તે સમયે જ અચાનક વિવાદ શરૂ થયો હતો. આ વિવાદમાં ખાસ કરીને ગાદીના વારસને લઈને સંતો-શિષ્યોમાં જબરો વિવાદ ઉભો થયો છે. આ વિવાદમાં એક તરફ ભવનાથ મહાદેવ મંદિરના મહંત હરીગીરી મહારાજ, રૂદ્રેશ્વર જાગીર ભારતી આશ્રમના મહંત ઈન્દ્રભારતી બાપુ તેમજ તનસુખગીરી બાપુ સાથે રહેતા યોગેશપુરી તેમજ કિશોરભાઈ વિગેરે છે તો સામે ભૂતનાથ મહાદેવ મંદિરના મહંત મહેશગીરી બાપુ છે. બંને પક્ષકારો વચ્ચે ગાદીને લઈને આક્ષેપપ્રતિ આક્ષેપો થઈ રહ્યા છે અને હવે સૌથી મોટો પ્રશ્ન એ છે કે અંબાજી માતાજી મંદિર સહિતના ત્રણ ધાર્મિક સ્થળોના મહંત પદે કોની નિમણુંક થશે તે તરફ સબંધીત તમામની મીટ મંડાયેલી છે.




દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક • ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦
આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

ભેળસેળ સાબિત કરનારને ઈનામ ૧ લાખ
૧૦૦% શુધ્ધ અને તાજુ ઘી જાતે બનાવો, ભેળસેળથી બચો.
માખણ રૂા. ૪૦૦/-
મલાઈ(ક્રિમ) રૂા. ૩૨૦/-
૧૦૦% ગેરેંટેડ તથા શુધ્ધ અને તાજુ ઘી લેબોરેટરીની જવાબદારી
ભેંસનું ઘી રૂા. ૫૮૦/-
ગાયનું ઘી રૂા. ૬૨૦/-
મલાઈવાળું દહી, ઘોરવું
તાજુ પનીર ગાયનું દુધ
શ્રી ચંદ્ર ડેરી ફાર્મ
શુધ્ધતા સાથે વ્યાજબી ભાવની ખાત્રી
(અશોકભાઈ)
આસ્થા કોમ્પ્લેક્ષ, હોટ એન્ડ સ્પાઈસની સામે, વણજારી ચોક, જૂનાગઢ. મો.નં.૯૮૨૫૧ ૬૭૦૦૮

મકાન વેંચવાનું છે
જૂનાગઢનાં પોશ વિસ્તાર નાની દાણાપીઠ સોસાયટીમાં લગભગ ૩૦૦ વાર જમીન મકાન વેંચવાનું છે
:: કોન્ટેક ::
મો. ૯૬૦૧૨ ૭૨૯૬૫

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ. ફોન: ૨૬૫૨૬૧૨

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો





ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નંબર
૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
શિયાળાની ગુલાબી ઠંડી માટે ભેંસનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ મળશે તથા ગાયનું તાજુ ઘી આવી ગયું છે
વિજય ઘી ડીપો
ડબાગલી રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

રોયલ ગેસ સ્ટવ
૧/૨/૩/૪ બર્નર ના L.P.G. અને P.N.G. ઘર વપરાશના ગેરેન્ટી વાળા ચુલા દરેક કંપનીના મોડેલ માત્ર અમારે ત્યાં વિશાળ રેન્જ ધરાવતું એક જ નામ એટલે જ
રોયલ ગેસ સ્ટવ
એક્સચેન્જ ઓફર નો લાભ મળશે
જુના ચુલાનું વળતર મળશે
ઘરબેઠા રીપેરીંગ માટે સુવિધા મળશે
માંડવી ચોક, મોટી શાક માર્કેટ પાસે, મકન ગાંધીની દુકાન સામે, જૂનાગઢ
મો.૮૮૬૬૦ ૨૭૬૧૩

વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167
ધન્વંતરી આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર
હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ચિકિત્સા ધ્વારા સારવાર
વા-સાંધાના-સ્નાયુના દુ:ખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેકસ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...
સમય : સવારે ૧૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભૂતનાથ રોડ, જૂનાગઢ

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦
"સ્વાદનો એવો જાદુ જાાવે, વારંવાર મન લલચાવે"
: સુભાષ :
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

બેકરીની બધી જ આઈટમ ઘઉમાં મળશે સ્પે. પંજાબી પફ મળશેઆઈસ કેકનાં
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ